सदेवंत सावळींगानी

आठ भवनी [illegible]ता.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણદરવાજે.

અમદાવાદ.

શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ. ઠે. સલાપોસ દરવાજે.

સંવત ૧૯૫૬ સન ૧૯૦૦

सदेवंत ने शावळींगानी वारता.

દુાહા—સમરૂ સરસ્વતી સારદા માગુ હું મતી સાર જેથી જાય મુરખ-દશા પ્રગટે ગ્નાન નીરધાર, સત્યેરાજ રીદ્ધી મળે, સત્યે ઉગે ભાણુ સત્યે સુજસ પામે ઘણો, સત્યે કોટી કલ્યાણ. સત્ય થકી સજનભલા સત્યે વરશે મેહ, સત્ય-વંતતો સુખીયા સદા દુખ ન પામે તેહ, સત્યવંત તમે સાંભળો કથાકહું રસ ખા-ણ યુકતી જુકતી એહમાં, સમજો ચતુર સુજાણ. ચોપાઇ–સદેવંતને સા-વળીગા તણી, વાત કહું ભવ આઠતણી સાંભળજો તમે દેઇ કાન ના ભુલસો પો-તાનુ ભાન, હુંકારાવીણ વાત ન થય માગ્યા વગર ન પીરસે માત, મરણ વીના હૈયુ ના ફુટાય લગ્ન વગર ના ગીત ગવાય, શ્રોતા વકતા સુણજો સહું, યુકતી જુકતી જોડી કહું, સજન સાંભળીને હરખીત થાય દુરજનનુ મુખડુ કરમાય, ચોપાઇ–ત્રણ તાલની એક સમે પારવતીને શીવ, કઇલાસ વનમાં ગયા સદી-વ, અંખ્ય જુગની જોઇ વાવ્ય, તે બેઠા જઇ તેની માંય, કોઇ એક દીવસ તે વીશે શીવ પારવતી કઇલાસપૂરીને વીસે બેઠા છે તેવમાં પારવતીજીએ કહેવા માંડયું કે સ્વામી તમે મને દેશો દેશ અને વન દેખાડયાં પણ ઇશાન ખુણાનુ વ-ન દેખાડયું નથી માટે ક્રપાકરીને તે દેખાડો તે સાંભળીને શીવજી કહે છે કે શું જોવું છે ત્યાંતો પાણી અને પથર વીના બીજુ કાંઇ નથી માટે હૂં મારૂ ધ્યાન મુકીને નહી આવુ તેવારે પારવતી બોલ્યાં જો તમે મને દેખાડવા નહીં આવો તો હું અલોપ થઇ જાઇશ એવું સાંભળી શીવજીયે કહ્યું કે જો હુ તને દેખાડવા તો આવુ પણ તે વનમાં અનેક પ્રકારના ઝાડ તથા ફુલ અને જનાવર દેખીને તું કોઇ પ્રકારની હઠ કરે ત્યારે તે વારે પારવતી બોલ્યા કે માહારે તો કાંઇ હઠ નથી કરવી એમ કહેવાથી મહાદેવ પારવતીને લેઇને વનને વીશે ચાલ્યા જાય છે એવામાં અડધે રસ્તે આવ્યાં ત્યાં જુવે છે તો અનેક પ્રકારનાં ફુલથી વાડી અને પથરમાંથી પાણી પણ ખળ ખળ નીકળે જાય છે તથા કેટલાંએક પક્ષીઓ ઝીણેસ્વરેથી કરીને ગાય છે અને ઘણો સુગંધી પવન પણ મંદ મંદ વાયા કરે છે તેવું સુંદર વન જોઇને પારવતી આનંદ પામી કહેવા લાગી જે હે મહારાજ આ જગા ઘણી સરસ દેખાય છે પણ જયાંથી આ પવન થંડો આવે છે તે ઠેકા-

જો પાણી હોવું જોઇએ કારકે આશી ઠંડી લહેર આવે છે તે પાણી વગર આવે નહી તે સાંભળી મહાદેવ કહેછે અહીંયા અસંખ્ય જુગની નાળીએરી સાતસેં પગથીયાંની વાવ્ય છે, અને તેનું પાણી ગંગા નદી જેવું નીરમળ છે તેવારે પારવતી કહે કે એ વાવ્યમાં આપણે હવા ખાઇએ તે સાંભળીને શીવજી પારવતીને લઇને તે વાવ્ય જોવા ચાલ્યા તે જોઇ પારવતી ઘણી ખુશી થઇ અને કહે જે હે સ્વામી આ વાવ્યનું પાણી મને પાઓ તે વારે મહાદેવે એક સાગના ઝાડનુ પાંદડું લેઇને તેનો પડીઓ કરીને વાવ્યમાંથી પાણી ભરી લાવીને આપ્યું. **દોહરો** શીવ જળ ભરીને લાવીયાને, વળી આપ્યુ પારવતીને હાથ પીવા માંડયુ તે કામની તમે સુણજો સજન વાત, જે વખતે પારવતીને મહાદેવજીએ પાણી લાવીને આપ્યું તે પીવા માંડે છે તેવામાં એક ઝાડ ઉપર બેઠેલા જાનવરનું પ્રતીબીંબ તે પાણીમાં દીઠું તેથી ઉચે જોવા લાગી એટલે શીવજી બોલ્યા જે તું પાણી મંગાવીને પીતી નથી અને કેમ ઉંચું જુવે છે નીચુ જોઇને પાણી પીજા એટલે આપણ આપણે સ્થાને જઇએ તે સાંભળી પારવતી કહે કે આ ઝાડ ઉપર જાનવર બેઠાં છે તે ઘણાં શાંણાં અને સમજુ છે પણ હાલતો કાંઈ ઉદાશમાં હોય તેમ લાગે છે; માટે તેનુ શું કારણ હશે. શીવજી કહે કે હે સ્ત્રી તેવાં વાંદરાંતો ઘણાં ફરેછે એની વાત કહેવા બેસું તો છ માસમાં પુરી ન થાય તે સાંભળી પારવતીને રીસ ચડી તેથી પેલા પડીયામાં લાવ્યા હતા તે પાણી ફેંકી દીધું અને માંખીનું રૂપ લઇને શીવની જટામાં સંતાઇ ગઇ તેથી મહાદેવ પોતે ગાંડા થઇને ધુણવા લાગ્યા અને પારવતીની ખોળ કરવાને વનમાં ફરતાં ફરતાં જેમ જેમ પારવતીને ન દેખે તેમ તેમ વધારે ધુણવા માંડ્યુ.

દોહરો—પાત્ર પાણીનુ ફેકયું ને વળી લીધો માંખીનો વેશ: શીવજી-પારવતીને ખોળવાને, કાંઈ ફરતાં ગાંડેરૂ વેશ ત્યારે પછી શીવજી કાલાવાલા કરી કહે કે હું તારાથી થાકયો તું જે કહીશ તે કરીશ. એવું સાંભળીને પોતાનું સ્વરૂપ કરીને શીવ શામી ઉભી હવે શીવજી કહે હે પારવતી તું કયાં ગઇ હતી તારા વગરતો હું ગાંડો થઇ ગયો હતો, તે હવે તને દેખીને ભાન ઠેકાણેઆવ્યું હું તને ખોળી ખોળીને થાકયો માટે કયાંથી તું આવી ? પારવતી કહે જે હુતો તમારી પાસેને પાસેજ હતી હવ મને પેલા વાંદરાની વાત કહી સંભળાવો. હવે શીવજી કહે છે અને પારવતી સાંભળે છે. **ચોપાઇ**—શીવ કહે તું સાંભળ નાર, અનુક્રમે કહું આઠ અવતાર; પેહેલો બ્રાહ્મણ બ્રાહ્મણી સાર, બીજો ચકવો ચકવી નરનાર ત્રીજો હરણો હરણી કહી, ચોથો મોર મોરડી થઈ પાંચમે હંસ હંસલી સાર;

છઠે રાય રાણો અવતાર. સાતમે વાંદર વાંદરી થયાં વીજોગથી બહુ દુખીયાં રહ્યા. આઠમે થશે નર અવતાર, તે બધો કહુંછું વિસ્તાર, વિજોગ મટી જશે સંજોગ દુખ ટળી થાશે સુખ થોક. **સોરઠો**—ગયા સાત અવતાર, વીજોગે નર નારના; સંજોગ અવસર સાર, આઠમો થાશે હવે. આ સાંભળીને પારવતી કહે, જે આ તો તમે મોઘમ વાત કહી; પણ તેના આઠ અવતાર, શી રીતે થયાં અને શા થકી વીજોગ થયા તે સરવ કહો નહીતો સંતાઈ જઇશ; શીવ કહે અરે એકવાર સંતાઈ જઈને મારૂ દીલ ઉદાસ કરી નાંખ્યુ ને વળી એ શું બોલી તું કહે તેમ કરૂં મહાદેવ કહે છે. **દોહરો**—આજ ઓછંગ થકી થયા, પ્રગટ સારદા આપ નારદ ત્યારે પછી થયા મુની મહા પ્રતાપ, શધે શુકલપક્ષ તણો દીન દીન વાવે જેમ. અભરક ઉછરે એમ, એ અતી પ્રમતીના તેમ પુત્ર પુત્રી જ્યારે થયા પાંચ વરસની જોડ, બાળક હઠ લીધી રમત રમવાના કોડ. પાંચ વરસનાં નારદને સરસ્વતી એ થયાં કોઈ સમાને વીશે રમત રમતાં બંને રોઈ પડયાં તે શબ્દે શીવજી ધ્યાંન ચુકયા વેદ ભણુતા બ્રહ્મા ભુલ્લા અને સાગરમાંનુ પાણી ઉછળવા માંડયુ ત્યારે બ્રહ્મા અને સાવંતરીએ આવીને છાના રાખવાને ઘણા ઉપાય કર્યાં લંકટા, કાચકા, ભમરડા, મોર ચકલી વીગેરે ઘણાં રમકડાં આપ્યાં પણ રોતાં રહ્યાં નહી અંતે બ્રહ્માએ બે પૂતળીઓ કરી તેમાં મરદની પુતળી નારદને સ્ત્રીની પુતળી સરસ્વતીને આપી તે જોઇને છાનાં રહ્યાં.

દોહરો—નગર નામ ધારાપૂરી, વસે વિપ્ર ત્યાં એક; તેને નહી પેટ સંતાન કંઇ, માટે ધર્યો વીવેક. પાંડાશી પણ તેહનો; હતો વાઝીયો આપ; તે પણ દીન રંજન કરે, ઉરમાં અતી વીલાપ. તપ આદરી ને અજતણુ, ઉરધરી ઓશ અપાર; વીચાર કરીને બે વળ્યા બ્રાહ્મણ વન મોઝાર. આ બે બ્રાહ્મણને તપ કરતાં ઘણાંક દીવસ થયા ત્યારે બ્રહ્મા પ્રસન થઇ માગો માગો બોલ્યા ત્યારે એકે પુત્ર માગ્યો ને બીજાએ પુત્રી માગી, બ્રહ્માએ કહ્યું કે તમારા કરમમાં નથી તે કયાંથી આપું ત્યારે બંને બોલ્યા કે તમારા જેવા મળે કરમ આગળ રહ્યુ ત્યારે તમે દેવ શાંના? છેવટ પેલી બે પૂતળીઓ આપી એટલે ખુશી થઇને ઘેર ગયા ને સ્ત્રીને નવ મહીના વીતે પૂત્ર થયો ને બીજાની સ્ત્રીને પેટે પુત્રી થઇ. આ બંને બાળક સાત સાત વરષનાં થયાં એટલે પરણાવી દીધાં પછી પુત્ર અગીયાર વરસનો થયો ત્યારે કાશીએ ભણવા મોકલ્યો ત્યાં વિઘા શીખીને ધન રળીને પોતાના ઘર તરફ આવે છે એટલામાં એક ગામ આવ્યું ત્યાં તેનો સાસરો મળ્યો તે પોતાને ઘેર લઈ ગયો અને તેના સારૂ રસોઇ કરવા છોડીને તેના સ્ત્રા-

મી પાસે મોકલી .ભટજી સ્ત્રી એકાંત ઠેકાણે જઈ સુઈરહયાં પણ સંસારની વા-
તમાં સમજ્યા નહીં ત્યારે સ્ત્રીએ તેને શીખવ્યો હવે કેટલાએક દીવસ પછી
પોતાની સ્ત્રી સાથે લઇને બાપના ગામ તરફ જાય છે રસ્તામાં બંનેને બહુજ
તરસ લાગી પણ પાણી કાંઇ દીઠું નહીં પછી એક બાવાની તુમડીમાં પાણી
દીઠુ તે માગવાથી બાવાએ આપ્યું તો ખરૂં પણ તે નવટાંકને આશરે હતુ તે-
થી સ્ત્રી કહેકે પાણી તમે પીઓ અને પુરૂષ કહેકે તું પી એમ કરતાં કંઠ સુ-
કાયાથી બંને મરણ પામ્યાં. એવામાં પારવતી બંનેને મરેલાં જોઇને શીવને ક-
હેવા લાગી જે આને સજીવન કરો ત્યારે શીવ કહે સજીવન કરૂં તો ખરો પણ
આગળ પાછાં મને નડશે માટે તું હઠ મુકી દે પારવતી કહે ગમે તે થાય પણ
એ બંનેને જીવતાં કરો. પછી પાણી મંત્રીને છાંટયું એટલે સજીવન થયાં અને
તુમડી તે શીવના પ્રભાવથી પાણીથી ભરાઈ ગઇ તે જોઇને બ્રાહ્મણે પોતાની
ઝોળીમાંથી લાડવા હતા તે કહાડીને ખાધા અને તુંમડામાંથી પાણી પીધું અ-
ને ગામની ભાગોળે આવીને શીવના દેહેરામાં ઉતરયા એવામાં વીષય કરવાની
તેમની મરજી થઈ જગાની સંકડાશને લીધે શીવનું લીંગ તેમને અડચણ કર-
વા લાગ્યું તે ઉખેડી નાખ્યું અને ભોગ કરવા મંડયા. **છપ્પો**—કામીને નહી
શરમ કામીજન ધરમ ન ધારે કામીને નહીલાજ, કામીજન મરે ને મારે કામીને
નહી ભાન કામી તે કાંઇ ન વિચારે કામીને નહી સુધ જ્યારે કામાતુર થાએ
કામી કરમ કરે ઘણું ન ગણે પુનકે પાપ કામી સમો પાપી નહી કહુછું સાચી
વાત તે વારે શીવજી પારવતીને કહે જે મેં તને કહ્યું નહોતુ કે આને જીવાડવા
થી હરકત કરશે જો મારી મુરતી એણે ઉખેડીને ફેંકી દીધી તે વારે પારવતી ક-
હેકે તમે તમારૂં સ્વરૂપ બદલીને તેના પાસે જઈ બીવરાવો પછી શીવજી બા-
વાનો વેશ લઇને આવીને કહે અરે દુષ્ટ તમે નીકળો નહી તો શ્રાપ દેઈશ પેલા
બંનેજણ કહેકે અહીઆં તારા બાપનું શું થાકેછે એ રીતે કહીને બંને જણ માર-
વા મંડયાં તેથી શીવજીએ શ્રાપદીધો કે તમારા સાત ભવ વિજોગમાં જજો તે
સાંભળીતાં વાતજ બે જણાં ભાન વગરનાં થઇ ગયાં અને ત્યાથી બેઠાં થઇને
વિચાર કરવા મંડયા કે આપણે કાશીએ જઇ કરવત મુકાવીએ એવો વિચાર
કરતાં કરતાં વહાણું વહી ગયું ને તે સ્ત્રીનો ધણી ગામમાં ખાવાનું લેવા ગયો
એવામાં રાજાનો કુંવર રમવાને નીકળ્યો હતો તે ત્યાં આવી ચડયો ને સ્ત્રીને
જોઇ કામવશ થયો અને કહેજે તુ મારી રાણી થા અને મારે ઘેર ચાલ જો સ-
મી રીતે આવીશ તો ઠીક છે નહીતો જબરાઇથી લઇ જઇશ તે સાંભળી સ્ત્રીએ

વીચારયું કે હમણાં તો ગયા વગર છુટકો નથી એમ ધારી તે કુંવરની સાથે ગ-ઈ અને કહેજે હાલ મારે છ માસનું વરત છે કુંવરે તેને એક મેહેલ રહેવા સારૂ આપ્યો હવે તેનો ધણી આવીને જુવેછે તો પોતાની સ્ત્રી દીઠી નહી તેથી દુઃખ પામ્યો અને કાશીએ જઈ કરવત મુકાવ્યું હવે એક રાતે પેલી સ્ત્રી મેહેલ-માંથી નીકળી પુરૂષનો વેશ પેહેરીને ઘોડે બેઠી તેને એક રાવતે દીઠી તે પાછ-ળ પડયો થોડેક દૂર ગયા પછી પેલીએ દીઠો રાવતને ત્યારે વિચારયું કે આ મારૂ શીર કપાવશે માટે એને બોલાવું ખરી એમ ધારીને કહ્યું કે તું કોણ છે. રાવત કહે હું રાજાનો ચાકર છું પણ જો તું મારી સ્ત્રી થાયતો તને કાંઈ દુખ આવવા નહી દઉં ત્યારે તેણે વિચારયું કે હાલ તેની મરજી મુજબ હા કહુ ને પછી એનો ઘાટ ઘડીશ એમ ધારી તેને સાથે રાખ્યો તેવામાં એક ગામ દેખીને પેલા રાવત ને કહ્યું કે ખાવાનું લઇ આવ પેલો રાવત ભરૂસો રાખીને ગામમાં ગયો તેજ વખતે પેલીએ ઘોડો સટકાવી દીધો તે કાશીએ ગઈ ત્યાં કરતવાળાને પુછ્યુ કે ભાઇ અહી કોઇ બ્રાહ્મણ આવ્યો હતો તેને માહાદેવે શ્રાપ દીધો હતો કે તારા સાત ભવ વીજોગે જજો તેથી તેણે મને કહ્યું કે મારો શ્રાપ નીવારણ કરવા ક-રવત મુક તે વારે મે કહ્યું કે મહાદેવજીનો શ્રાપ મટશે નહિ અને તું કરવત મુ-કાવીશ તો એક ભવનું ફળ દેહ મુકયાનું મળસે એમ કહીને કરવત મુકાવ્યું તે-ને થોડી વારજ થઇ છે તે સાંભળીને સ્ત્રીએ પણ ઘોડો અને બીજો સામાન ધ-રમ કરીને પોતે પણ કરવત મુકાવ્યું ત્યાંથી મરીને બંને જણ ચકવી અને ચ-ક્વો થયાં ને વનમાં રહેવા લાગ્યા એવામાં તે બંને એક ઝાડની ઘટા ઉપર બે-ઠાં છે ત્યાં એકદમ દવ લાગ્યો તે બળતાં બળતાં ઝાડની નજીક આવ્યો અને તે પણ બળવા માંડયું તેથી તેના પાંદડાં બળી નીચે પડવા લાગ્યાં તે માંહોમાંહે એક બીજાને કહેવા લાગ્યાં

દોહરો.—પાન વછુંટયાં જોને ડાળશુ ને વળી સુણો વનના રાય; અબ આપના કબ મીલગે હમ દૂર પડંગે જાય. પાંદડાં કહેછે અરે ભાઇ આપણે જુદા પડીએ છીએ તે હવે કયારે મળીશુ ત્યારે ઝાડ બોલ્યું કે આપણું મળવું તો ઘણું મુસ્કેલછે કારણ કે તેમાં આપણો કાંઇ ઉપાય ચાલવાનો નથી કે અ-હીંથી બચીએ પણ પેલા જાનવર બીચારાં બેઠાં છે તે કાંઇ કરતાં ઉડી જાય તો જીવતાં રહે; **દોહરો**—દવ બળતો તે દેખીનેરે, કાંઈ તરૂવર ડગે સુણ રાય અમે તો બળીએ પાંખો વીના, ભુડા પંખી ઉડી કેમ ન જાય. આ સાંભળી પંખી કહે. **દોહરો.**—ફળ ખાધાં ને વળી ઘર કરયાં ને વળી બેસીએ રોજ

તમારી ઝળ; તમે બળોને અમે ઉડીએ તે પ્રીત કેમ મરખાય.' હળદી તો જ-
લદી તજે, ને વળી ચુનો તજે સફેત, દોનુ મીલે કંકુ ભયા માટે બલીહારી તેનુ
હેત. એમ કહીને બંને બળી મુઆં ત્યાંથી ત્રીજા ભવમાં હરણ અને હરણી થયાં
તે ઘાસ ચરવાને જાયછે તેવામાં એક પારધીએ તેમને ઘેરયાં તે વેળા હરણો
કહે. **દોહરો.**—પાપી પારધી ક્યાંથી આવીયોરે કાંઈ લેવા અમારા પ્રાણ,
વગર વાંકે અમને મારીશ તો તેમાં તાહારૂ શું સરશે કામ, પારધી હુંતો પા-
પી છું નહી. પણ મોકલ્યો રાજાએ મને અહી ભક્ષણ કરવા તેહને, હુંતો લઇ
જઇશ તમને તાંહી હરણી ભાઇરે વીરા પારધી, તું કાંઇ દયા કરીને મને છોડ;
સ્વામી મારો નાશી ગયો, કે જેથી ભાગી પડીરે મારી જોડ, એવી રીતે હર-
ણીનું બોલવું જોઇને પારધીને દયા આવી તેથી તેને છોડી દીધી પછી તે હર
ણી હરણને ખોળવાને નીકળી, એક પરવત પાસે તે હરણને મુવેલો દીઠો તેથી
પોતે પણ માથુ કુટીને મરણ પામી ત્યાંથી મરીને હંસ હંસલી થયાં. તે એક
દીવસ વનમાં રમવાને નીકળ્યાં હતાં તેવામાં એક મોટો નાગ આવ્યો તે બંને
ને ગળી ગયો તે વખતે બંને જણે પરમેશ્વરનું નામ સંભાર્યુ તેથી મરીને
હંસનો જીવ દેવપુર નગર વીશે સતવાન રાજાથી કુરમતી સ્ત્રીને પેટ દીકરો થયો.
તેનું નામ વલભ પાડયું અને હંસલીનો જીવ રામપુર નગરને વીશે સુંદર રા-
જાની સ્ત્રીને પેટ દીકરી થઇ તેનું નામ ગુણવતી પાડયું હવે તે ગુણવંતીના
બાપે તેનો વીવાહ તે વલભ કુવરના સાથે કીધો અને તેની માએ તથા તેના ભા-
ઇએ અને કાકાએ જુદે જુદે ગામ વીવા કીધા એવામાં લગ્નને વીશે તે ચારે
જણા પરણવા આવ્યા તે માંહો માંહે લડવા મંડયા તે જોઇને ગુણવતી કન્યા
ક્રોધ કરીને વિચારવા લાગી જે માહારા વાસ્તે આ બધા લડી મરે છે માટે
મને ધીકાર છે એમ ધારીને અગનીમાં બળી મુઇ. તેની સાથે એક જણ મોહ
કરીને ભેગો બળી મુઓ અને બીજો રાજ છોડીને દેશાંતરે નાશી ગયો ત્રીજો
તેના હાડકાને રાખ ગંગામાં વેવરાવી આવ્યો અને ચોથો વલભ નામનો કુંવર
પોતાને ઘેર જઇને સ્ત્રીનો પીંડ મુકીને જમવા લાગ્યો હવે જે દેશાવર નાશી
ગયો હતો તેને વનમાં ફરતાં ફરતાં એક જોગી મળ્યો તેને કહેજે મહારાજ હું
દુખીઓ છું માટે આજની રાત તમારા મઠમાં સુવાદો. બાવો કહે એ સામી
ઝુપડીમેં સોજા પછી સુતો. મધરાતને સમે પેલાને ઊંઘેલો જાણીને બાવો ઉઠીને
એક ભોંયરામાંથી મડદુ લાવ્યો તે મડદુ એક બાદશાહની ઓરતનું હતું તે
જોગી કબરમાંથી કહાડી લાવેલો હતો તે દહાડે ભોંયરામાં મુકી આવતો અ-

ને મધરાતે પોતાના મઠમાં લાવીને અમરીત છાંટી સજીવન કરીને તેની સાથે ભોગ કરતો તે પેલા રાજાના છોકરાએ દીઠુ એટલે વીચાર કરવા લાગ્યો કે એ જાગીએ જે પાણી છાંટયું તે ક્યાંથી અને ક્યાં મુકે છે તે જોવું જોઇએ એમ ધારી હળવે રહીને બહાર નીકળી જોગીને અમરીતનો સીસો મુકતાં દીઠો તે જોઇને પોતે સુઇ રહયો. સવારમાં જોગી ફરવા નીકલ્યો તે વેળા પેલા રાજ કુંવરે છાનોમાનો અમરીતનો સીસો બાવાના મઠમાંથી ચોરી લીધો અને જ્યાં સ્ત્રી બળી મુઇ હતી ત્યાં આવીને સીસામાંથી અમરીત છાંટયું એટલે બને બળી મુવેલાં સજ થઇને ઉઠયાં તે વાતની ગામો ગામ ખબર થવાથી પ્રથમની પેઠે ચારે જણ એકઠા થઇને જુધ કરવા માડયું તેવામાં તે કન્યાના બાપે નગરમાંથી મોટાને હુશીઆર સાહુકારોને બોલાવીને કહ્યું કે તમે પંચાત કરો જે આ કન્યાનો વર કીયો તે સાંભળી પંચાતીએ ખુબ વીચાર કરીને કહ્યું જે સાંભળો જેણે જીવતાં કરયાં તેતો બાપ થયો અને જે નદીમાં નાંખી આવ્યો તે દીકરો થયો અને જે દીકરો હોય તેજ વહેવરાવે અને તેનાં ભેગો બળી મુવો હતો તે પાછો તેનીજ સાથે જન્મ પામ્યો તેથી તેતો ભાઈ થયો અને જે પીંડ મુકીને ખાતો હતો તે સ્વામી થાય માટે તેને પરણાવવી જોઇએ એ રીતે પંચાતીએ ઇનસાફ કીધો ત્યારે રાજાએ વલભ કુંવરને તેની દીકરી પરણાવી તે પોતાના નગરમાં ગયો એક દીવસે તે સ્ત્રી ભરથાર બંને જણ ગામ બાહાર હવા ખાવાને ગયાં છે ત્યાં એક મોટો વાઘ આવ્યો તે રાજકુંવરને મારી નાંખીને જંગલમાં લેઇ ગયો એટલે રાણી જંગલમાં ખોળવા ગઇ તે ઘણા દીવસ ભુખી તરસી ફરતી એક પાહાડની નજીક આવીને વીચાર કરેછે કે કદી વાઘ મારા સ્વામીને ખાંઇ ગયો તો નહી હોય એટલામાં એક ચોરે તે બીચારીને લુંટી લીધી તેથી ઘણું દુખ પામીને એક કુવામાં પડી ને મરણ પામી તે વાંદરી થઇ ને રાજકુંવર પણ મરીને વાંદરો થયો ને વાંદરો ને વાંદરી આ ઝાડ ઉપર બેઠા એજછે એ જીવોને તે મારા શ્રાપથી છ ભવ સુધી દુખ પડયું માટે હવેતો તેમનો વીજોગ ટાળી સુખી કરો તે વારે માહાદેવજી કહેજે હે પારવતી તું ધીરજ રાખ હવે એમને ધીરે ધીરે સુખ થશે પારવતી ધીરે ધીરે સઘળુ કામ થાય છે. માળી ચાહે તેટલું પાણી ઝાડને સીચે પણ રૂતુ વીના ફળ કદી થાયજ નહી માટે જે વારે એમને માણસોનો ભવ હવે આવશે તે વારે સુખ અને સંજોગ થશે ત્યારે પારવતી કહે હે મહારાજ તેમને માણસોનો ભવ તમે આપો તે વારે શીવ કહે છે જે આ વખત અમરત ચોઘડીયું છે માટે હમણાંજ

આ વાવમાં આ બંને જણુ પડે તો માણુસ થઇ જાય એવો આ વાવનો મહીમા છે. શીવે કહેલું પેલી વાંદરીએ સાંભળ્યું વાંદરાના સાંભળવામાં આવ્યું નહીં તેથી વાંદરી વાંદરાને કહે છે હે વાંદરા આપણુને શીવે કહ્યું તેથી વાવમાં પડીયે તો મનુષ્ય થઇએ વાંદરો કહે છે, હે સ્ત્રી એમને ઇશ્વિર કેમ કહેવાય એવા તો રાખ ચોળી જટા વધારી લંગોટ્ય વાળી ઘણાએ બાવા રખડે છે માટે હું તો નહી પડુ જો એવાનુ કહ્યું કરીએ તો જીવ ખોઇએ પછી વાંદરીએ ઘણુંએ કહી સમજાવ્યો પણ વાંદરાએ માન્યું નહી એટલે થાકીને વાંદરી એવામાં શ્રી રામ કહીને પડતું મુકયું પડતાં વાંતજ સોળ વરસની ઇંદ્રના ઘરના જેવી અપછરા થઇ રહી તેમાં પોતે નગન શરીરે ઉભી છે પછી વાંદરો તે સ્ત્રી જોઈ મહા મોહીત થઇ ગયો ને પોતે તેની પાછળ વાવમાં પડવા માંડયું એટલે સ્ત્રી બોલી હે ભૂંડા વાંદરા હવે તું પડીશ તો મરી જઇશ કારણકે પળ ગઇ જો તું મારી સાથે પડયો હોત તો તારૂ કામ થાત એવું સાંભળી વાંદરો મનમાં મનમાં ઘણો પરતાપ શોક કરવા લાગ્યો ને સ્ત્રીને કહે છે હે ભુંડી હવે મારા શા હાલ થશે. તને તો આવી રૂપવંતી જોઈ રાજા લઇ જશે ને મારે તો ડાળે ભટકવું પડશે, ત્યારે સ્ત્રી બોલી કે તું શીદને ચીંતા કરે છે તને મુકીને કદી હું જઇશ નહી તું પહેલેથી તક ચુકયો ને હવે વીમાસે શું વળે હવે તો તું વનમાં જઇ વનફળ લઇ આવે તો આપણે બંને ખાઇએ. પછી વાંદરો વનફળ લેવા ગયો એવામાં હીરાસેન રાજા મનરંજનો પ્રધાન તથા એક ધાંયજો ત્રણ જણ શીકાર રમી પાછા ઘેર જતા હતા તેઓ વાવ ઉપર આવ્યા ને વાવની પાસે એક વૃક્ષ હતુ ત્યાં જઇ બેઠાને રૂપાની જારી ધાંયજાને આપી તેને વાવમાં પાણી ભરવા મોકલ્યો પછી ધાંયજો ઝારી લઇ જેવો વાવ્યમાં એક બે ત્રણ પગથીયાં ઉતર્યો એટલે પેલી સ્ત્રીએ ધાંટો કાહાડીને કહ્યું કે ખબરદાર કોણ આવે છે તે ધાંયજાએ ઓચીંતો અવાજ સાંભળ્યો ને બીન્યો તેથી હાથમાંથી ઝારી પડી ગઈ ને ધાંયજો ધુજતો પોતે ઉઘાડે માથે રાજા પાસે આવ્યો રાજાએ પુછ્યું પાણી લાવ્યો ધાંયજો કહે મહારાજ બળ્યું તમારૂં પાણી હું તો મારા છોકરાના નસીબે માંહીથી જીવતો આવ્યો હું અહીં ઉતર્યો ને એકાએક એવો મોટો ભયંકર અવાજ થયો કે તે સાંભળી છળી મુઓને ઝારી હાથમાંથી વાવમાં પડી પાઘડી માથેથી પડી ગઇને મારા જોડા મુકી નાઠો છું તે હજુએ સમો વળ્યો નથી તે સાંભળી રાજા ઢાલ તલવાર લઇ વાવ ઉપર આવ્યો ને વાવમાં એક પગથીયું મુકીને બીજે પગથીએ ઉતર્યો કે મહીથી ગણુગણાટ કરતો અવાજ થયો

તે સાંભળી ત્યાં રાજા ખમચાઇ ઉભો રહ્યો પછી સ્ત્રી માંહેથી બોલી કે કોણ આવે છે હું નગ્ન છું રાજાએ કહ્યું ડાકેણ કે ચુડેલ છે ત્યારે તે બોલી કે હું દુઃખની મારી સ્ત્રી છું પણ અણવસ્ત્રી છું ને તમે પુરૂષછો તેથી તમને ના કહુંછું પછી રાજાએ પોતાને ખભે દોપટો હતો તે વાવમાં નાંખ્યો એટલે તે લેઇ પેહેરીને ઉભી રહી. પછી રાજા હીંમત ચલાવી વાવ્યમાં ઉતર્યો ને જુવે છે તો મહારારૂપવંતી કોઇ ઈંદ્રની અપછરા જેવી સ્ત્રી દીઠી તેને જોઈ રાજા અંજાઈ ગયો અને સ્ત્રીને કહ્યું કે તું મારી સાથે ચાલ હું રાજાછું તારે જે જોઇશે તે હું આપીશ સ્ત્રીએ કહ્યું કે તમે મને વચન આપો પછી રાજાએ વચન આપ્યું એટલે સ્ત્રીએ કહ્યું એક વાંદરોછે તે મારો પ્રાણછે તેને સાથે રાખવો ને બીજુ એકે હું તમારી સાથે ૬ માસ પછી લગ્ન કરીશ રાજાએ કહ્યું એમ કરજે પછી ધાંયજો રાજાના કહેવા પ્રમાણે ગામમાં જઇ રથ લઈ આવ્યો એટલે રાજા સ્ત્રીને કહેછે કે આમાં બેસો હવે પેલો વાંદરો વનમાં ગયો તે નથી આવ્યો માટે સ્ત્રી વાર કરેછે કે જો તે આવે તો હું તેને સાથે તેડી જઉં ને રાજા ઉતાવળ કરેછે. પછી સ્ત્રી હાથ જોડીને વાવને અરજ કરેછે કે હું હવે તારૂ દર્શન કયારે કરીશ એમ કહી વાવ્યને કહેછે હે વાવ્ય માતા તું મારે નગર આવતી હોય તો તારાં પગથીયાં સોને જડાવું એટલામાં રાજાએ હાક મારી પણ પેલો વાંદરો ન આવ્યો પછી પોતે બહાર જઈ રથમાં બેઠી એટલે શીપાઇઓએ પડદા નાંખી દીધા ને રાજા ગામ ભણી ચાલ્યો એવામાં પેલો વાંદરો ફળ લઇને આવ્યો તો સ્ત્રી દીઠી નહી એટલે શોકાતુર થઇ ફળ નાંખી દીધાં ને કુદકો મારી ટોચ ઉપર ચડયો પછી લાંબી સરતે જુવે છે તો રથ જતો દીઠો તેથી જાણ્યું કે મારી સ્ત્રી જાય છે પછી રીસ ચડાવી પુંછડું ઉચું કરી હુકાહુક કરતો ને દાંત કરડતો થેકડા મારતો ચાલ્યો ને રથ પાસે આવીને કરોધ કરી રથપર જાયછે એટલે શીપાઇએ હાંકવા માંડયો તેથી વધારે રીસ કરી. શીપાઇ ઉપર દાંત કચડતો સામો ધસવા લાગ્યો એવામાં સ્ત્રીએ અવાજ સાંભળ્યો એટલે રાજાએ કહ્યું કે હે મહારાજ તમારૂં વચન તે આવુંજ કે શીપાઇઓને વારો કે તમે એને મારશો નહી. એવામાં સ્ત્રીએ પડદો ઉઘાડી બાર મોંહો કાઢી જોયું એટલે પેલો વાંદરો થેકડો મારી રથમાં પેશી ગયો તે પછી રાજાએ રાણીને એક દંડીયા મેહેલમાં રાખી રાણી પોતાના વાંદરાને સોનાની સાંકળ બાંધી રાખેછે. રાજા કોઇ વખત પાસે જાય તો સામાં ખુરશી નાંખીને બેસવું પડે જો રાણીના થડમાં જવા જાયતો વાંદરો ડોળો કહાડી કરડવા જાય. પણ રાજાને

રાણીપાસે આવવા દે નહીં, પછી રાજાયે વીચાર કરયો કે આ વાંદરો જાય તો પછી નીરાંતે વાત થાય. નહી તો એ આપણને જંપવા દેશે નહી એવું જાણી માનીતી રાણી પાસે આવ્યા ને કહ્યું કે આ સ્ત્રી પાસેથી વાંદરો આઘો કઢાવો તો ઠીક કેમકે મેતો એનેં વચન આપ્યુંછે તેથી મારાથી કહેવાય નહી, ને તમે એ વાતો સમજાવી કહો, ત્યારે માનીતી રાણી કહે એમાં તો શું? જઇને એક ઘડીમાં કઢાવુંછું એમ કહી લુગડાં પેહેરી તે રાણીને મેહેલે ગઈ ત્યાં રાણીએ માન*આપી પોતાની પાસે બેસાડયાં પછી માનીતી રાણી કહે બાઈ આ જનાવર આપણા દરબારના પાંજરામાં મોકલો ત્યાં ઘણી જાતનાં જનાવર પાળેલાં છે તે ભેગો રહેશે તમે તેને પાંસેને પાસે શું રાખી મુકોછો. કોઈ જુવેતો એમ કહે કે રાણીને બીજા કાંઇ જનાવર ગમતાં નહી હોય કે તે આ વાંદરો પાળેછે. એના વગર દરબારમાંથી મેના પોપટ એવી તરેહનાં જનાવર લાવીને પાંજરામાં રાખો. ત્યારે રાણીએ કહ્યું કે એને એક ઘડી પણ મારાથી અળગો નહી કરૂં ત્યારે માનીતીને રીસ ચઢી ને લાંબો હાથ કરીને કહ્યું કે બળ્યા તમારા ઢંગ આવું કદરૂપ જનાવર તે પાળતાં હઇશું. તેવું વાંદરાએ સાંભળ્યું એટલે રીસથી પેલી માનીતી રાણી ઉપર છલંગ મારીને તેનુ નાક કરડી ખાધું માનીતી રાણી લોહી ચુતી જીવ લેઇને નાઠી ને રાજા પાસે આવી કહ્યું કે મારૂ નાક ગયું રાજા મહા કોપાયમાન થયો કે કોક દીવસ આપણો પણ એ ઘાટ થશે માટે હવેતો એને નક્કી કાઢવોજ એવું નકકીજ કરયું એટલામાં એક મદારી રમત રમવા આવ્યો રાજાએ મદારીને કહ્યું કે તું રાણીને ખુબ ખુશી કર કે તને રાજી થઇ કંઇ વચન આપે તે વચન લેઇ તુ રાણી પાસે જે વાંદરો છે તે માગી લે એમ કહી રાજાએ મદારીને પચાસ રૂપીઆ આપ્યા તે લેઈ મદારી રાણીના મહેલ સામે આવી રમત કરવા માંડી એટલે રાણી વાંદરાને લેઇ ઝરૂખામાં આવી બેઠાં પછી મદારીએ ખુબ રમુજી રમત કરી રાણી પાસે વચન માગ્યું રાણીએ વચન આપ્યું એટલે મદારી કહે કે આ વાંદરો છે તે મને આપો રાણીંએ વીચાર્યુ કે ના કહુંતો વચન જાય તેથી વાંદરો આપ્યો ને કહ્યું કે આવજે હું તને કંઈ ઇનામ આપીશ હવે મદારી વાંદરો લઇને જાય છે જતાં જતાં વાંદરો રાણીને કહે છે હે સ્ત્રી તું હવે ખા પીને મજા કર, હું તો હવે જાઉંછું વાંદરાની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે તે જોઇ સ્ત્રી કહે છે. હે વાંદરા તુ વળી ચુકયો ને હવે બોલે શું થવાનું, તને મારી પ્રીતડી શાલે છે ને મને તું રૂવે છે તે તારાં નેણ સાલેછે પછી મદારી વાંદરોને લઈ ઘેર ગયો છ મહીના

થયા એટલે રાજાએ પરણવાની તઈયારી કરી લગ્નના બે ત્રણ દીવસ બાકી રહ્યા છે એટલાનાં પેલો મદારી આવ્યો રાણીએ પોતાના સોનેરી ચોકમાં રમવા બોલાવ્યો રાજા પણ પ્રધાન સાથે લઈને આવ્યો તે મદારીએ રમત ચાલતી કરી તેણે વાંદરાને ખુબ રમાડયો તેથી રાજી થઇ રાણી અને રાજાએ સીરપાવ આપ્યો. પછી મદારીએ વાંદરાને કહ્યું કે, તું રાજાને સલામ કર એટલે વાંદરાએ રાજાને સલામ કરીને રાણીને સલામ કરવાનું કહ્યું એટલે પુઠ ફેરવીને બેઠો, તેથી મદારીને રીસ ચડી એટલે વાંદરાને પાંચ સાત લાકડી ઝપાટી દીધી તેથી વાંદરાની આંખમાંથી આંસુ આવ્યાં તે જોઇ રાણી કહેછે હે વાંદરા તારાથી ફાળ ન ભરાઇ તેથી તને દૂ:ખ પડે છે ને તારાં આંસુ જોઈ મારા શરીરે ઝાળ ઉઠે છે. પછી રાણીએ પોતાનો નવ લાખનો હાર હતો તે તોડી નાંખ્યો એટલે મદારી વાંદરાને મારતો છુટો મુકી મોતી વીણવા લાગ્યો વાંદરો છુટો થયો એટલે વીચાર્યું કે રાંડ પોતે સુખ ભોગવે છે ને મને માર ખવરાવે છે માટે લાવ લાગ આવ્યો છે તેથી કુદી રાંડનું ઠોકું મરડી નાંખું એમ ધારીને થેકડો માર્યો ને એક ધાબુ ઝાલ્યુ પણ ધાંબુ તુટી પડયુ એટલે તે નીચે પડયો ને તરતજ પ્રાણ નીકળી ગયો તે જોઇ રાણીએ મદારીને કહ્યું.

ચોપાઇ.—તોડું રે નવસરહા ભુડા મોતી વીણવા રહ્યો, હમણી હતો કરમાંહ્ય, મદારી વાંદર કયાં ગયો. મદારી વાંદરા સામુ જુએછે તો મરી ગયેલો દીઠા પછી રાણી વાંદરાને મરી ગયેલો જોઇ વીચાર કરેછે, કે મારો જે જન્મ ધણી તે મરી ગયો તો હવે તેની સાથે પ્રધાન ગણ ઉઠયો રાણી પડી એટલે રાજા પડયા ને પ્રધાન રાજાને ઝાલવા ગયો તે પણ પડયો એવો બનાવ જોઇ મદારી ગભરાઓ કે હવે મારી શી વલે થશે માટે, હું પણ એકદમ અહીંથી જાઉં, એવી રીતે ત્યાં આગળ પાંચે મરી ગયાં. હવે વાંદરો મરીને રાજા શાલીવાહનને પેટે અવતર્યો, તેનું નામ સદેવંત પાડયું,ને તેજ ગામના નગરશેઠ પદમશાને ઘેર અવતરી તેનું નામ શાવળીંગા પાડયું. અને જે હીરાસેન રાજા હતો તેનું મનતો પરણવામાં ને પરણવામાં રહી ગયું તેથી પારા નગરમાં માણેકચંદ શેઠને ઘેર અવતર્યો તેનુ નામ રૂપાશા પાડયું ને પ્રધાન જે મનરંજણો ચતુર હતો તે લાલાબારોટ થયો ને જે મદારી હતો તે રાણીનું રૂપ જોઈ મોહીત થઇ ગયો હતો તે રાંડીરાંડને ઘેર તેને પેટ છોકરો થઇને અવતર્યો પણ રાંડીરાંડની ફજેતી થાય તે માટે તે છોકરાને લેઈ જઇ વગડામાં મુકી આવી તે બાવા ધુંધળીમલની નજરે પડયો. એટલે તે પોતાના મઠ (આશ્રમ) માં

લાવી મોટો કર્યો તેનું નામ ગોરખો પાડ્યું હવે સદેવંત જ્યાં બાર વરસનો થ-
યો એટલે તેનું રૂપ અને જોબન કામરૂપ જેવું થઇ રહ્યું. પોતે રોજ સાંજ પડે
કે પોતાના રેવંત ઉપર જવાહીરનું રત્ન જડીત પલાણ માંડી પોતે સ્વાર થઇ
હવા ખાવા નીકળે સાવળીંગા પણ એવી મહા તેજસ્વી ઇંદ્રના ઘરની અપસરા
જેવી ભણીગણી ચતુર થઈ છે તે પોતે દરરોજ નિશાળે જાય છે, ને પોતાના
મેહેલે તેના પીતાએ સદાવ્રત બાંધ્યુ છે કે કોઇ અભ્યાગત માગવા આવે તો
તેને આપે પણ પાછો ન કહાડે. શાવળીંગા ઘણા શોભીતા શણગાર પેહેરીને
પોતાની સોલસે સાહેલીઓને લેઈ રોજ સાંજની વખત નવ ડેરીએ ગરબા
ગાવા જાય છે. એવામાં એક દીવસ બાવા ધુંધળીમલના ચેલા ગોરખે કહ્યું, કે
મહારાજ તમે તમારી ઝટા કેમ ચોળતા નથી. ત્યારે ગુરૂએ કહ્યું કે બચ્ચા,
બસ્તીમે મંગનેકુ જાના પડતા હે સો ફુરસદ નહી મીલતી. ત્યારે ગોરખે કહ્યું
કે મેં મંગનેકુ જાઉ બચ્ચા જાવેતો સહી પીર લાલેબારોટકી પોળમાં મત જાના
ગોરખો કહે ઠીક મહારાજ પછી ગોરખો માથાના કેશ છુટા મેલી અખંડ ભ-
ભુતલગાવી અંચળો ઝોળી ડંડો પાત્રપાવડી ચકમક ચીપીઓ સેલેસીંગી અને
કપાળે સીંદુરની અરચા કરી હાથમાં ડંડો લેઇ કછો ભીડી જોગી બની વસ્તી
માં ચાલ્યો એક શેરીને બીજી શેરી ને ત્રીજી શેરીમાં અલેક જગાડતો જાયછે
કે એક બઇરી બોલી મહારાજ તમે લાલાબારોટની પોળમાં જાઓ કે ત્યાં પ-
દમાશાશેઠની છોડી સાવળીંગા તમને મુખ માગ્યુ આપશે એવું સુણી ગોરખો
ગુરૂનુ વચન ન માનતાં યે લાલાબારોટની પોળમાં ગયો કમરે ઘુઘરા કશી દી-
ધા હતા તે સાંભળી કુતરાં ભસવા લાગ્યાં એવા ડોળથી પદમાશાશેઠની હવે
લીમાં સોનેરી ચોકમાં આવી અલેક જગાવી બાવાએ કહ્યું જો સદાવૃત સતના
બાંધ્યાં હોય તો ભીક્ષા આપ અને જો કપટ કર્યાં હોયતો અમે જઇએ એમ
કહી મહેલ નીચે જઈ ઉભો પછી સાવળીંગા કહેછે કે મને વાર લાગી તેથી
બાવાજી પાછા ગયા એવું સાંભળી બાવો સનમુખ આવી કહે છે.
ચોપાઇ–દેવું હોયતો દે, શબ્દ પાળો કામની અતીત ઉભો છે તારે દ્વાર ભીક્ષા
દોને ભામની: બાવાને સનમુખ ઉભો જોઈ સાવળીંગા કહે છે. **ચોપાઇ**–
ઉભા રહોને બાવાજી આજ, ભીક્ષા તમો લીજીએ; તમે આવે લીલા લેહેર; આ-
શીશ અમને દીજીએ. એમ કહી સાવળીંગા પોતે સોનાનો થાર ભરી બાવાને
લોટ આપવા આવી તે જોઈ બાવો કહેછે. **ચોપાઇ**–નાંખ્માં નજર કેરા બા-
ણ, આટો કેમ લીજીએ, બાવો માગે જોબન કેરાં દાન, અતીકુ દીજીએ સાવ-

ળીંગા- તમે પુજ્યા દેવ, તમે પુજી દેવીઓ; તમે થયા જોગી રાજ તમારે નારી કેવીઓ. બાવો-નથી પુજ્યા મે દેવ નથી પુજી દેવીઓ ગુરૂએ આપ્યા છે શબ્દ નાખુછું નીત ફેરીઓ સાવળીંગા કાંમની રૂપ સ્વરૂપ, રૂદેમાં જાણીએ: સેહેર સમુથા મર જાય મન ગમ તુ રાણીએ સાવળીંગા કહે નગરમાં જઇ કોઈ સારી જોઈ પરણો તે સાંભળી બાવો કહેછે. **ચોપાઈ.**—તુમ હે રૂપ સ્વરૂપ, હાજર રહો તમ ખડી; દેને જોબન કેરાં દાન; લગન કરને અબ ઘડી.

દોહરો.—બાવારે મારા બાવલીયાને, વળી નજરો રાખ્ય તારી ઠીક; ફોડી નાખીશ તારાં તુમડાં તો વળી શેનેરે માગીશ ભીખ બાવો-સુન બે ચંચલ નારીયાં ને વળી બોલન કુરે જરા શીખ, વાડેથી લાવું બીજાં તુમડાંને વળી તેમારે માગીશ ભીખ. સા૦ **ચોપાઇ.**—વાંકા કરીને નેણ બાવાજી તમને મારશુ જોળી પડશે ઉભી બજાર; દેને જોબન કેરાં દાન દુવા દેકે જાઇગે. સાવ૦—જાતનો છે અતીત કોણ છે તારી જાતડી આવવા દે પીતા મુજ આજ, પછે છે તારી વાતડી બાવો-બડા પીતા તારો શેઠ, લુંટાદે ફુલ વાડીયાં; તેરે સરીખી કલીકા કયા ભાર કાયકુ મેણાં મારીયાં હે સ્ત્રી તારો બાપ તો મોટો ઉમરાવ છે તે તો ફુલની વાડીયો લુંટાવી દેછે. ને તું તો એક ફુલની કળી જેવી છે તેમધ આટલો ગુમાન કરી મેણાં મારે છે તેવાં વચન સાંભળી સાવળીંગાને ક્રોધ ચડયો અને આંખો કહાડી બાવાની સામુ જોયું જ્યાં શાવળીંગાએ બાવાના સામે નજર કરી કે બાવો તેનુ તેજ જોઇ ભોયપર પડયો તે પડતાં શાવળીંગાની ભોજાઇ બારીએ આવી તો બારણા આગળ બાવાને પડેલો દીઠો તે જોઇ વીચાર કરેછે નણંદ નાના પણ કામણગારા નીકળ્યાં બાપડા બાવાને જોત જોતાંમાં ભોંય ઉપર પાડયો એમ વીચારી કહેછે હે નણંદ આ બાપડા ભીખ માગનારને તમે શું કરવા માર્યો તે સાંભળી શાવળીંગા કહેછે મે માર્યો હશે તો હું મરીશ ને તું જુઠું કલંક મૂકતી હઇશ તો તારો ભાઈ મરશે મા_ રીતો આંખ જોઇને મુવો છે. એવામાં ચેલાનો ગુરૂ બાવો ધુધળીમલ તે જગે એ આવ્યો ને જુવેછે તો ચેલો ભુંયપર ઉંધે મોહોડે પડયો છે, ને મોંહોમાં ધુળ પેશી ગઇછે ઝોળી બોળી ફેંદી નાખીછે હવે ગુરને આવ્યો જોઇ ભોજાઈ શાવળીંગાને કહે છે હે બાઈ આ એક માર્યોને બીજાને મારશોતો ઘેર ઘેર વાત થશે હવે ગુરૂ ચેલાને કહેછે હે ચેલા તને શું થયુ તારે માથે આભ તુટયોકે તને કોએ કાંમણ કરયાં તે સાંભળી ચેલો કહે છે ગુરૂ મને શાવળીંગા કામણગારી મળીછે બીજુ કાંઇ થયું નથી. તે સાંભળી ગુરૂ કહેછે હેરાંડ તેં મારા ચેલાને કેમ

માર્યો ? તને શ્રાપ દઈ બાળી ભસ્મ કરી નાંખીશ નહીતો સાચે સાચું કહે તે સાંભળી શાવળીંગા નરમ થઇ બાવાને નમી પડી કહેછે કે હે મહારાજ મારૂ જોબનને રૂપ જોઈ તમારા ચેલાનો જીવ છળી ગયો તેમાં હું શુ કરૂ ત્યારે ગુરૂ કહે કે તું એને ઉઠાડ પછી શાવળીંગા ચેલા પાશે આવી કહેછે કે હે મહરાજ હવેતો ઉઠો પણ ચેલો ઉઠતો નથી તે વારે શાવળીંગા પોતે ચેલા સામુ હશીને લલચાવે છે હે મહારાજ તમારે જે જમવાની ઇચ્છા હશે તે તમને જમાડીશ ને તમે ઉઠો તે સાંભળી ચેલો કહેછે હે સ્ત્રી મારેતો તારૂ કાંઇ જોઇતું નથી પછી ગુરૂએ ચેલા ઉપર હાથ ફેરવી ઉઠાડી ચેલાને કહેછે. હે ચેલા હવે તું ઉતાવળો ચાલ નહીતો તેનાં સગાં વાહાલાં જાણશે તો આપણને મારશે એવામાં આડોશીપાડોશી એકઠાં થયાં ને ઘણાક લોક ભરાઈ ગયા ને ચાલવાની જગ્યા રહી નહી પછી ગુરૂસરવેના ઉપર રોશ કરી કહેછે તમ સબ લોકે ઉરદેસે ચલે જાઓ નહીતો સારાં શેહેર હળાહળ કર ડાલુંગા પણ લોકો માનતા નથી. એવામાં સદેવંત કુંવર ઘોડે ચડી ફરવા નિકળ્યા હતા તે ત્યાં આવ્યા ને પોતાની પાસે ચાબકો હતો તે લોકોને ઝાપટવા માંડયો એટલે માણસો ડોડાદોડ કરવા લાગ્યા પછી બાવો પોતાનો આશ્રમ ઉપર ગયો ગોરખાને કુવરે બોલાવીને પુછયુ કે ત્યાં શું હતું કે લોકો ભરાયા હતા ત્યારે ગોરખો કહેછે કે હે મહારાજ તમારા નગરમાં જીવતી ડાકણછે તે મને વળગી હતી પણ માહરા ગુરૂ સમરથ હતા તેમણે જીવતો ઉઠાડયો ને અહીં લાવ્યા નહીંતો ઉગરત નહી ત્યારે કુંવરે કહ્યું કે ડાકણ બાકણની વાત જવાદો સાચે સાચુ કહો ત્યારે ચેલો કહે તમારા નગરમાં મેં સ્ત્રી દેખીને તેના તેજે કરી મુરછા ખાઈ પડયો હતો એમ કહી કહે છે હે રાજા કે જેની આંખની ઉપમા કેવી કે જેનાં મોટા વનને વીશે ચપળાં કહેતાં વીજળીને ચમકારે થઈ રહેછે એવા ઝબકારા મારે છે એ સાંભળી સદેવંતને મોહ થયો ને કહેકે તું મને તેનું નામ ઠામ બતાવ્ય તે સાંભળી ચેલો કહેછે

દોહરો.—ઉંચાં નાળીયેરીનાં ઝાડવાંને, સામી સરઇવાની ઓળ, અત્તર કસ્તુરી મેકે ઘણી, એરે સાંવળીંગાની પોળ. **ચોપાઇ.**—એરે શાવળીંગાની પોળ, સામા જાઓ શેરીએ, બારીએ ઝરૂખા ચાર ઝુકી રહ્યાછે મેડીએ બાદલ મોહોલ રંગ મોહોલ ખડક મોહોલ ઝુકી રહ્યા; એમાં શાવળીંગા નાર, મારા મન મોહી ગયાં એટલે સદેવંત પોતે લાલાબારોટની પોળમાં આવી જુવે છે તો એક ઘણી ઊંચી હવેલી દીઠી, આમાં શાવળીંગાની હવેલી કઇ હશે એવો વિચાર પોતે કરેછે એટલામાં રાજ્યસભામાંથી લાલાબારોટ ઘેર આવ્યો

ને સદેવંત કુંવરને શેરી વચે ઉભેલો જોયો પછી બોલાવી કહેછે. હે સદેવંત અહીયાં શેરી વચે કોની સારૂ આવી ઉભાછો. ત્યારે સદેવંત બારોટને કહેછે કે હું તમને કહો તે આલુ પણ મને એ નારીનો મેળાપ કરાવો બારોટ કહે એનું કાંઇ નામ ઠામ હશે કે બાધેભારે નારીજ, એવી નારીઓ તો મારી પોળમાં સો છે જો તેનું નામ ઠામ કહો તો વળી બતાવું ત્યારે સદેવંત કહે કે પદમશાની દીકરી સાવળીગા તેનો મેળાપ કરી આપો તે સાંભળી બારોટ કહેછે રાજા એ લોભથી નહી લલચાય, એને ઘેર કાંઈ કમી નથી કે તમારી સાથે પૈસા સારૂ પ્રિત કરે તે મારાથી એને મોઢે જઇને ન કહેવાય. મારા મહેલામાં તો બધે મારે માતા પીતા જેવુંછે હું એને કહું ને એ જઇને એના બાપને કહે તો મારી ઇજત જતી રહે તે સાંભળી સદેવંત કહેછે કે હે બારોટ જો મને ન મેળવો તો તમારૂ વચન જાય ને મારેતો એના પછવાડી જીવ કહાડવો પણ એનો મેળાપ કરવો બારોટ કહે એનુ તમારે શું કામ છે ત્યારે સદેવંત કહેછે હે બારોટ મને બાવાએ કહ્યું કે મે નવખંડ સાત દ્વીપ જોયા પણ એવી નારી કોઇ ઠેકાણે દીઠી નથી ને કાને પણ સાંભળી નથી ને ઇંદ્રને ઘેર પણ એવી અપ્સરા નહીં હોય એવું એનું રૂપ છે બારોટ કહે કે એનો મેળાપ થવો મહાદોહ્યલો છે સદેવંત કહે જો તમે મેળાપ નહી કરાવોતો પછી બીજાથી થવાનો નથી ને મારે પણ પ્રાણ મુક્યા વિના છુટકો નથી ત્યારે લાલાંબારોટે કહ્યું કે ભાઇ હમણા તું ઘેર જાને સાંજના ચાર વાગતાં પાછા અહી આવજે એટલે એ નિશાળેથી આવતી હશે તે તને બતાવીશ એમ કહી બારોટ ઘેર ગયા ને સદેવંત કુંવર પોતાને ઘેર ગયો. હવે ઘરમાં સદેવંતને કાંઇ સુઝતુ નથી ને સાવળીંગાના મનમાં ઝાંખના લાગેલી છે તેથી કાંઇ ચેન પડતુ નથી ને વિચાર કરતાં ત્રણ ચાર વાગવા આવ્યા એટલે સદેવંત કુંવર પોતનો શણગાર પેહેરીને જવાંની તૈયારી કરી બારોટને ત્યાં જાય છે. **ચોપાઇ**—શીરોઇકી તરવાર, ભાલા જોને જળ હળે; એવા સજી શણગાર, રાજા મોહોલમાંથી નિસરે. એટલે બારોટ કહે, હે રાજા હરીની ઇચ્છા વીના કે હરી વીના બીજા કોઇને મળવી કઠણ છે તારા નસીબમાં હોયતો મળે એવું રૂપ સાંભળતાં સદેવત રાજા મુરછા ખાઇ ભોંયપર પડયો. બારોટે આશના વાશના કરી બેઠો કરીને કહેછે બેઠો થયો એટલે હે રાજા અત્યારથી તમે આમ ભોંયમાં પડોછો તો નજરે જોશો ત્યારે શુંયે થશે. રાજા કહે હું એને નજરે જોઇશ ત્યારે મારો જીવ ઠેકાણે આવશે માટે બારોટ મને બતાવો એવામાં ચાર વાગવા આવ્યા એટલે બારોટ અને

રાજા અગાશી ઉપર ચઢયા શાવળીંગા નીશાળમાં ચાર વાગ્યા એટલે પોતાની સોલસેં સાહેલીઓ લઇ પોતે હંસની ચાલ ચાલતી આવે છે અને તેનું મુખારવીંદ સુર્યના જેવું પ્રકાશ મારી રહ્યુંછે તેથી તેને આવતી જોઇ બારોટ કહે છે. **દોહરો.**-શાવળીંગા ચાલી નિશાળથી ને, વળી ઘર ભણીરે આવંત; મજરો કરેરે લાલો કવીરે એતો ગુણ રાગે ગવંત. **સોહલો.**-ગુણ રાગે લાલો ગાવંત, સમજલો મનમે રાજન; ગલીયુમે આવે ઓ નારી લુંટી જાશે નગરી સારી બારોટ કહે હે કુંવર તમે ઉતાવળા જઇ ગાંધી શેરીએ ઉભા રહો ? ત્યાં તમને તે મળશે. સદેવંતે વેગળેથી આવતી જોઈ હતી એટલે મનમાં ઘણો મોહિત થઈ રઘવાયો રઘવાયો ઘોડે બેશી ગાંધી શેરીએ ગયો સદેવંત રસ્તો રોકી ઉભો છે એટલામાં શાવળીંગા સોલસે સાહેલીઓ સાથે ચાલી આવેછે અને જેજે સાહેલીનાં ઘર રસ્તામાં આવેછે તે ઘેર જઇ નવ ડેરીએ ગરબા ગાવાને જવા સારૂ શોભીતા સણગાર પેરવા જાય છે એમ કરતાં શાવળીંગા પોતે એકલી ઘરભણી ચાલી આવેછે તે સદેવંતનો ઘોડો ઉભેલો જોઈ અચકાઈને વીચાર કરવા લાગી કે રાજાનો કુંવર ઉભોછે તેથી સામા જવું નહી કારણ કે એ મહા તોફાનીછે માટે કાંઈ આડો રસ્તો કાઢી ઘેર ચાલી જઉ એમ ધારી ગાંધી ઉપર દુહો કહ્યો. **દોહરો.**-ગાંધી કસ્તુરી જોઇને આપજેને વળી ખોરી નહીરે ખવાય; કોક માણસ આડું ઉભુ રહ્યું રે, તેના આડુંતે કેમ ઉતરાયં. એવુ સાંભળી સદેવંતના મનમાં એવું આવ્યું કે ગાંધીને ઘેરથી કસ્તુરી લઇને આવે છે પણ શાવળીંગાની કહેવાની મતલબ એવી હતી કે રાજા તું કસ્તુરી ખોળવા આવ્યો છું તે તને રસ્તામાં નહીં મળે તેતો કોઇ એકાંત જગ્યોએ મળે એમ કહી આડે રસ્તે થઇ પોતાના મેહેલભણી ચાલી નીકળી ઘેર જઈ સોળ સણગાર ધારણ કરી વાળે વાળે મોતી પરોવી મહા મુલ્યવાન વસ્ત્ર પહેરી કોઇ રંભાની માફક બનીઠણી નવ ડેરીએ ગરબા ગાવા ગઇ, સદેવંત ગાંધી શેરીએ ઉભોછે તે લાલાબારોટ અગાશીમાં ઉભા ઉભા જુએ છે કે મુરખ જેવોછે તેતો નવ ડેરીએ ગઇ અને રાજા તેની વાટ જોઇ ત્યાં ઉભો છે તેને પાછો બોલાવું એમ બારોટ અગાશીમાં રહી રાજાને કહેછે હે રાજા શું ઉભો રહ્યો છે પાછો આવ એતો નવ ડેરીએ ગઈ ત્યાંથી રાજા બારોટના ઘર આગળ આવ્યો અને સાવળીંગા નવ ડેરીએ ગઇ એવી વાત સાંભળી ઘોડો છુટો મુકી ધસ્યો ધસ્યો નવ ડેરીએ જઈ ઉભો અને જુએછે તો એક એકથી ચડીયાતી સોલસે સાહેલીઓ દીઠી તેમાં શાવળીંગા કેઈ તે મને ઓળખાતી નથી

તેથી પાછો નીરાસ થઇ બારોટ પાસે આવી કહે છે. હે બારોટ સોળસે સાહેલીઓ એક રૂપ ત્યાં તો થઇ રહી છે તેમાં શાવળીંગા કેઇ તે મને ઓળખાવો ત્યારે બારોટ કહેકે હે રાજા તારા જેવો મુરખ કોણુ કે પુછ્યા ગાછ્યા વગર ઘોડો છુટો મુકી નાઠો તે મારા ઘોડાની સાથે લડયો ને દોરડાં તોડી નાંખ્યાં આવો તું બાધા ચકૂવા જેવો કેમ થઇ ગયો છે સાવળીંગા તારી કીંમત કરશે કે રાજા મુરખ જેવો છે માટે જરા શાણુપત આણીને તેની પાસે જા સદેવંત કેહે ભાઇ એનું રૂપ જોઇ ગાંડો થઇ ગયો છું તેથી મને કાંઇ સુજતું નથી બારોટ કેહે તું તારો ઘોડો બાંધી ધીરજ રાખીને જા હું તને એંધાણુ બતાવુંછું તે યાદ રાખજે હે સદેવંત એની આંખોતો વણુ શરમે અંજાએલી છે ને બીજીઓને અંજન આંજવું પડે છે ને કપાળે ટીલડી ચોહોડેલી છે તે બીજીઓના સોળે શણુગારની બરાબર છે એવું એનું રૂપ છે તે એંધાણી લેઈ સદેવંત ધશો ધશો નવ ડેરીએ જઇ જ્યાં સોળસે સાહેલીઓ ગાતી હતી તેની વચ્ચે જઇને ઉભો એટલે બધી સાહેલીઓ શરમાઇ આધું ઓઢી એકઠી થઈ ગઇ અને શાવળીંગા હતી તે પોતે આધું ઓઢી તેના સનમુખ આવી ઉભી રહી અને સદેવંત ને કહેછે હે રાજા તમે તમારા સાથમાં જાઓ ને હું મારા સાથમાં જાઉં કોઈ આપણુને દેખશે તો વાત કરશે માટે તમારે આવું કરવું ના ઘટે, આ કાંઇ એકાંત જગો નથી ને પ્રિત તે કાંઇ ઊઘાડી થતી હશે એવાં મીઠાશનાં વચન સાંભળી સદેવંત મહામોહીત થઈ ગયો ને કહેછે હે શાવળીંગા તારા જેવી રૂપવંતી સ્ત્રી જે પુરૂશને મળી હશે તે પુરૂશને ધન્ય છે. શાવળીંગા સદેવંતના મીઠાશનાં વચન સાંભળી ઘણી મોહીત થઇ ગઇ ને કહેછે. હે રાજા તારા જેવો જે સ્ત્રીને પુરૂષ મળ્યો હશે અને તને જે નારી મળી તેને ધન્ય છે. અરસપરસ મીઠાશનાં વચન સાંભળી સદેવંત કુવર શાવળીંગાનો છેડો ઝાલીને કહેછે. મને તું તારૂ મોહોડુ દેખાડ, ત્યારે શાવળીંગા સદેવંતને કહેછે. હે રાજા તમે મારો છેડો મેલો કેમકે અમે સ્ત્રી જાત તમને ગાળ દેઇશુ તો તમારી લાખની આબરૂ કોડીની થશે તે સાંભળી પાલવ મુકી કાંડુ ઝાલ્યું. હે સદેવંત મારી નાતના લોક દેખશે તો તને ને મને બંનેને મારશે, મારૂ કાંડુ મુક તે સાંભળી સદેવંત કહેછે હે સ્ત્રી મારૂં શીશ હેઠું પડે તોએ હું તને મુકવાનો નથી માટે તારો ઘુંઘટ દુર કરી તારૂ મોં મને દેખાડ. હે રાણી મારાથી મોં છુપાવી શીદ જાયછે શાવળીંગા મોં દેખાડે પણુ બાવાના જેવું થાય તેથી મોં દેખાડતી નથી. પણુ રાજાને સમજાવીને કહે છે.

દોહરો.—એરે ઘુંઘટડામાં કપટ ઘણાંને રાજા ઘુંઘટ ખોલ્યો નવ જાય જો મેં ખોલું. રાજા ઘુંઘટડો તે વળી મરે કે માંદોરે થાય. ત્યારે સદેવંત કહે છે

ચોપાઇ.—મેને ખાયા કેવલીઆ વછનાગ, ધંતુરેસે કયું મરૂ; મેને રમાડે કાલી નાગ બીછુડેસે કયું ડરૂં. હે સ્ત્રી મેં કેવળીઓ વછનાગ ખાધોછે તો ધંતુરાથી ડરીશ અને વળી મેં કાળો નાગ રમાડ્યો છે તે વીંછુડાથી ડરીસ તે સાંભળી શાવળીંગા બોલી ઘુંઘટડે કાળો નાગ વીંછી ડંખ મારશે, વાગશે, નેણાં કેરાં બાંણ તમને તે કોણ ઉગારશે હે સદેવંત મારાં નેણનાં બાણ વાગ્યાં તો કોઇ ઉગારનાર નથી તમે મારૂં મોં જોવું મુકીદો. તે સાંભળી સદેવંત કહેછે હે સ્ત્રી તું કહેછે કે મારી આંખો જોઇને મરી જશો તો તારા કુળમાં કોઈ જીવે નહીં. માટે હે સ્ત્રી હવે રકઝક ન કરતાં મારા તપી ગએલ આત્માને તુ ઠંડો પાડ. અને મને જે સ્નેહ થયોછે માટે મારા નેણની સાથે તારાં નેણ મેલાવ. પછી શાવળીંગાએ સદેવંતનો ઘણો આગ્રહ જોઈ વીચાર્યું કે મોં જોયાવીના તો મુકનાર નથી માટે અને સમસ્યા કહી સમજાવું એમ કહી કહેછે હે રાજા હું નિશાળે ભણવા જાઉંછું ત્યાં ભણવા આવજો, એટલે એકાંતે વાતે કરીશું સદેવંત કહે હું તો નિશાળેથી ઉઠયોછું. તે હવે ફરીને કેમ અવાય સાવળીંગાએ કહ્યું ગમે તેમ કરીને આવજો, ત્યારે સદેવંત કહે એતો ખરૂં પણ હાલ મને તારૂ મોંડુ બતાવ નહીતો રાત દીવસ તારી પાછળ ઝુરી ઝુરીને મરીશ તેવું સાંભળી શાવળીંગા બોલી એમ હોયછો લ્યો મોં બતલાવું એમ કહી ચાર ડગલા આગળ જઈ પાલવનો છેડો ખસેડેછે અને જ્યાં રાજાએ તેના સામું જોયું એટલે એકદમ અંજાઈ જઇ મુરછા ખાઈ પૃથ્વી ઉપર પડ્યો ને સાવળીંગા દશેક ડગલાં ગઇ એટલે રાજા આંખ ઉઘાડી જુવેછે તો સાંવળીંગા જતી દીઠી એટલે મનમાં ઝુરવા લાગ્યો ને કહ્યું કે હવે તે ક્યાં મળશે ને એનો મેળાપ ક્યાં થશે, એવી સોચનામાં સદેવંત કુંવર ગાંડા જેવો થઈ ગયોછે અને મુખથી શાવળીંગા શાવળીંગા કરતો જાયછે. એટલે રસ્તામાં હજામ મળ્યો તે ગોર મહારાજની હજામત કરવા નીશાળે જતો હતો, રાજા નીશાળની વાત સાંભળી ખુશી થયો અને કહ્યું કે ભાઇ તું નીશાળે જઇ શાવળીંગાની ખબર લેતો આવજે એમ કહી ઘેર ગયો ત્યાં રાણી પાટમદે બે દીવસથી રાજા ઘેર નહી આવેલા તેથી ઉદાશ થઇ બેઠેલી છે તે કહેછે કે હે રાજાજી ઉદાસ કેમ જણાવોછો ? રાજા કાંઈ ઉત્તર આપતા નથી અને એક કોરે ચુપ બેશી રહ્યા છે, હવે પેલો ઘાંયજો નીશાળમાં ગયો ને ત્યાં મેહેતાજી ઊંઘી ગયા છે અને એક કોરે નીશાળીયા ભણેછે ને એ-

ક તરફ પડદે રહી છોકરીઓ ભણેછે તેથી શાવળીંગા જોવામાં આવતી નથી એટલે તાબોટા પાડી નીશાળમાં ગાવા મંડી ગયો (સદેવંત નામ મારા વાલાજીરે છેતું છે કામ મારાવાલજીરે એવી રીતે કુદતો જાય છે ને ગાતો જાય છે તે શાવળીંગાએ સાંભળ્યું એટલે વાલીયાને પડદામાં પાસે બોલાવી કહેછે કે સ-દેવંતની શી ખબર છે ત્યારે વાલીઓ બોલ્યો કે બાઇ તારી ચીંતામાં મરેછે ને ઘેલો ફરે છે શાવળીંગા કહે તુ જરા મારા નખ લેતો જા એમ કહી હાથ બા-હાર કહાડે છે એટલામાં તો વાલીયાની આંખે અંધારાં આવ્યાં ને ચક્કર ખાઇ ભોંય ઉપર પડ્યો ને શુધી આવી એટલે ફરીને શાવળીંગાના નખ ઉતારી લેઇ રાજા પાસે આવ્યો એટલે પાટમદે પડદામાં ગયા પછી વાલીયાને રાજા પુછેછે ત્યારે વાલીઆએ હાથેળી ઉઘાડીને રાજાને નખ દેખાડ્યા એટલે રાજા મોહીત થઈ કહેછે કે આ હીરા કણીયો કયાંથી લાવ્યો અને તેની કીમત શી આપી? (હવે એ વાત રાણી પાટમદે પડદામાં બેઠાં બેઠાં બધી સાંભળેછે) એટલે વા-લીઓ બોલ્યો મહારાજ આ હીરાકણીઓ નથી એતો સાવળીંગાના નખ? રાજા કહે એના આવા રૂડા નખ? તો હવે એ મને મળેતોજ અન્ન પાણી લેવું નહીં મરે તેની પાછળ પ્રાણ ત્યાગ કરવો ત્યારે વાલીયો કહેછે હે રાજા મેંતો પડદામાં દીઠી હતી પણ એના નખ લેતાં હાથ જોયા એટલે હુ તો ભોંયમાં ગોથું ખાઇ ગયો બે ઘડીયે સુધી આવી એવુ સાંભલી સદેવંત કુંવર ચીતભ્રમ થઇ ઘોડાની ઘોડારમાં ચાલ્યા (કહેવત છે કે રાજાનો કુંવર રીસાય ત્યારે ઘોડાની ઘોડાર-માં જઈ સુવે) રાજા ઘોડાની ઘોડારમાં ગયા એટલે રાણી પુછેછે કે હે વાલીયા હું રાજાને ક્યારની બોલાવતી હતી પણ મારી સાથે બોલતા નહોતા અને તું આવ્યો એટલે તારી સાથે હશી ખુશી વાતે વળ્યા તેનું કારણ શું? વાલીયો કહે બાઇ સાહેબ મારૂ નામ ન દોતો હું તમને કહું. પેલી વાણીએણ આપ-ણા રાજાએ રાખી છે એ સાંભળી રાણીને પોતાના મનમાં ઘણો ક્રોધ ચડ્યો ને નકી કર્યું કે રાજા બે દીવસથી ઘેર નહોતા આવ્યા તે એનાજ વાસ્તે. મારે અહીયાં રહી શું કરવુંછે હું એ મારા પીયર જઇશ એમ ધારી રાણી રીસાયાં હવે સદેવંત કુંવર ઘોડાની ઘોડારમાં છે પછી રાજા લાલા બારોટને લેઈ ઘો-ડાની ઘોડારમાં કુંવર પાસે આવ્યા ત્યાં કુંવર પોતે સુતાછે એટલે રાજાએ કહ્યું કે તું કેમ રીસાયો છે તને કોઇએ આંખ દેખાડી હોયતો તેની આંખ ફોડુ કોઇએ ગાળ દીધી હોયતો તેની જીભ કાપું કોઇએ આંગળી દેખાડી હોય તો તેનો હાથ કાપું મારા બેટા તને કહેનાર કોણ છે ત્યારે સદેવંત પોતે મનમાં

વીચાર કરીને કહેછે કે હે પીતા તમે ભણુવા નહીં મોકલો તો હું મારા દેહની ઘાત કરીશ એ સાંભળી રાજા મહા ચીંતાવાન થઇ બારોટને કહે કે આને હું શું કરૂં એતો કહેછે મારે તો ભણવું છે ને મારે તો એને ગાદીએ બેસાડવાનો છે. બારોટ કહે હોય સ્ત્રી હઠ બાળ હઠ, રાજ હઠ ને જોગી હઠ એ હઠ પુરી કરવી નહીતો એ ઝેરએર ખાઈ મરશે પછી રાજા કુંવરને કહેછે કે તું સુખેથી નીશાળે જજે. કુંવર કહે ના હાલ તમે મેહેતાને બોલાવો પછી રાજાએ તરત મેહેતાને તેડવા મોકલ્યું હવે રાજા પોતે કુંવરને જમાડી લાલાબારોટને તેડી રાજદરબારમાં ગયા એટલે ગોર રાજસભામાં આવ્યા રાજા કહે કુંવરને નીશાળે ભણવા મુકવો છે માટે તમે મહુરત જુઓ ગોરે વીચારે કર્યો કે ભણી ગણી ને તો હમણે ઉઠગો છે ને ફરી નીશાળે કેમ આવતો હશે મને લાગેછે કે પેલો ધાંયજો શાવળીંગાના નખ લઈ ગયો જેથી કાંઇ એમને લટ પટ થઇછે ખરી માટે નીશાળમાં આવે ને શાવળીંગાનો બાપ જાણે તો પછી મારે જીવવાની આશા રહે નહી માટે હું એવું મહુરત આપુ કે એમનો મેળાપ થાય નહી કેમકે શાવળીંગા ને હવે પરણાવું છે માટે એ સાસરે જાય ત્યાર પછી શદેવંતને મહુરત આપું તો પછી મને કાંઇ હરકત થાય નહી એમ ધારી મેહેતાએ કહ્યું કે માહારાજા હમણાં પાંચ સાત દીવસ મહુરત આવતું નથી કારણ કે વચે વ્યતીપાત વઇધરટ ને પંચક બેસેછે માટે સાત દીવસ પછી બેસાડજો. રાજાએ કહ્યું સારૂ ત્યારે આવશે. પછી ગોર પોતાને ઘેર ગયા. હવે સદેવંત કુંવરને રીસતો ચડી પણ શું કરે ત્યાં સભામાં કાંઇ કેવાય નહીં માટે પોતાને મેહલે જઇ જમાલખાં ને કમાલખાં બે સીપાઇ હતા તેમને કહે તુમ અભી જાકે ગોરકુ જલદી બોલા લાવ એમ કહેતાંજ સીપાઇ ઉઠીને મેહેતાને ઘેર ગયા ને કહ્યું કે કુંવર તમને બોલાવે છે માટે અભીને અભી ચલો પછી ગોરને તેમની સ્ત્રીએ કહ્યું કે હમણાં તમે ગયા હતા ને પાછા કુંવરે કેમ તેડાવ્યા ? મેહેતાજીએ કહ્યું એતો કુંવરનું તેડું નથી પણ એતો જમડાનું તેડું આવ્યું છે ગોરાણી કહે એમ કેમ બોલોછો ? ગોર કહેકે હું મહુરત મોડુ આપી આવ્યોછું તેમાં ગોરાણી કહેકે જાવને હવે તે કહે તેમ કરજો નહીતો પાછા ઘેર જીવતા આવવા દેશે નહી ગોર કહે એ વાતતો ખરી પણ ત્યાં જતાં મારો પગ ઉપડતો નથી તે શું કરૂં પછી ગોર જેમ તેમ કરી લુગડાં પેહરી કુંવરને મેહેલે આવ્યા કુંવર આંખો લાલચોળ કરી ક્રોધમાં બેઠા છે તેમણે કેડમાંથી કટાર ખેચ્યો ને કહ્યું કે મહુરત અત્યારે છે કે નહી? નહીતો પેટમાં મારૂછું કટાર

તમે મેનમાં ધાલો ને હું તમારા પીતાને હમણાં જઇ કહુછું એમ કહી ગોર રાજા પાસે જઇ કહેછે. સાહેબ મને અફીણુની લહેરમાં ખબર ન રહી તેથી હું ભુલમાં પાછલા વરસનું ટીપણું લાવ્યો હતો પણ ઘેર જઇ તપાસ્યું તો આજનું ચોઘડીયું એવું તો ઠીકછે કે ન પુછો વાત. રાજા કહે એમ હોય તો વરઘોડો ચડાવી અત્યારે નીશાળ ગરણુ કરીએ પછી ગોર નીશાળે ગયા અને રાજા વરઘોડો ચડાવી ધામ ધુમથી નીશાળે જાયછે ચઉટામાં લોકોની ઠઠ જોવા મળીછે નિશાળમાં રહી શાવળીંગા પણ વરઘોડો આવતો જુવેછે ને મહેતાને કહેછે હે મેહેતા તમારી નીશાળે કોઇ રાજાના કુંવર જેવું ભણવાને આવે છે તેના વગર આટલી ધામધુમ હોય નહીં હવે સદેવંતના બાપે મેહેતાને કહ્યું કે ગોર હવે કુંવર ભુલી ન જાય તેમ કરજો મેહેતા કહે સારૂ હવે ગોર અફીણુની લેહેરમાં આવ્યા તેથી સદેવંતને કહે હું સુઇ રહુંછું ને તુ સોટી લેઇ છોકરાંને ભણાવ એમ કહી ગોર ઉંઘી ગયા હવે સદેવંત પોતે પડદાની પાસે જઇ તેને ઓઠીંગણુ દેઇ બેઠા છે ને છોકરાને ભણાવવા માંડયા શાવળીંગા સદેવંતનો શબ્દ સાંભલી પોતે પણ છોડીઓને ભણાવતી હતી, તે તેજ પડદા પાસે આવી વીચાર કરેછે કે હવે સદેવંતને બોલાવાય કેમ તેથી પાટી ઉપર ધાવ લખી પડદા તળે ખસેડી મુકી એટલે સદેવંત પાટી લઇને ધાવ વાંચે છે.

દોહરો–સરસ્વતી માતાને વીનવું ને, વલી ગણપત લાગુ પાય; પાટીયુ લખીએ પ્રીતશું ને, વળી તેતો વાંચી સંભળાવો મને રાય. તે વાંચી સદેવંત ખુશી થયો અને પોતે પણ પાછો તે પાટીયામાં લખી પડદા તળે પાટી ખશેડી મુકી. **દોહરો**– માતા સરસ્વતીને વીનવું ને હુંતો કથન ન જાણુ કેણ; પેહેલીરે પ્રીત સદેવતથુરે, જ્યારે મળીયતાં નેણુરે નેણ. હે શાવળીગા હું તો કથન કે કેણુ કાંય જાણતો નથી; પણ નવ ડેરીએ જે દીવસે મળી તે દિવસથી પ્રીત જાણુછું તે ધાવ વાંચી શાવળીંગા ઘણી ખુશી થઇ હવે સદેવંતે વિચાર્યું કે મેહેતા જાગશે તો દેખશે તેથી ઉભા થવા જાયછે એટલામાં શાવળીંગાએ પાટી લખી પાછી ખશેડી મુકી. **સોહલો**—નીચે નેણે નહી મેલુ કાડી બેસો બેસો મારી છાતી ટાડી; જો ગોર આપણો કરશે રીશ તો સોંપીસ પેહેલું વાઢી માથારે શીશ હે સદેવંત તમે કેમ બીઓછો જો નીચે નેણે બેસો તો કહાડી નહી મુકું ને જો આપણો ગોર રીશ કરશે તો હું મારૂં શીશ તેને પેહલુ વાઢી આપીશ આવું સાંભળી સદેવંતને હીમત આવી તેથી પોતે પાછી પાટી લખી **સોહલો**–ભણતર ગણતર ના જાણું ભેદ; વાંચુછું પણ નથી વિવેક ગો-

ર આપણો રીશાળવોછે તે રખે મને કડવું વચનજ કહે તું મને બેસારે છે તો ખરી પણ ગોર ઠપકો દેસે તે સાંભળી શાવળીંગા પાછી પાટી લખી આપેછે.

સોહલો—શાવળીંગાના અક્ષર ચાર, ગોર વખાણે વારંવાર મનમાં ફડક લગારે નધરે પાટીયું ભરીને રાજ ઓરી ઓરી કરા તઇ લગારે ફીકર રાખશો નહીં ત્યારે સદેવંત કહે કે તારોને મારો મેળાપ થાય આતો જેમ સ્વપનામાં જોઇએ ને જાગીએ એટલે કાંઇ નહી એવુંછે માટે તું આંખે આંખ મળે એવા ઉપાય કર ત્યારે શાવળીંગા કહે આજનોતો દહાડો ગયો પણ કાલે તમે ગોરને ચંપા બાગમાં ઉજાણી આપો પછે ગોર સીધાં લેવા જશે એટલે તમે નીશાળીયાને કાડી મુકજો અને હું છોડીઓને કાડી મુકીશ એટલે આપણે એકઠાં થઇશું એવું સાંભળી સદેવંતે તેના કહ્યા પ્રમાણે બીજે દહાડે ગોરને કહ્યું કે આજ ચંપા બાગમાં ઉજાણી છે માટે તમે ત્યાં જજો ગોર કહે નિશાળ મુકીને કેમ જવાય? સદેવંત કહે કોઠારી તમારા વગર સીધાં કોઇને નહી આપે, માટે તમે પંડે જશોતો સીધાં મળશે પછે ગોર સીધાં લેવા ગયા પછે સદેવંતે છોકરાને કહાડી મેલ્યા અને શાવળીંગાએ છોડીઓને મારી કહાડી અને પડદા પડદા તોડીને ફાડી નાંખ્યા તે જોઇ શાવળીંગા કહેછે કે તમે આ બધા પડદા ફાડીને ઉઘાડું કરયું હવે મહેતા આવશે તો શો જવાબ દઇશું? પેલો કાણીઓ ગોરને તેડવા ગયોછે તે હમણે બોલાવી લાવશે સદેવંત કહે જેમ થવાનું હશે તેમ થશે પછી સદેવંતને શાવળીંગા બે જણ બેઠાં વાતો તો કરેછે **દોહરો**—નેણ પદારથ નેણ રસ વળી નેણેરે નેણ મીલમ અનતણશું પ્રીતડીરે, એતો પ્રથમ નેણારે કરત. હે શાવળીંગા અજાણ્યા માણસથી પહેલી પ્રીત આંખે જોયાથી થાય છે તે સાંભળી શાવળીંગા કહેછે. **દોહરો**—નેણ પદાથ નેણ રશ. ને વળી જે કરી જાણે કોય; જેવો મીઠો મેવો વેણનોરે વળી નેણે તે કદીએ ન હોય હે સદેવંત કુંવર એકલી આંખો તે શું કરે પણ જો સારી રસ ભરેલી બોલી આવડતી હોય તો તે કરે એવું નેણથી થાય નહી તે સાંભળી સદેવંત કહેછે

દોહરો.—૫ટ નેણા ફટ પાપીયા તને હજુએ ધરપત નહીં. નારીને મન નેડો નહી ને પછી લાલચ ત્યાં શું રહી સદેવંત બોલ્યો હે નેણ પાપી ચંડાળ તને હજુ ધરપત વળતી નથી એને મનતો કસુંએ નથી તો તું શીદને લાલચ રાખેછે તે સાંભળી શાવળીંગા બોલી. **દોહરો.**—નેણ અમારા લાલચુને, રાજા ભણી આવે ઢળીઢળી જાય; દેખી અંગા માંડવાને એતો ફોકટની ભીખારીરે થાય. શાવળીંગા બોલી હે રાજા અમેતો અમારાં નેણને ઘણાંએ

વારીએ છીએ પણ રૂડા માંડવા જવાન માણુસ તે જોઇને ભીખારી થાય છે તે સાંભળી સદેવંત કહે છે. **દોહરો.**—અમે નેણુને વારીએ તે વલી રાખીએ ઠીકઠીક; દેખી ગંગા ગોરીઆરે, જેમ માગી ન મળે ભીખ હે સ્ત્રી જેમ તું વારી રાખેછે તેમ હું પણ વારી રાખુછું પણ સારી સ્ત્રી જોઈ ભીખ માગે ન મળે તેવી રીતે લાલચુ થાય તે સાંભળી શાવળીંગા કહેછે. **દોહરો.**—કાંક નેણુને તમે વારજો ને રાજા હઈડુ તે રાખો જોને હાથ ચંચળ નેણાં એતો સ્વા નગતી ને રાજે નફ્ટ ભીખારીની જાત રાજા તમારી આંખો કુતરાં અને ભીખારીની માફક કેમ ભટકે છે? તે સાંભળી રાજાને રીસ ચડી અને કહેછેકે મને કુતરાને ભીખારીની માફક ગણ્યો તે સાંભળી શાવળીંગા કહેછે. **દોહરો.**—પગ ઉપર પાટી ધરીને, રાજા ઉપર મેલ્યાં જોને શીશ; ગોર આપણો આવશે તો, રાજા ઉલટી કરશે રીસ, તમે આ ઉધુ માથુ ઘાલીને બેઠા છો ને ગોર આવશે તો ખીજશે. સદેવંત બોલ્યો. **દોહરો**—કુલ બુડે કામની તણાં ને વળી ઉચ નીચ ઘર જેને જાય અમે નેણાંને વારીએરે મારી આંખો આંખજ ખાય, હું તો ઘણોએ મારા નેણાંને વારૂછું પણ મારી આંખો આંખજ ખાય છે શાવળીંગા પછી આવાં રોસ ભરેલાં સદેવતનાં વચન સાંભળી નમી જઈ કહે છે. **દોહરો**—સુણ શાવળીંગા સદેવંત કહે ને વળી મેલી તે માનની માંણ ઝેર ખાઇને હુંએ મરત તો, મારો પીતા લાજત શાળીવાન હે રાંડ તારા મનમાં તો કશુંએ નથી પણ હું તો તારે વાસ્તે મરત ને મારો પીતા લાજત.

દોહરો—નારીને માટે કીઆ નર મુઆ ને રાજા તમે કરોછો પેહેલા પ્રીત કરીને પાછા ખશેરે એતો ખેલાડુના નહી ખેલ **ચોપાઇ**—ખેલાડુના ખેલ નેણા રસ વેરતાં મુખસે મીઠા બોલ રહેજો તમે બોલતા નારીને સારૂ એવા કેટલા નર મુઆ છે તે મને બતાવો નહી તો તમે મરી રસ્તો કાઢવાના હતા કે શું પણ જે પ્રીત કરી પાછો હઠે એ માણુસ ન જાણવું માટે તમે મારી સાથે હશી ખુશીને બોલો સદેવંત બોલ્યા. **ચોપાઇ**—પદમણી તારાં વેણ રૂદેમાં પરવરે બાણાવળીના છુટચાં બાણુ તે તો પાછાં કેમ ફરે ઓ શાવળીંગા તારા જે વેણુ તે મારા હૃદયમાં સુંસરા ચાલ્યા જાય છે જેમ બાણુલીનું બાણુ પાછું ન ફરે તેમ તને છોડનાર નથી તે સાંભળી શાવળીંગ કહે છે **દોહરો** પ્રિત અગોચર કીજીએરે રાજા મારૂં કહ્યુંરે તું તો મન કોઇને નવ સંભળાવીએરે રાજા એકથી બીજેરે કાન રાજા પ્રીત કરવી તો છાની કરવી પણ એક કાનથી બીજે કાન જાય એમ કરવી નહી ત્યારે રાજા કહે મેં કોને કાને સંભળાવી એ

બતાવ ત્યારે શાવળીંગા કહે કે જુઓ એક લાલાબારોટે બીજી વાલીઆ હજામે તથા ત્રીજી પાટમદે રાણીએ અને થોડી ઘણી મેહેતા પણ જાણે છે. માટે કાંઇ સમજણ રાખો પછી રાજા ઉભા થાયછે કે સ્ત્રી મહા કામાતુર થઇ સદેવંતની ધોતીની પાટલી તાણી ખેંચે છે કે હવે ક્યાં જાઓછો એટણે સદેવંત થરથર ધ્રુજવા લાગ્યો કારણ કે એણે કોઇ દીવસ કોઇની સાથે પ્રીતી કરેલી નહી તથા આ પેહેલ વહેલી થઇ તેથી દેહસત લાગી હવે કાણીઆ ગોરને સોટી કાહાડયા પછી કહ્યું કે મહારાજ સદેવંતે તો પડદા બડદા ફાડી નાંખ્યા એવું સાંભળી ગોર ત્યાંથી ધસ્યા ધસ્યા નીશાળે આવ્યા ત્યાં સદેવંતને શાવળીંગા ઝાલી રહી છે તે જોઇ કહે છે. દોહરો—પકડીઆ કામનીએ છેડલારે રાજા થર થર થર થર થાય એવે સમે ગોરજી આવીઆરે એતો તંબુ તણી માંય.

ચોપાઇ—તંબુ તણીરે માંય, સદેવંત શું કરે, લોકડીયાની લાજ હઇયામાં નવ ધરે ગોર ત્યાં આવી સદેવંતને કહેછે કે તું કોઇની લાજ રાખતો નથી મારીને પડદા બડદા ફાડી નાંખ્યા છે છોકરાને મારીને કાડી મુક્યા માટે હું તો જઇને તમારા પીતાને કહીશ મારે હવે નીશાળ ભણાવવી નથી એવી ધમકી નો અવાજ સાંભળી સરમાઇ નીચું જોઈ નીશાળની બહાર ચાલી નીકળ્યા પછી ગોર શાવળીંગાને કહે છે કે બધી નીશાળ બગાડી તે સાંભળી શાવળીંગા કહે છે. દોહરો—ઘરરે ધુમ્યાંને વળી છાપરાં હાલીયાંરે કંઇ ઓરડા તે ખડ ખડ થાય વાને વંટોળીઓ આવીઓ તે ગોર પડદા ઉડી ઉડી જાય હે ગોર વાને વંટોળીઓ ચડયો તે મારીને છાપરાના નેવા ખડ ખડવા લાગ્યાં ને પડદા છુટીને એની મેળે ઊડયા. ચોપાઇ—શીખ દોને ગોર ઘર દીશાએ ચાલીએ, રૂડા વધામણા કોય પીતાજીને આપીએ એમ કહીને ગોર ઘર ભણી ચાલીઓ. મળીઆ સદેવંત રાય મુખે મુખ ભાળીઆં રજા લેઇ શાવળીંગા બાહાર નીકળી એટલે સદેવંતને કહેછે કે જુઓ આખો દીવસ આપણો અકારત ગયો ને ગોરે જાણ્યું ત્યારે સદેવંત કહેછે કે મારાથી તો કાલે નીશાળે નહી અવાય. આપણું કામ પેલા કાણીયાયે બગાડયું હવે કેમ કરીશું શાવળીંગા બોલી ગોરે ડાંગર વાવી છે માટે બધા છોકરાને અને છોકરીઓને એક દીવસ ટોવા મોકલે છે પણ તમે નથી ગયા અને હુંએ નથી ગઈ માટે જઇને કહોકે કાલે તમારી વાડીએ અમો હુડા ટોવા જઇશુ ને હું તે ભાત આપવા આવીશ. તે સાંભળી સદેવંત પાછો ગોર પાસે આવ્યો ને કહ્યું કે તમારી વાડીએ જવાનો વારો અમને નહી આપો ? બધાને આપોછોને, ત્યારે ગોર બોલ્યા તમે

રાજા છો ત્યારે સદેવંત કહે ઘેર રાજા પણ આંહીતો નીશાળીયા, ત્યારે ગોર બોલ્યા કાલે તમે જજો સદેવંત કહે મારૂ ભાત આપવા શાવળીંગાને મોકલજો ગોર બોલ્યા બાઇ આવશેતો મોકલીશ પછી સદેવંત ત્યાંથી ઘેર ગયો અને ગોર પોતાને ઘેર ગયા પણ ખાવું પીવું સુઝતું નથી ને ઉદાસ થઇને બેઠાછે. ત્યારે ગોરાણીએ કહ્યું કે તમે આજ ઉદાશ કેમ છો. ગોર કહે રાજાનો કુંવર વાડીએ જવાનોછે ને તેને ભાત આપવા શાવળીંગાને મોકલવાની છે ને એ ન જાય તો પછી જીવવાનું ઠેકાણું નથી ગોરાણી કહે એમ તે શું છે મારી પાસે મોકલજો એટલે હું સમજાવીને મોકલીશ. બીજે દીવસે સદેવંત પાટમદેનો પાથરવાનો રત્ન જડીત ઓછાડ હતો તે છાનોમાનો લેઇ બચકીમાં બાંધ્યો ને પાટમદેએ દીઠો એટલે સદેવંતને કહેછે.

ચોપાઇ—દીવસ ચડયો પહોર, બચકા ક્યાં બાંધીયાં; પાટમદે ઓછાડ તે કોને કાજે ચોરીયાં, એ વરણાગી આજ, કોને તમે દેખાડશો, સાચુ કહોને મારા શામ; પાછા ક્યારે ઘેર આવશો. હે માહારાજ આ વરણાગી આજ તમે કોને દેખાડશો ને તમે ઘેર કયારે આવશો પણ રાજા કાંઇ ઉત્તર આપ્યા વગર ગોરની વાડીએ ગયા ત્યાં એક ચંપાના ઝાડ નીચે રત્ન જડીત ઓછાડ પાથરીને સુતા ભોંયમાં કાંકરા હતા તેથી ખુચ્યા તેથી પોતાની તરવારે તે કાચી ડાંગર વાઢી અને તેનો ચોતરો કરી તે પર ઓછાડ પાથરીને સુતા તે શાવળીંગાની વાટ જુએ છે ઝાડ ઉપર તમામ પક્ષીઓ પોતે આમ, જામ, શીતાફળ લીબું નારંગી, બોર ખજુર, દ્રાક્ષ, પપનશ, સરવે ફળ ફળાદી કોચી ખાઈ નાંખે છે પણ કોઇ ઉડાડતું નથી. શાવળીંગા નીશાળે ગઇ એટલે ગોરે કહ્યું કે તને ગોરાણી બોલાવે છે શાવળીંગા કહે શું કામછે ગોર કહે કોઇ કામ હશે શાવળીંગાએ કહ્યું હુંતો કાંઈ જતી નથી પછી ગોરે ઘણું કહી ગોરાણી પાસે મોકલ્યાં ત્યાં ગોરાણીએ કહ્યું કે આજ રાજાના કુંવર સદેવંત વાડીએ ગયા છે અને તુ કોઇ દીવસ વાડીએ ગઇ નથી તેથી આજ ભાત લેઇને જા. શાવળીંગા કહે મેંતો વાડી દીઠી નથી ને હુંતો કાંઈ જતી નથી ગોરાણી કહે ગરજ હોય તો પુછતાં પુછતાં લંકામાં જઇએ શાવળીંગાના મનમાં જવાનું તો હતું ને ગોરાણીએ ઘણું કહ્યું ત્યારે કહે લાવો જઇએ પછી ગોરાણીએ બે લાડવા હતા તે રૂમાલમાં વીંટીને આપ્યા તે લેઇ શાવળીંગા ચાલી ને રસ્તે જતાં વીચાર કરે છે કે મારા રાજા આ લાડવા ખાય એમને વાસ્તે તો બત્રીશ ભાતની રસોઇ અને તેત્રીશ ભાતનાં શાક કરી સોનાના થાળમાં મુકી રૂપાની ઝારીમાં ચોખ્ખું નીર ભરી

સોળે શણગાર પેહેરી જઇને જમાડીશ એમ ધારી એક કુતરો આવ્યો તેને લાડવા ખવરાવી દીધા અને પોતે ત્યાંથી પોતાના રંગ મેહેલમાં એકાંત વાસ ઉપર આવી અને રસોઇ કરવા સારૂં નાહી ધોઇ શાવળીંગા બેઠી પોતે નાના પ્રકારનાં પકવાન, શીરો કંસાર, દુધપાક, આરીયાં ગલકાં કોળું ગવાર મગ, ચોલાની શીંગો, રતાળુ સુરણ, ડોડી, વંતાક વાલળો વીગેરે નાનાં પ્રકારનાં શાક વધારયાં અને વળી કેળાં, અડવી, કોળુ, ઇત્યાદી ભાતભાતના ભજીયાં બનાવ્યાં એ રીતે ઘણી સુંદર રસોઇ મરી મીઠું વીગેરે મસાલો નાંખીને તઇયાર કરી પોતે શણગાર સજવા દાશીને બોલાવે છે. દાસીએ એક રાવતની સાથે માયા કરી હતી, પણ ચાર દીવસથી તેની પાસે ગઇ નહોતી તેથી હમણાં મારી બાઇ કામમાં છે માટે જઇ આવું એમ ધારી તેની પાસે ગઇ ત્યારે પેલા રાવતે ચાર દીવસથી આવી નહોતી તેથી ક્રોધ ચડ્યો ને તેને પાંચ સાત ચાબખા લગાવી દીધા ને કહ્યું કે રાંડ ચાર દીવસથી ક્યાં ગઇ હતી દાશી કહે મહારાજ કામમાં ભરાઈ હતી તેથી અવાયુ નથી તે રીસાઇને બેઠો ને દાશી પણ રીસાઈ કોરે બેઠી. હવે રાવત મનાય ત્યારે શાવળીંગા પાસે દાશીથી જવાય અને શાવળીંગા રસોઇ કરી શણગાર સજે છે અને દાશીને ઘાંટો કહાડે છે પણ ત્યાં કોણ હોય તે બોલે પછી પોતાને હાથે મજુસ ઉઘાડી શણગાર સજવા માંડ્યા ને મનમાં દાશીને ગાળો ભાંડેછે હવે તમામ રસોઇ સોનાના થાળામાં ભરી ઉપર રૂમાલ ઢાંકી થાળ ભરી કોરે મુકયો છે. અને પોતે અંગે સોળે શણગાર સજે છે એવામાં એક લાકડાનો કડકો ચુલામાં સળગતો રહી જવાથી તેની ધુણી જોઇ તેની ભોજાઇ ચોકમાં બેઠી હશે તે રંગ મેહેલમાં આવીને કહે છે. **ચોપાઇ.**—શેઠ મોહોટા સાહુકાર, પીયા ઘેર પ્યારે, નરવી નાંની નાર, તુ આવડો બનાવ કેમ કરે દેખશે દુરીજન લોક વાચારે વાતમાં. આપણે ઉત્તમ જાત, લજાવા પડીએ નાતમાં હે બાઇ આપણે મોટાં છોરૂ થઇ ને આવા તોફાન ના કરીએ શાવળીંગા મહા કોપાયમાન થઇને બોલાઇને કહે છે. **ચોપાઇ.**—મે માનીતી સદાશીવની માનતા. સજુછું સોળ શણગાર અંગપર શોભતાં પ્રથમ પુછ્યુ જઇ મારી માતાને પછી કહી દઇશું અમારા ભ્રાતને, હે રાંડ તુ મારી માનેં કહી ૪ પહેરૂ છું હવે જો કહીશતો તારા માંટીને કહીશ તે સાંભળી ભોજાઇ કહે નકી એના ભાઇને કહીને માર ખવરાવસે માટે શાવળીંગાને સારૂ લગાડવા વાસ્તે સમજાવીને કહેછે. **ચોપાઇ.**—બાઈ મે હશીને કીધો ખ્યાલ, એના નવ આણુશો આરતા. તમે સજો સોળશણગાર,

પેહેરો અંગે શોભતા હે બાઇ હુતો હરતાં હસ્તાં કહેતી હતી એટલામાં તમે એટલી બધી રીસ શુ કરવા કરોછો પછી ભોજાઈ કહે છે. હું જ્યારે નમુધુ ત્યારે હમે જઈ બેસોછો એના ભાઇને કહી શું કરશે.

ચોપાઇ.—કહ્યા માટે શુય, કહેસો તમારા ભ્રાતને પુજવાને ફળ હોય તો તેડવો રૂડા સાથને. હે બાઈ માનતા માની હોય તો સાહેલીઓને તેડી વાજતે ગાજતે જાઓને એકલાં શું કરવા જાઓછો એટલુ કહી પોતે નીચે જઈ બેઠી. શાવળીંગાને ભાભીનાં વચન બાણ જેવાં લાગ્યાં હવે ભોજાઇ અને દાસીને ગાળો ભાંડતી જાય છે શણગાર પેહેરતી જાય છે. **દોહરો.**—કડાં સાંકળા અણવટ વીછવાં, ને વળી ઝાંઝરનો ઝમકાર બાજુબંધ બેરખી ચીપ ચુડલાને વળી નવસર મોતીનો હાર **ચોપાઇ**—હેમ જડયા હાર, મોતી જાણુ મોડીયાં; કેસર ચંદન લલાટ, હળવે તે તાણીયાં શીથો ભરયો અનુપ ગજ મોતનકી રાખડી, બોલે ચંગારે વેન; ફુલાં કેરી પાંખડી, કાંબીને કડલાંરે વીછવા વાજણે. ઝાંઝરનો જમકાર ગુધર ગાજણે, પરતી ઘુઘરમાળા, અંગપર શોભતી, શોભા ઇંદ્રના છોડ, અપસરારે ઉતરી અંગે કુમ કુમ કીલોલ બતરીસી જેની ઉંજવી; દાડમ કલીયાં દાંત બની એક પુતલી, નાક સુડાની ચંચ. તેણે પેહરી વેસરી, દોય નેણાં કેરે બીચ; ચોડી એક ટીલડી સજ્યા સોળ શણગાર. આપરે-સમારીયાં, કાજલ કાલી રેખ, આંખોમાં ડારીયાં ધરયા સરવે શણગાર, બની સુધડ નારીયાં હાથ લીધો થાળ જળ ભરી ઝારીયાં, જ્યારે ઉઠીરે અલબેલ, દાશીરે પધારીયાં. ભાઇરે દોનુંકી નજર વારીવારી વારીયાં હવે શાવળીંગા શણગાર સજીને મેહેલમાંથી ઉતરે છે એવામાં દાશી આવતી જોઇ એટલે રીસ કરી થાળ હેઠો મુકી એક સામો તકતો હતો એમાં પોતાનુ મુખારવીંદ જુવેછે અને કહે છે કે આ મારો સાળુ બહેક હલકો છે તેથી હું બીજી મલકાપરની જે સાડી છે તે પહેરૂં **દોહરો**—આછા સાળુરે મારે ઓઢણેને, હુતો પહેરૂરે ચંગારે ચંગા ચીર; જેના પાલવ રૂડા શોભતારે, એવા પહેરૂ મલકાપરીરે મલહીર એમ કહી હલકો સાળુ કહાડી નાંખ્યો અને ચીર કહાડી પહેરયું પછી હાથમાં સોટી લેઇ દાશીને કહેછે. **દોહરો**—બુધ વિનાની બેનડીને રાંડ હઇયામાં કાંઈ નજાણ, એક તો દુરીજન મારી ભાભી થઇને તેતો હરખમાં કરી હાણ. એમ કહી દાશીને બે ત્રણ સોટીયો જડાવી દીધી કે રાંડ તુ જતી રહીને મારી ભોજાઇ આવી મને મેણા મારી ગઇ તે મારે સાંખવાં પડયાં ત્યારે દાશી કહે છે. **દોહરો.**—સોબતડી બઈ સહુને સરખી ને વળી કોઇને રાજાને કોઇને

રાંક; પદમણી મનમાં વીચારજોરે, બાઈ ગરીબનો કાઢો વાંક. હે બાઇ ગરીબ તા- સેવંત બધાને પ્રીત સરખી હોય, તમેતો મારો વાંક કહાડોછો પણ મનમાં વી- ચારો હવે શાવળીંગા મહેલમાંથી જેમ આકાશમાંથી વીજળી ઝબકે એમ તેજ મારતી નીકળી **કવીત.**—મંજ નીગદ બેઠા કટાક્ષ માનતુજ નેનેનેન મોહ અંજન બનાય કે, આભુષણ લીલા બની ઠની અતી પ્યારી કારી ધનસારી ધતબારી લપટાયકે, અતી હું ગટાજ્યુ અંધારી કારી વીજળી ચમકે માનુ અ- ટારી ચરી આયકે; સુંદર શાવળીંગા ચલી જાય બજારમાં શણગાર સભી લ- ગાયકે. **કવીત.**—શીરાફુલ શીરદાર, બે સરતો ફોજદાર; કરણું ફુલ કારકુન ગજરા તે કાજી હે. નેન તો અમીર જાકે, અધુર બેન, બાજુબંધ છડીદાર, છ- ટા છટી છાજહે, કાનુ કે કુછ જાન કંચુકી બીરાજમાન નઈસિદકી જો બનકી જમારી ઝાઝીહે, સુંદરી સજે શણગાર પ્રીતમકુ મીલનેકુ ઝાંઝરકો કોર માનુક નોબત જ્યુ બાજી હે, અંચકો ઓટમાનુ કોટ કીયો ઘુંઘટકો, એ કેહી ચીત અલી મોરચો હઠાયોહે; મારેતો શમશેર અતી, કટાસીદીંગ અંજનકો જીતકો નગાનો અગડ બબહી બજાયો હે, મોતીરામ નેન બાન કામકી બંદુક માન, મન લુકી અડક ઝઘડો મચાયો હે; શેજ સુખડા મીલે આભુશણ ખેતપરે આ- જ ગોરી ધરે પલકે મરદકુ ચઢયો હે. આવી તરેહથી તેના શણગારની અને તેના બદનની અગણીત શોભા આપતી શાવળીંગા બજારમાં જાય છે.

ચોપાઇ.—નારી ઝાઝા નેહ, બજારમાં નીસર્યાં, સારા શેહેરના લોક દીવાના હો રહ્યા, જેગ હાથમાં દીવો સાર, જોવાને નીસરી; કોરે ઓભે કોય ગમુકે છે વીજળી. **સોહલો.**—સુંદર બજારમાં ચાલી જોય, લોક કહે રૂપ વંતી વાગે વાય; છેલ જુવે તેને કેમ સુહાય હૈયું ફુટેને કહે હાય હાય, શાવળીં- ગા ચાલી જાયછે એવામાં એક વાણીઓ ઘી તાવતો હતો તે હાથમાં કુલ્લું લેઇને તાવડામાં રેડવા જતો તેવામાં તેણે શાવળીંગાને જોઇને બે ભાન થઇ ભોંયમાં ઘી રેડી દીધું તે જોઇ એક જુવાન બ્રાહ્મણ વાણીયાને કહે છે.

દોહરો.—પડયો બાજ શું કાજશુ, ને ઝટઝટ કુરંગીની ખાય. ધીરે વે- ચંતા વાણીયારે તારા ધ્રત ઢોળી ઢોળી જાય. હે વાણીયા એમાં શું દીઠું, કે તેં ઘી ઢોળી નાંખ્યું ત્યારે વાણીઓ બ્રાહ્મણને કહે છે. **દોહરો.**—સાચા દલથી સમરણ કરીને, વળી ચાલી જાય સુરત નીરધાર; મેરે આવે માગીએ, એવી નાની નાજુક નાર, વાણીયો કહે એના રૂપ ઉપર એક કુલ્લું તો શું એવાં પાંચ કુલ્લાં ઉતારીને ફેંકી દઉ કોઇના તરફતો જોતી નથી. બ્રાહ્મણ કહેછે જો પેલી

સ્ત્રી કેવી સુંદર છે આ કહેવું સાંભળી બ્રાહ્મણની સામુ સાવળીંગા પાસે જોયુ તેથી તે બીચારો ખાળમાં પડયો ને સાવળીંગા ઉભી બજારમાં ચાલી નીકળી અને તેનું રૂપ મહા તેજસ્વી કે જેવી આકાશની વીજળી પુનમનો ચંદ્ર અને હોળીની ઝાળ માફક પ્રકાશ પામી રહ્યું છે અને જે જુવે છે તે મોહીત થાય છે એક સોનારની દુકાન હતી તેમાં તે ઘાટ ઘડતો હતો તે એને જોઇ પોતાનો હથોડો માથામાં મારવા લાગ્યો અને ચોરામાં છે ચારણ ભાટ બેઠેલા તે અને દુકાનોમાં બેઠેલા વાણીયા તેને જોઇ મોહીત થયા. દુહો—ચોરે મોહ્યા ચારણ ભાટ બજારે મોહ્યા વાણીઆ, સોનીએ ફોડયાં શીશ, લવારે પગ તોડીયા. એવી રીતે સાવળીંગા કંઇકને છકડો મારતી ચાલી જાય છે એવામાં ખાળમાં જે ભટ પડયો છે તેની સ્ત્રી જમવાની વખત થઇછે તેથી મહારાજને ખોળવા નીકળી છે એવામાં એક આદમી કહેછે કે આ બાયડી જાય છે તેને જોઈ મુર્છા ખાઈ પેલા ખાળમાં તે બ્રાહ્મણ પડયો છે ત્યારે પેલી સ્ત્રીએ રીસ ચડાવીને શાવળીંગા સાથે વડવા લાગી કે તું મારા ધણીને મારી ક્યાં જાય છે તે વારે શાવળીંગાએ સામું જોયું એટલે તે પણ રાભી થઈ ગઇ પછી ભટાણીને કહે છે. હે રાંડ મને જાઇને તો હાથીના દાંત ઉખડી પડે છે પણ તારો ધણી જીવતો રહ્યો માટે ઘેર જઇ સાકર વેંચ એવું સાંભળી ભટાણી ઝંખવાણી પડી ગઈ અને પોતાના ધણીને ખાળમાંથી ઉઠાડી ઘેર લઇ ગઇ હવે શાવળીંગા બજારમાંથી ચાલી ચાલી દરવાજા આગળ આવી ત્યારે ત્યાં દરવાજામાં એક જવાન અને એક ઘરડો એવા બે સામ સામા સીપાઇ બેઠા છે પેલા જુવાન છોકરાએ કહ્યું કે દેખો બડે માઆ કયા મજેકી નાજુક નાર આતી હે ત્યારે બુઢો બોલ્યો કે ચુપ રહે એ તો કોઇ જીવતી ચુડેલ હે તું નાના હોકે કયા બોલતા હે અભી બજારમાં બડા જુલમ કરકે આઇ હે એક સોનીના ઉસકુ દેખ કર શીશ ફુટ ગયા; એક લુહારકા પાઉ તુટ ગયા ઓર એક બનીયાકા ઘીકા કુપા ઢોળા ગયાં એક બમન તો બીચારા બુરી તરેસે પડયા હે ને જો કુછ તુ બોલેગા ફીરબી તેરી એસી હાલત હોવેગી ને મે આગે જાઊંગા. છોકરો કહે ક્યા અપનકુ કુછ કરેગી અપન તો ઉશી સાથ સીધા બાત કરેગા એમ કહી શાવળીંગાને કહે છે, કે હે સ્ત્રી તેરી પાસ કુછ હથીઆર તો હે નહી ને તુને સારી બજારકું કતલ કર ડાલી એ તો બડી જુલમકી બાત એ સાંભળી શાવળીંગા કહે છે હે મીયાં હું શણગાર સજુ તો મને દેખે એટલા ભોંય પડેએમ કહી થાળ લઈ દરવાજા બહાર નીકળી એવામાં એની એક સઇપણી સામી મ

ળી ને કહે છે. **દોહરો**--કંચન થાળ જોને કર ધર્યોને વળી તારે હઇડે, તે હરખ ન માય પગરે પડે છે ઉતાવળો ને વળી કોને સઇયર ક્યાં જાય.

ચોપાઇ--કોને સઇયર કયાં જાઓ એકાએક નીસરી મુજ સઇયરનો સાથ ને તું કેમ વીસરી તારા દીલની વાત, મારા આગળ નહી કરે સરવે સાહેલીઓની આણ અહીંથી જો તું ડગલું ભરે આ સાંભળી શાવળીંગા કહેછે.

દોહરો--મેં માનીતી શીવની માનતાને, વળી દીવસ ચડતો જાય જાવું છે ગોરની વાડીએરે મારા ફુલડીઆં કરમાય. તે સાંભળી સઇયર કહે છે.

દોહરો--બોલડીઉં તો તારી મીઠી લાગે ને વળી વેણુનાં નથી તારે મુલ; જાઓછો ગોરની વાડીએ ને ત્યાં કઇ કઇ જાતનાં ફુલ, હવે શાવળીંગાએ ગોરની વાડી જોઇ નથી તો ફુલ શી રીતે બતાવે પણ પોતે મહા ચતુરછે કે ન થી તે કહી બતાવે છે. **ચોપાઇ**-ચંપો મરવોને શાળ, વળી કેવડો મહી કેતકી જાઈ જાવંતરી ને ડોલરે, ચંબેલી બહુ ફળી, વરણ અઢારે ભાત, તેની જુદી જાતડી; છે એક ચંપાનો છોડ, તેના વળુધી મારી વેલડી કરમ સંજોગ કોય, વધી છે વેલડી; કહુ છું સાચી વાત, સાંભળ મારી સાહેલડી બેનપણી કહે બેન તારી બોલી ઉપરથી બધી મતલબ હું સમજી ગઇ પણ જોજે કાંઇ હળવી પડતી. **સોહલો**--જે સર વીતીએ સરમાર કાંક રાખો બોલ્યાનો વિચાર; વેણ વેણ પાડો છો ભાત, આપણે ઉત્તમ માજન હે બેહેન ગણી ગણી બોલ તો આપોછો પણ જે મહીથી વાંકુ ન થાય એમ કહી ફરીને કહેછે.

દોહરો.—શાંભળ મારી સાહેલડીને, વળી કાંક રાખોને વીચાર જુગત કરીને જમાડજો; ને વળી એ પળ લેજોને ઉગાર આ સાંભળી શાવળીંગા કહેછે

દોહરો.—સાંભળ મારી સાહેલડીને, વળી પુરણ મેતો કીધાં કામ; જુગતેથી રાજાને જમાડીશું ને મારી લાજ તો રાખે મારો રામહે બેહેન લાજતો પરમેશ્વર રાખનાર છે એમ કહી પોતે વાડી ભણી ચાલી રસ્તામાં બે રસ્તા આવ્યા એટલે ખમચાઇને ઉભી અને એક ગોવાળીયાને પુછેછે. **દોહરો**.—સોનાં ઉઢાણી શીરપર ધરીને, વળી માથે તે મેલીયું જોને ભાત; ભાઇ વીરા જોને ગોવાળીઆ વીનવું ને મારી કોઇ વાડીને કોઇ વાટ. હે ભાઇ ગોરની વાડીનો રસ્તો કીયો? **દોહરો**.? ઊંચા તે આંબા જોને આંબલીને, વળી નીચે છે દાડમ દ્રાક્ષ; ઉપર સુડા જોને સાડવેરે તારી એ છે વાડીને એરે વાટ. એ સાંભળી શાવળીગા પોતે હરખમાં ચાલી જાય છે અને જ્યાં પવનનાં ઝપાટાથી માથા ઉપરનું ચીર ખશીને અંબોડે આવી રહ્યું છે અને મુખારવીંદ ઉઘાડું તેજ મારી

રહ્યું છે અને ચોટલાની વેણુના પટીયાં કાળા ભમરાની માફક ઝળકી રહ્યાં છે અને પોતે માહા મદમાં હરખભેર હંસના માફક કુદતી ચાલી જાય છે તે જોઇને સદેવંત કહે છે. **ચોપાઇ.**—છુટે પટે જોને નાર, એમના એમ આવજો સનઘટ કેરી આંચ. આડી નવ લાવજો છુટે પટે જોને નાર, લાગે બહુ સારીયાં, સાવળીંગા સમતોલ, નાવે બીજી નારીયાં એ સાંભળતાં શાવળીગા વીચાર કરે છે કે રાજાએ મને લાજ કાહાડવાનું કહ્યું તેથી પોતે ઘુંઘટો તાણી ચાલી આવી. **ચોપાઇ.**—અવળી ફરીરે અલબેલ, આપરે સમારીયા સમઘટ છેડા તાણુ, ઘુઘટ લઈ વાળીયાં માથે સોનાનો થાળ જગભરી ઝારીયાં ચંપાને થડ કોય આવીને ભાત ઉતારીયાં ચંપાને થડે ઉતારી પોતે આઘી ઉભી છે તે જોઇ મહા કોપાયમાન થયા ને કહ્યું કે તુ મને જમાડવા આવી છે કે ઘુંઘટો તાંણી રોવાં? એમ કહી રીસાઈ ત્યાંથી પોતે ઉઠી આઘા ગયા, શાવળીંગાના મનમાં કે રાજા પેસાબ કરવા ગયા હશે તે હમણે આવશે પણ રાજા તો આવ્યા નહી તેથી રાજાને મનાવવા સારૂ ચંપાના ઝાડને કહેછે. **દોહરો.**—ચંપા તુજને ભમર છંડેને, વળી મુજને છંડેરે સાજન; હેતેને પ્રીતે અમે આવીયા કેમ રીસે ભરાયા રાજન **સોહલો.**—રીસે ભરાયા ઓરાજના, ગોટા ગહવા મારા સોજા સાજના; કહ્યું નથી વાલા તમને કેણ, દુવાણા જેમ દુસ્મનના વેણ હે રાજા તમને મેં કાંઇ કહ્યું નથી ને તમે રીસાઇ કેમ બેઠા છો તમારા જીવની ખાતર ત્રણ ગઉ ચાલી આવીને પગમાં તો ફોલ્લા પડી ગયા છે; તોએ તમે બોલતા નથી એનું કારણ શું? રાજાને રીસ ચડી તેથી હુડા ટોવાનો માળો હતો તે ઉપર ચડી બેઠા. શાવળીંગા કહે મહારાજ પગ ધુવો અને કહોતો થાળ અહી લાવું. પછી રાજાએ એક આંબલીનીસોટી લેઇને ઝાપટી દીધી તે સોર ઉઠ્યો તેથી નીચેબેસી રોવા માંડયું ને પોતે પસ્તાવો કરે છે કે મેં ઘરમાં તો હજુ લગણ કોઇનો ટુંકારો ખાધો નથી ને અહીં માર ખાવો પડે છે એ મારા કરમનો વાંકછે એમ કહી રાજા પાસે ગઈ અને કહેછે હે રાજા તમને દયા નથી આવતી કે તમે વામાં ગાંડા થઈ ગયા, રાજા કહે તેને કહ્યું કે તું આવતીતી એમને એમ છુટે પટે આવજે ત્યારે તો તું ઘુઘટો તાણીને મારા નામનો છેડો વાળીને આવી એમ કહી કહે છે. તે સાંભળી શાવળીંગા કહે છે હે રાજા અમારો સ્ત્રીનો ધરમ છે કે લાજ મરજાદાથી આવવું પવનથી મારા અંબોડાપર ચીરનો છેડો ઉડીગયો તેને ખસેડતાં જરા નાચો ઉતરી ગયો તેમાં મારો શો વાંક કાહાડો છો એવું સાંભળતા રાજા ખુશી થયા ને મનમાં કહે છે બાપડીને વગર વાંકે મારી

પછી થાળ પાસે આવીને બેઠાં

દોહરો.—નથીરે નીરને નથી સરોવરાને, વળી નથી કુવામાં જોને કોસ; નીર ઢોળ્યા નહી. મજેને, રાજા દેશો કંઇ અમને દોશ. **સોહલો**—દેશો કાં તમો અમને દોષ, અને ચડયો તે ઉતારો રોશ. શમક્ષા સમજીલ્યો તમે જાણી પણ ઢોળ્યાં ઇ મજે પાણી હે રાજા આ પાણી તમે ઢોળી નખ્યું તે હું ક્યાંથી લાવીશ અહીઆં કાંઇ સરોવર કે કુવામાં કોશ નથી તે સાંભળી રાજા હશી પડયો ને સ્ત્રીને કહેછે જે જમાડશે તે પાણી નહી પાય? વાસ્તે પાણી લઇ આવે તો જમીએ નહીં તો થાળ લઇને પાછાં ઘેર જાઓ. બાંવળીંગા કહે ક્યાંથી લાવું? ત્યારે રાજા કહેછે. **દોહરો.**—હંશ કુવોને હંશ વાવડીને, વળી હંશલી તું શોચન હાર; નીર ભરી આવો સુંદરી તો, આપણ ભોજન જમીએ સાર હે સ્ત્રી આહ ંસ કુવા ઉપરથી પાણી લઈ આવો હવે શાવળીગા કુવા ઉપર શાળુ બાંધી ઝારી કુવામાં શાંશી પણ કૂવો ઉંડો તેથી પોહોંચી નહીં તેથી કૂવા ઉપર ઉભી છે એટલામાં ગોવાળીઓ ગાયો ચારાવે છે તેને કહ્યું ભાઇ અહીંયાં મારૂ ચીર પોહેચતું નથી નેતબીજે કંઈ પાણી મળશે? ગોવાળીયો કહે શહેરમાં જાવ તો મળે નહીં તો અહીંથી બે ગાઉ ઉપર નદી છે ત્યાં જાવ તો મળે પછી ચીરનો કછોટો વાળી હાથમા ઝારી લઈ પોતે નદી ભણી ચાલી રસ્તામાં જતાં પગે કાંટા વાગ્યા અને ચીર પણ કાંટામાં ભરાઇને ફાટવા લાગ્યાં એવી રીતે ઉજડ વગડામાં ચાલતી નદીએ જઇ વિચાર કરવા લાગી કે અહીંઆં કોઈ છે નહીં માટે હું નાહી લઊં પછી લુગડાં ઉતારી નદીમાં નહાવા પડી નદિ તીરે એક શીમળાનુ ઝાડ ઉગ્યું. હતુ તેને કહે છે. **દોહરો**—નદી કીનારે શીમળાને, ભુંડાં કયાં ન ઉગ્યોરે તું દુરઃ મારૂં જોબન તારા ફુલડાંરે, તેતો જાય છે વેહેતે પુર તે સાંભળી સીમળાનું ઝાડ કહે છે. **દોહરો**—હું નદી કીનારે વસુ સીમલોને વળી શોટો પાંસરો દોર તારૂ જોબનને મારાં ફુલડાંરે, ભુંડી જાએ વાને વંટોર. પછી એક ચંપાનુ ઝાડ હતું તે જોઇને કહે છે મારારાજા ચાંપાની સુગંધ લેછે તેથી મને પણ અહીં મળી માટે એ વાણી સારૂ બે ચારેક ફુલ વીણી લઊ નદીની સામી તીરે એક કેળનુ ઝાડ તે પેલા ચંપાને કહેછે કે મારા અમરત જેવા ફળને મારાં પાંતરામાં સઊ ભોજન જમેછે તેનું તો નામ નથી લેતી અને તારી પાસે ભમરો સરખો પણ નથી આવતો તે તારાં ફુલ આ કોમળ સ્ત્રી હરખથી વીણે છે ભાઇ તું તો મહા નસીબવાન એમ કહેછે.

દોહરો.—ચંપા તુતો સભાગીગો ને, વળી શીતળ જોને છાંય; શાવળીં

ગા વીણે તારાં ફુલડાંરે, એતો લાંબી કર કર બાંય. હવે ચંપો કહેછે હું શેનો સભાગીયો, સભાગીયા રાણીજીના હાર કે તે રાણીની ડોકમાં હીંચેછે તે સાંભળી હાર કહેછે. દોહરો.—હાર કહે અમે સેના સભાગીયાને, વળી સભાગીયાં રાણીજીનાં ચીર કેડે પડે જોને પાટલીને, વળી વેંટાઇ વળેરે શરીર. ચીર કહેછે.

દોહરો.—ચીર કહે અમે શેનાં સભાગીયાને, વળી સભાગી નદીયોનાં નીર; ચીર ઉતારી કાંઠલે મુક્યાં ને, વળી નીરને સોંપ્યાં શરીર, આ સાંભળી નીર કહેછે. દોહરો.—નીર કહે અમે શેનાં સભાગીયાં ને, વળી ઉલટો ધુવે જોને મેલ; સભાગી શાવળીંગા સુંદરી, એને રૂડો મળેરે કોઇ છેલ. આ સાંભળી શાવળીંગા કહેછે. દોહરો.—શાવળીંગા કહે હું શેની સભાગણીને, વળી સભાગી સદેવંત રાજ, રૂઠયા રાજા માનસેતો, ભાઇ સુધરયાં અમારાંરે કાજ. એમ કહી વાડીમાં ચાલી. ચોપાઇ.—શાવળીંગા રૂપસ્વરૂપ, વાડી દીશાએ ચાલીયાં; કાજળ કાળી રેખ; નેણુમાં ડારીયાં, કે વચનનાં બાંધીયાં કોય, વાડીએ પધારીયાં, શાવળીંગાને વેગળેથી ઉતાવળી સાસ ભરી ચાલી આવતી જોઇને મનમાં વીચાર કરેછે કે એક ડગલું ન ભરે તે મારા સારૂ બે ગાઉ નદાએ જઇ પાણી ભરી લાવેછે મેં તેને વગર વાંકે મારી એમ કહી પોતે કહેછે હવે આવે એટલે ઝટ જમવા બેસવું પણ જ્યારે તે પાસે આવી એટલે વીચાર ફરી ગયો કે શું આપણે એને પેહેલાં બોલાવીએ ? ગરજ હશે તો ધણીએ બોલાવતી આવશે શાવળીંગા પાણી લઇ આવી પાસે ઉભી પણ રાજા બોલતા નથી ત્યારે શાવળીંગા રાજાને બોલાવે છે. દોહરો.—રૂડી ચંપા કેરી છાંયડીને. વળી વાયરે શીયાળુ વાય જમીલોને રાજનાને, વળી ભાજન ટાહાડાં થઇ જાય. હવે સદેવંત કહેછે. દોહરો.—પીરશા વીના જોને પદમણીરે, એતો કામની કેમ ખવાય; અવર પુરૂષને ઓરતરે, એ તો જુગતે જુગતેરે જમાય, શાવળીંગા બોલી હે રાજા હવે સાંજતો પડવા આવી છે અને કોઇ જોવા આવશે તો મોટો વરઘોડો થશે પણ મને તો કોઇની હરકત નથી તમે જમોતો ખરા હું કોઇની બીક રાખતી નથી. દોહરો.—જેમ મેદની જોવા મળીને, વળી વીવામાં ફરે વરરાય; તેમ જમશે રાજના તો, વળી તેમ જમાડું મારા રાય. આ સાંભળી સદેવંત કહેછે. દોહરો.—સુણ શાવળીંગા સદેવંત કહેને વળી વરતાઈ રહી બધી વાત, હેને તે પ્રોતે અમે પરણશું. ને વળી નહી વટલાવું મારા હાથ. તે સાંભળી શાવળીંગા બોલી. દોહરો.—સુણ સુણ સદેવંત શાવળીંગા કહે ને વળી તનમાં રાખુ જોને ટેક; આજ જમાડુ મારા રાજને,

વળી વીવા કરતાં વીશેક, તે સાંભળી સદેવંત કહેછે. **દોહરો.**—સુણ શાવળીંગા સદેવંત કહેને વળી પાળો કે નહીં પાળો પ્રીત; હેતને પ્રીતે અમે આલીએરે તમને રાજવળાની રીત આ સાંભળી શાવળીંગા કહેછે. **દોહરો.**—સુણ સદેવંત શાવળીંગા કહેને વળી પાળીશું અમે પ્રીત, હેતેને પ્રીતે અમને આલજોને, તમારી રાણીજીની રીત. એ સાંભળી સદેવંત મનમાં બહુ હરખ પામ્યો તેમ શાવળીંગા પણ ખુશી થઈ પોતે કહેછે. **સોહલો.**—હશી હશી કામની જોને ઝાલે હાથ ને સાંભળો રાય મારી સાચી વાત, કોડેથી આજ જમું કંસાર; સઉ ભરત લોક જુએ સંસાર. એમ કહી સદેવંતનો હાથ ઝાલેછે.

ચોપાઈ—ચંપા કેરી છાંય, જમાડુ રૂડા છેલને, મેલી મન મરજાદ કરૂ રંગની રેલને, કરો કરોની વાત ડરાવી હુંતો નહી ડરૂ. આલો મનની મોજ; નહીંતો વખ ખાઇને મરૂ આ સાંભળી સદેવંત કહેછે. **દોહરો,**—કહેતો કામની તુને હીરા દઉને, વળી કહેતો આલુ ગામ ગરાસ, મોહ આવે તે માગજોરે, કામા તુને તુઠોછુંરે આજ. હવે શાવળીગા કહેછે. **દોહરો.**—કુડી લાલચને શુએ કરૂંને એતો ખાધેથી ખુટી ખુટી જાય; પણ એક વચન આપો અલબેલડાને, તે જુગ જુગ નહી વિસરાય. તે સાંભળી સદેવત કહેછે.

દોહરો.—એક તો મારા ઘર કેરી ગોરીયાંને, એક મારા નેણાં કેરી જોને નાર, તુજ ઉપરથી બીજી સુંદરીને, વારી નાંખુ સોસોરે વાર. શાવળીંગા મનમાં કહેછે કે ઘડીમાં રીસાયા અને ઘડીમાં મળી જાય તેની સાચે પ્રીત કરીએ તે જનમ સુધી નભેતો સારૂ નહીં તો ફજેતી એમ કહી રાજાને કહેછે.

દોહરો—નફટ આવો નહોતી જાણતીરે, નીકર પગરે ઉપાડતી જોય, બેરે ઘડીને કરણેરે, રાજા ઘરના ગુલામરે ન હોય એ સાભળી રાજાને ક્રોધ ચડયો કે મને તેં નફટ કહયો પણ તને મુકનાર નથી. એમ કહી તરવાર લઇ ઉભો **દોહરો—શુણ** શાવળીંગા સદેવંત કહેને વળી મેલું મનની લાજ, શીશ પડેને નારૂ ધડ લડેને વળી તોયે ન મેલું તને આજ. **સોહલો**—તોએ ન મેલું તને આજ કેમ કરી રેહેશે તારી લજ; શમશા સમજીને તું લે, અને કહેવું હોય તે અમને કહે એવાં વચન સાંભળી વીચાર કરેછે કે રાજા મેલનાર નથી કાં મરશે કે મારશે પણ હું એની રીસ ઉતારૂ. **દોહરો—શીશ** સલામત રાજવાને, તમે જુગ જુગ અમર રહો, અમે ઘર દીશાએ ચાલીએને, વળી કહેવું હોય તે કહો હે રાજા તમે મારવાને કેમ ઉભા થાઓછો અમે અમારે ઘેર જઇશું સદેવંત તરવાર મેન કરી કહેછે જઇશ નહીં તને મથા કેડે મને

ગમશે કેમ તને નહી મારૂ પણ મારો જીવ ખોઇશ. **ચોપાઇ**—શીશ સલામતરાજ; એવી રીસ નવ રાખીયે, પ્રેમે પાળો તમારે હાથ સળરસ ચાખીયે દીયા હોય કીરતાર તો તો આપણે ખાઇયે. આલ્યા હોય દાન કથીર, સોનું ક્યાંથી પાઇએ સોનું રૂપ સ્વરૂપ; તેમાં નથી વાસના, ન કરતો નાગરવેલ ભુલ્યો નવ તારના **દોહરો**—હમણાં ભય વરતશો, તો કાળી કુળમાં કરીશ નવ કેર; અમને એવડુ શું કહોને વીધાતરાશું તારેવેર. **સોહલો**—વીધાતરાશું તારે વેર કહીએ તો લાગે કડવું ઝેર; હવે નથી તું મારે હાથ નોતરજ્યો માહારાજની નાત. આ સાંભળી સાવળીંગા કહે છે **ચોપાઇ**—પણ આવડી શું કરોછો અલવાણ. પ્રીતો જોવા જેવડી; હે રંકને ઘેર રત્ન, વીધાતરા થઇ વેલડી. તે સાંભળી સદેવંત બોલ્યો. **દોહરો**—શુણ શાવળીંગા સદેવંત કહેને તું તો ભુલ્યો તે ભેદ બતાવ; ભોજન કરીએ આપણે બે જણાં ને વળી એક ઓરી તું તો આવ ત્યારે શાવળીંગા કહે છે. **દોહરો**—અમે વેપારી રાજા વાણીયા, વળી પળીએ વેચંતા તેલ; તમને અમ વચ્ચે અંતર ઘણોને વળી કયાંરે ચંપોને કયાં કેળ. આ સાંભળીને સદેવંત કહેછે **દોહરો**—નવરે વેપારી જોને વાણીયા; ને ગોરી નથી રે વેચંતાં તમે તેલ તમરે અમમાં રાણી અંતર નહીં જેમ ચંપે વીંટાઇ નાગર વેલ આ શાવળીંગા કહે છે. **દોહરો**—સોનું જાણીને રાજા સંગ કરૂ ને, વળી નીપજે જાત કથીર; કાયા વટાળી અંન પત ખોઇએ તો વળી સાંસાં પડેરે શરીર એવાં વચન સાંભળી સદેવંતના મનમાં રોશ ભરાયો તેથી થાળને ખશેડી મુકી હાથ ધોઈ વેગળો બેઠો હવે શાવળીંગા વીચાર કરેછે કે આતો વળી ઉલટી પાછી પળા થઇ રાજા પાછા રીસાયા તેથી રાજા પાસે જઇને કહે કે હુંતો મસ્કરીમાં હસતી હતી આપણે ભેગા બેશીને જમીએ તેમ તેમ રાજા અવળું જોઈ બેસેછે અને કહેછે કે હવે તો મારે ખાવુંજ નથી ત્યારે શાવળીંગા મહા રૂદન કરેછે ને રાજાના મોંઢા આગળ ખોળા પાથરેછે તોએ માનતા નથી. **સોહલો**—નરની અગાડી નારી ખોળા ધરે તેમ તેમ અલબેલો અવળો ફરે; નારી બેઠી રૂદનજ કરે, આંખે આંસુડાની ધારા ઝરે. તોએ રાજા મનમાં દયા લાવતા નથી, શાવળીંગાએ વીચાર કર્યો કે હવે હું રીસાઉં તે વગર એ માનશે નહી એમ ધારી પોતે રીસાય છે.

ચોપાઈ—આંખે આંસુડાનો ધાર, અલબેલી ઉઠીયાં. મળશે રાણીને રાજ, જવાબ તે દઈ ગયાં પદમણી કહેછે રાજ પ્રાણ અમે પાડશું એમ કહી સાળુનો કછોટો વાળી કુવાભણી ચાલી. એટલે રાજા કહેછે કે હવે પાછી મને

નામોશી આપશે તેથી રાજા પોતે શાવળીંગાને ઝાલવા દોડ્યા અને કુવા ઉપર જતાં તેનુ કાંડુ ઝાલીને પાછી ખેંચે છે. તોએ માનતી નથી અને કુવા ભણી તણાતી જાય છે ત્યારે સદેવંત તેને નાના પ્રકારના કાલાવાલા કરી કરગરે છે ત્યારે શાવળીંગા કહે છે. **ચોપાઇ**--પાલ્રફડે મત જુમ, ભમરા તું છે વાલમાં, આંબે હાથ ન લગાડ આંબા છે રાવળા કાચી કળીયાં મત તોડ તુટેગીરે ડાલીયાં; છેડા હમેરા છોડ. દેઉંગી તને ગાલીયાં, હવે સદેવંત કહે છે.

ચોપાઇ--ગાળો દેને દશવીશ ગાળો તારી સાંખશુ. તુજ સરખી નાર તેતો ઘેર લાવશું, શેઠ મોહોટા સાહુકાર લુંટાવે વેલ વાડીયાં, તુ કળી એક ગુલાબ, કાયકુ દેતી ગાલીયા. એવી રીતે શાવળીંગાને ઘણી રીતે સમજાવે છે પણ માનતી નથી ત્યારે રાજા સમ ખાયછે કે જો હું દગો દેઊં અને તારાથી બે ઇમાન થાઊં તો મારા પીતા સાલીવાહનના સમ છે. એમ કહી રાજા ગદ ગદ કંઠે થઈ રહ્યા છે શાવળીંગાએ વીચાર કર્યો કે જો હું ઘણી રકઝક કરીશ તો કોપાયમાન થઈ કાં માર કે કાં એમનું માથું જુદુ કરશે માટે બોલું એમ કહી કહેછે. **દોહરો.**—પદ્મણીને તો પ્રીત ઘણીને, વળી રાજાને ઝાજેરી રીસ ઓરા તેડીને ચોકમાં માર વાઢી લેશે શીશ પછી બંને જણ થાળ આગળ આવી જમવા બેઠાં અને ત્યાં નાના પ્રકારની હાસ્ય વીનોદ કરતાં જાય છે અને અરસપરસ એક એકના મોઢામાં કોળીયા ઘાલવા જાય છે. રાજા પોતે હેતમાં શાવળીંગાને ઘણું ખવરાવેછે ત્યારે શાવળીંગા સદેવંતને કહેછે.

દોહરા.—અન્નથી અદકુ કોઇ નથીને રાજા સજણ રજણ કે સેણ જમીલ્યોને ઠાકરારે. વળી નેહ કરે છે જોને નેણ. **ચોપાઇ.**—ભોજન કરતારે જાઓ, નીરખો તમે નેણ શું; અરની રાખું આજ, સદેવંત સેહેજશું કોડે જમું કંસાર. પદ્મણી અતી પ્રેમશું પ્રીત અદ કેરી હોય બોલાવે તો વેણશું.

ચોપાઇ—જુગતે કરીને કોઇ રાજાને જમાડીયા. મન ગમતા મખવાસ અલબેલા ને આપીયા; ક્યારની કરૂછું અરજ હાથ મેંતો જોડીયા, શીખ દોને મારા સ્વામ, જીવ મારા ઉદાસ થયા હવે શાવળીંગા હાથ જોડીને કહેછે કે જમતાં જમતાં આખો દહાડો વહી ગયો. માટે મને રજા આપોતો હું જાઉ કેમકે મને વાર થઇ તેથી હમણે ગોર પેલા કાણીયાને મોકલશે ને તે અહી આવશે તો પછી ફજેતી થશે મન હશે તો માલવે મળીશું તે સાંભળી સદેવંત કહેછે **દોહરો**—પદ્મણી આવ્યાં સુજાની એને, વળી શું જાણે ચંપાને શાળ; સુડા તારી સાખ્યો પુરશે ને વળી પદ્મણી પાસુ તુતો ઢાળ હે સ્ત્રી જરા-

વાર અહીં બેશ અત્યાર સુધીતો રીસાવા મનાવામાં વખત ગઇ ત્યારે શાવળી-ગા કહેછે કે હે રાજા આવી ઉતાવળમાં મને ખોટી કરવાનું કરોછો પણ ગોર પુછશેતો શું કહીશ? ત્યારે સદેવંત કહેછે કે તું ગમે તે જવાબ દેજે પણ જરા વાર બેશ તો ખરી તે સાભળી શાવળીંગા કહે છે. **દોહરો.**—સુણ સદેવં-ત શાવળીંગા કહે ને મારા હઇડામાં આવેછે વીચાર; ઓરાં ન અમે આવીએ-ને, તમારા પંડનો નહી પતીઆર. હળવે સદેવંત કહેછે. **દોહરો.**—સુણ શા-વળીંગા સદેવંત કહે, ને મેંતો મેલી છે મનની માણ; પમણી ઓરાં આવજો ને વળી સાખ્ય લખું શાળીવાન એમ કહી પછી તરવાર ઉઘાડી કરીને કહેછે કે આ શકતી મને પુછે રાજાનો ઘણો આગ્રહ જોઇ શાવળીંગા બહુ ખુશી થઈ ને રાજાને કહેછે, **દોહરો.**—સમ તમારા અમે પાળીએ ને આ લેહાધારા શુ કરંત, અમે વેપારી વાણીયાને; રાજા દેખી દેખીને ડરત, તે સાંભળી સદે-વંતે તલવાર મ્યાન કરી આઘી નાંખી દીધી અને શાવળીંગાનો હાથ ઝાલી ભોંય ઉપર બેસાડી **સોહલો.**—ચંપાને થડે બેઠાં જોડાજોડ, ઉપર સુડા કરે કલોલ; નરને નારી બેઠા ઓળા ઓળ ન દીસે ખાંપણ કે ખોડ. **ચોપાઇ.**—ચંપા કેરી છાંય, સાળ કેરો સાથરો, રત્ન જડીત ઓછાડ, તેતો સેજે પાથરો મુખસુ મુખ મીલાવ, ચુંબન અલબેલો કરે; અરસ પરસ વદતાં મીઠીવાત મુખ માંથી મોતી જરે હવે નીશાળમાં ગોર છોકરાને કહે છે. સાંજ પડીને હજી સુધી વાડીએથી કોઇ આવ્યું નહી માટે કોઇ ખબર કાડવા જાઓ ત્યારે કાણીઓ ક હે સાહેબ કહોતો હું જઈ આવું ગોર કહે તું એકલો જઇશ ને કુંવર મહા રીસા ળીઓ છે. માટે તને મારી નાંખશે તેથી તું તારી જોડે બીજાને તેડી જા તેથી કાણીયાનો ભાઇબંધ બાંડીયો કરીને મહા ખંધો હતો તેને લઇ પોતે બંને જણા વાડી ભણી દોડતા ચાલ્યા ગોરે વીચાર કરયો કે એ છોકરાં છે માટે હું પાછળ પાછળ જાઊં નહીતો એમનો કાંઈ ઘાટ ઘડાઇ જાય એમ ધારી ગોર પોતે હા થમાં લાકડી લઇને ધીરેથી પાછળ ચાલ્યા જાય છે. **દોહરો.**—ગોરે નીશા-ળીઆને સાવધ કરયા ને વળી વાડીએ મોકલવાને સોય; સદેવંત શાવળીંગા ગ-યા વાડીએ એને જઇ આવોને જોય. **ચોપાઇ.**—જઈ આવોને જોય હજુ લગણ શુ કરે; લોકડીઆની લાજ હઇયામાં નવ ધરે, હવે આ પેલો કાણીયો બાંડીયાને બતાવે છે કે જો પેલા કેવા નીરાંતે બેઠેલાં છે તેટલામાં શાવળીંગાએ બાંડીયા તરફ જોયું તો કાણીઓ દીઠો એટલે ઝડપ ઉઠતી કે લુગડા સજ કરી હાથમાં થાળ લઇ સદેવંતને લાંબે હાથ કરી કહે છે **ચોપાઇ**—બેઠાં છે

જોડા જોડ, ચંપા કેરી છાંયડી શીખ દોને શામ દાહાડો રહયો છે જો બે ઘડી એટલે સદેવંત સુરજ જોવાને વાડ ભણી નજર કરીતો છોકરા દીઠા એટલે તરવાર તાણીને તેમની પાછળ ધાયો એટલે છોકરા પોતે મુઠીઓ વાળીને નાઠા નાશતાં નાશતાં ગોર સામા મળ્યા એટલે ગોરને કહેછે. **દોહરો.**—અમને વીતી તે તેમને વીતશે ને તમે સાંભળો પંડીત પ્રવીણ સરખે સરખા મોકલ્યા. ને ગોર તમે અકલના હીણ. તે સાંભળી ગોર કહે છે કે ભાઇ ત્યાં એવું શું છે ત્યારે કાણીઓ કહેછે કે સાંભળો **દોહરો**—ચીર ઉપર ઓઢી ચુંદડીને વળી પીળી પામરીયા લાલ કુંજના બચોરીયારે; જેમ સજોડે જડીઆ ગોર કહે એ તો ઠીક પણ આપણી વાડીની શી ખબર છે ત્યારે કાણીઓ કહે સાંભળો.

દોહરો.—સાળ વાઢીને કીધો સાથરોને વળી અડધ સુડા ખાય ગોર તમારી વાડીઓરે તેતો ભેરાઇ ભેરાઈ જાય ખાંડ ભરાવ્યા મેહેતા ખીટીયેને, વળી શીરોઈ ઝકોરા ખાય. શાલ દુસાલા પાથર્યારે ત્યાં તો બેઠા સદેવંતરાય એ સાંભળી ગોર મહા ઉદાશ થઈ વાડીના ઝાંપા આગળ આવીને ઉભાછે હવે શાવળીંગા મહા ઉદાસ થઇને રાજાને કહેછે. **ચોપાઇ.**—શીળવંતીની શીળ પ્રતમા પાળીયા તમે રાજવંશી કૂળ રૂપ, અમે જાતના વાણીયા શીળવંતા રાજા જે સેજ તમારાં સાંભળે, ભવોભવ ભરથાર, વાલમ નહી વીસરે. **દોહરો.**—હું પડદે રહેતી પદમણીને વળી દીવસ ન દીઠો જોને કોય, સાચુ માનો સદેવંતાયે, મારૂ દુસ્મન કોણજ હોય; અતીતને લોટ આપીએને વળી નઇણીએ ઉતાર્યા નખ; તે દહાડેથી ચટપટ લાગીરે મને ઘડીયે ન રહેતુ જોને સુખ નઇણી એ નખ ઉતારીઆને વળી તે દીવસથી વરતી તમે વાત અદક પાંસળી આવી પોને મારા ઘટમાં કરી ગએલ ઘાટ હે રાજા તમારૂ સોજ મને ઘણું સાંભળેછે એમ કહી રૂદન કરે છે તે જોઇ સદેવંતને કહેછે કે મને રજા આપ.

દોહરો.—આળબે જાઓ નહીં કહુ ને વળી કહું તો જીભ કપાય, જાતા તમને જાણીનેરે મુને વડી વીસામણ થાય. વાડી થકી વળીયાંને, વળી ચર ચર દાઝે મનમાંય તમને મુકતાં સાઠબરે મુને વાડી તે ખાવ ધાય. હવે સાવળીંગા પોતે લુગડાં સજી હાથમાં થાળી લેઇ ઘરભણી ચાલે છે અને સદેવંત પણ પોતાના વસ્ત્ર હથીયાર સંભાળી ઘરભણી જતાં પોતાના મનમાં કહે છે.

સોહલો.—હાયરે સુંદર મારી ચાલી જાય, ને વાડી મને ખાવા ધાય કાણીએ બગાડી મારી સારી પેર, ઉદાસ થઇ ચાલ્યા રાજા ઘેર, રાજા પોતે કાંણીયાને ગાળો ભાંડતા આડે રસ્તે થઇ ઘરભણે ચાલ્યા અને મહેલમાં જઈ

બેઠા હવે સાવળીંગા વાડીના ઝાંપા આગળ ગઈ ત્યાં ગોર કહે છે ભાત આપી પાછા આવવું કે નહીં બેશી રહેવું મારીને વાડી ખેદાન મેદાન કરી નાંખી તેવા ધમકીના અવાજ સાંભળી સાવળીંગા ગોરને કહે છે. **સોહલો.**—નમો ગોર નમસ્કાર, ને વાડીમાં તો મને ન લાગી વાર સાળ વાઢીને સાથરો કરયો, બીજો બગાડ કાંઇ નથી કરયો. ગોર તમારી વાડીએ ગઇ ફુલ છે પણ વાસના નહી ફોગટ ફેરો અમને થયો રાજાનો કંઇ ગયો તે સાંભળી ગોર કાંણીઆને કહેછે કે તું કહેતો હતો કે બે જણ બેડાંછે તે કયાંછે કાંણીઓ કહે સાહેબ હમણાં હતા તો ક્યાં ગયા પાંખો કરીને ઉડી તુજ લડાઇ બો રોછે કે જેને તેને જુઠું સાચું ભરાવે છે હવે ગોર શાવળીંગાના લુગડાંનો ડોળ ફરી ગએલો જોઈ સાવળીંગાને કહે છે. **દોહરો**—ગુણુકા કેરી થઇ છોકરીને, તેં તો માંડયો ગુણુકાનો ઘાટ કોણે ચીરતારાં ભીંગોવીયાંને વળી કોણે લગાવીયા હાથ તે સાંભળી સાવળીંગા ગોરને કહેછે. **દોહરો.**—નથી ગુણુકાની હું છોકરીને ગોર નથી ગુણુકાનો મારો ઘાટ ચીર કોણુ ભીંગવશે ને મુને કોણુ લગાવે હાથ તે સાંભળી ગોર કહેછે. **દોહરો.**—લીલી અતલસનું તારૂ કાપડુને, માંહી જીણા જીણા ટાંકેલ મોર, મોર તારા કોણે ઉખેડીયાને એવો કેવો કોણુ મળીઓરે તને ચોર, તે સાંભળી સાવળીંગા બોલી. **દોહરો**—સેજ અતલસનું મારૂ કાપડુને મહી ટાકેલ ટઉકેરે મોર, ગોર તમારી વાડીએ જઈને મને સદેવતે કીધી ઝકજોર. **ચોપાઈ**—શીખ દીયોરે ગોર ઘર દીશાએ ચાલીએ રૂડા વધામણાં કોય પીતાજીને આલીએ સાવળીંગા રૂપ સ્વરૂપ ઘર, દીશાએ ચાલીયાં આવે છે મોહોલા માંય પીતાજીએ ભાળીયાં ત્યારે વીચાર કરે છે.

સોહલો—કંથ જોગ થઇ કુંવરી વીશાળ ઢાલી માંથે બેસે છે ગાળ હવે નહી રહે આપણે હાથ માટે નોતરીએ માજનની નાત મોતીએ બેલા સો ને સળે ચાલતુ નીર સાગરમાંમળે રહ્યાનો હવે નથી કાર, વાર કરયાનો હવે નથી વહેવાર હવે છોડી પરણુવા જોગ થઇ તેથી ઘડીમાં લગ્ન લેઇ પરણાવી દેવી, હવે સદેવંતને કાંઈ સુજ પડતી નથી મધરાતને સમે પલંગ ઉપર સુતા સાવળીંગાનો મેળાપ તુટયો એવી જંખના કરે છે એટલામાં ઉંઘ આવી તેથી ઉંઘી ગોર અને ઓચીંતાનું તેને સ્વપનું થયુ કે જાણે હુને સાવળીંગા બંને જણુ ચંપા બાગમાં બેઠા છીએ ને હું ગળામાં હાથ નાંખવા જાઉછું એમ પોતે ઉંઘમાં લાંબો હાથ કરી નાંખ્યો એટલે જાગી ઉઠયો ને જુવેછે તો ચંપા બાગ નથી ને સાવળીંગાએ નથી ફકત પોતાના હીરામણુ મોપટના પાંજરા સી-

વાય બીજુ કાંઇ દીઠુ નહી તેથી મહાનીરાશ થઇ કહેછે. **દોહરો.**—સ્વમા તુંતો સુલતાન બચોને વળી રહ્યા મહીપસારી જોતે રાત કામણગારી વીયોગ ગઈ ને વલી હેતેરે મે નાંખ્યો હાથ. **ચોપાઇ.**—હેતે ગળામાં નાંખ્યો હાથ ચમકીને ઉઠીયાં; ઉઠ કહતાં જીવ કલપાય, મજા નાં લુટીઆ હઇયામાં મોટી છે હામ, મનનીરે મનમાં રહી; કોને કહુ વાત, કામણ તે વીયોગે ગઇ, પછી પોતે પલંગ ઉપરથી ઉઠીને મહા નીરાશ થઈ ઝરૂખે આવી જુએછે તો સાવળીંગાનો મેહેલ સામો દેખાયછે તે જોઈ પોતાના હીરામણ પોપટને કહેછે.

દોહરો—શો શો કોસે જોને શેણુ વશેને, વળી અહીયાં તે ક્યાંથી હેય; સુણરે શોભાગી સુડલાને, વળી તેને કોણ તે આવે જઇ જોય તે સાંભળી પોપટ કહેછે. **દોહરો.**—ચાકર છું તમારો ઠાકર ને, વળી જ્યાં મોકલો ત્યાંરે જાય, લખવું હોય ત્યાં લખજયોને, તમારા મનમાં માન્યાં કામ થાય. આવી રીતે પોપટનાં વચન સાંભળી રાજા ઘણો હર્ષ પામ્યો ને કાગળ લખી પોપટની કોટે બાંધ્યો તે લઇ પોપટ ચાલ્યો શાવળીંગા મેહેલમાં સુતી છે તેને પણ સદેવંતના જેવું સ્વપ્નું આવ્યું ને તે ઓચીંતી ઝબકીને જાગી તો કંઈ દીઠું નહી પછી પોતે નીરાશ થઈ પોતાના પલંગ સામે એક મોટો તકતો બાંધ્યોછે તેમાં પોતાની છબી જોઇ કહેછે. **દોહરો.**—પાન ચાવ્યું તે મુખ લાલહે, ને તારા અમ્રત જેવા જોને વેણુ; સ્વપ્નામાં દુખ દેઈ ગયાને, વળી લાલ તારાં જોને નેણ. **ચોપાઇ.**—જબરી લાગી નેણુકી ચોટ; તુને બરછી લીની મારને; તેરે મારનેકી દાદ ફરીયાદ કીસે મેં જાઉં પોકર ને, હાકમ મારે હુકમશું; સજન છેહ દેઈ ગયા, કેહેતાં જીવ કલ્પાય, મનના વીચાર મનમાં રહ્યા પોતે મનને વીશે ચિંતા ધરી ઉદાશ થઇ શાવળીંગા પોતે બારીએ આવી બેઠી છે ને સામો સદેવંતનો મેહેલ દેખાય છે તે જોઇ કહેછે. **દોહરો.**—સામી મેડીએ મારા સજન વશેને, વળી કોણ લાવે સમાચાર; પ્રથમ લેઈ ચાંપુ મારા ઉરમાંરે, વળી આપુ તે માલ અપાર. એટલામાં પેલો પોપટ રાજાની ચીઠી લઈ આવતો જોયો તેથી પોતે મનને વીશે ઘણી ખુશી થઈ રાજાની ખબર પુછેછે ત્યારે પોપટ કહે આ ચીઠી વાંચી જુઓ ચીઠી લેઈ મહા આનંદ પામી કહેછે.

દોહરો.—ભલે આવ્યો સભાગી સુડલા, વળી ભલા લાવ્યો સમાચાર; વારી વારી લેઉ તારાં વારણાંરે, તને આપુ એકાવળ હાર. એમ કહી પોપટની કોટમાં હાર નાંખતા જાય છે એટલે પોપટ શાવળીંગાને કહે છે. **દોહરો.**—અખંડ રહો ગોરીયાંને, વળી અખંડ તારોરે અવતાર; લખવું હોય તો લખ-

જોને, પંખી શું કરે તમારો લેઈ હાર પછી શાવળીંગા કાગળ વાંચે છે.

દોહરો.—તું સભાગી સુડલાને વળી કંઈ ઉડી ઉડી જાય; સોને મડાવું તારૂ પાંજરૂને ભુડા મોતીએ લેકરે જડાય સુનુ મંદીર સુનાં માળીયાં, ને વળી સુનુરે બધુ ગામ જેદી રાજા વીયોગે ગયા તેદી મને નીદ્રા હરામ વારી વારી લેઉ વારણાં ને વીરા એક ઓરો તુંતો આવ, સંદેશો લાવ્યો મારા શામનો; તે હું વાંચુને તું વંચાવ, **ચોપાઇ.**—ચંપાકેરી છાંય શાળ કેરો સાથરો કોટે આવ્યો છે કોઇ તેતો નથી વીસરયો, હઈયાની જે ઝાઝી હાંમ, તે મનની મનમાં રહી કહેતાં જીવ કલ્પાય, કામની તું વીયોગે ગઈ એ વાંચી સાવળીંગા કહે કે રાજાનું મારા ઉપર ઘણું હેત છે, પછી પોતે કાગળ લખી પોપટની કોટે બાંધ્યો અને પોપટને કહ્યું ભાઇ રોજ એક બે વખત રાજાને ત્યાંથી સમાચાર લઈ મારી પાસે આવજે પોપટ કહે સારૂ એમ કહી ચાલતો થયો હવે પોપટને તો વાર થઇ તેથી કુંવર મહા ચીંતા કરે છે. **ચોપાઈ**—પોપટ પંખીની જાત રાંડે ભમાવીગો; ગુણવંતો ગંગારામ, હજુ નવ આવીયો. એવામાં પોપટ આવ્યો; તે જોઇ રાજા કહે છે. **સોહલો**—પોપટ પંખી ચતુર સુજાણ, પઢો પારવતી તમે શ્રી ભગવાન; ગુણવંતો આવ્યો ગંગારામ તેં કીધાં મારાં સરવે કામ પછી શાવળીંગાનો કાગળ રાજા વાંચે છે. **ચોપાઇ.**—સારા સારા સમાચાર લખીને તમે કાવજો; અને મારે મેહેલે રાજ્ય એકવાર તમે આવજો. એથી મળેરે એકાંત. અમનેરે તેડાવજો, અમને મળેરે એકાંત તો તમે વેહેલા આવજો, રાજા વાંચીને ઘણા ખુશી થયા એમ કરતાં પ્રભાતનુ પહોર થયું એટલે શાવળીંગાના બાપ પદમશા શેઠે પોતાના સગા તેડાવી વીવાહની તઇયારી કરવા માંડી. **ચોપાઇ.**—શેઠે મળી શાહુકાર હડતાલો હાટે દીજીએ શાવળીંગા કેરાં લગ્ન ઘડીયાં આપણુ લીજીએ, ગોરને તેડાવ્યા આજ, લગ્ને લખાવીઆં ઢમ ઢમ વાગ્યાં ઢોલ ગાય છે સાહેલીઆં. **સોહલો**—ચોખા કંકાવટીને સમજ સાર. લગ્ન વધાવે વારંવાર સાતમને સોમવારે લગ્ન કહેવાય. પધારજો તમે રૂપાશાય. **ચોપાઇ**—શંકર તેડાવ્યાં ચાર; લગન લખાવીઆ ગામે ગામથી કોઇ સગાને તેડાવીઆં સાતમે સોમવાર આડમપર આવજો કોરાવી માણેક થંભ, માંડવ રોપાવજો શાવળીંગાના બાપે લગ્ન નીરધાર્યાં ને ગોરને શાવળીંગાને સાસરે મોકલ્યો હવે રૂપાશાએ પોતાના સગાવહાલાને બોલાવી તઇયારી કરી પછી સવારના પહોરમાં રૂપાશા શેઠ હાથી, ઘોડા, પાલખી રથ તથા ઉંટ સાથે તમામ જાન લઇ નીકળ્યા; તે સાં

જેરે મુગીપર પાટણ આવ્યા અને ગામની ભાગોળે તળાવ ઉપર પડાવ નાંખ્યો ને તોપો ને બંદુકોનો અવાજ કરવા માંડયાં એટલે પદમશા શેઠને ખબર થઇ કે જાન આવી માટે આપણે સામા વરઘોડો ચઢાવી સામઇયા કરી જાનીવાસે તેડી લાવીએ પછી શેઠ પોતાના સગા વહાલાને તેડી વરઘોડો ચઢાવી તેડવા ગયા હવે ઘર આગળ શાવળીંગાને તેની સાહેલીઓ પછી શાવળીંગા વીચાર કરે છે કે હમણાં જો હું રાજાને મળુ તો લાગ ઠીક છે તેથી સાહેલીઓને કહે છે, હે સખીઓ હવે મારૂ લગ્ન આવ્યું ને મેં આપણી બંકી બજારને ચંદન બાગમાં ચંદનના ઝાડ જોયા નથી અને હું સાસરે જઇશ ને મને ત્યાં કોઇ પુછશે તો હું એનો શો ઉતર આપીશ માટે તે આપણે જોવા જઇએ તે સાંભળી સાહેલીઓ કહે છે કે બાઇ એક ગાઉ સુધી જઈ એમાં તે શું જોવું છે શાવળીંગા કહે ત્યાં નાના પ્રકારના ફુલફળાદીકને બીજા મેવા પણ ઘણી જાતના પાકે છે તે ખાવાની બહુ રમુજ પડે છે એવી રીતે લાલચ દઇને સાહેલીઓને સમજાવી પણ શાવળીંગા મનમાં વીચાર કરેછે કે રાજાને શી રીતે તેડાવુ એવો વીચાર કરેછે એટલામાં પોપટ રાજાની ખબર લઇ આવ્યો તે જોઇ શાવળીંગા કહે કે હે ભાઇ આ ચીઠી તને લખી આપું છું. તે તાકીદથી રાજાને આપ એમ કહી ચીઠી લખે છે. **સોહલો.**—ચંદન તલાવડી રાજા ચંદન બાગ, ઘડી બે ઘડી બેસવાનો લાગ ત્યારે આવો મારા સુંદર સ્યામ, પૂરીશુ હઇયાની હામ એમ લખી પોપટને ચીઠી આપી તે વાંચી રાજા ખુશી થયા હવે શાવળીંગા પોતે સાહેલીઓને લેઈ બંકી બજારમાં થઇ ચાલી જાય છે.

ચોપાઇ.—છુટે પટેરે નાર આવેરે અલબેલીયાં. વણીજ કરતારે વેપાર વાણીયા સરવે ભુલીયાં અમીરને ઉમરાવ, મુરછા સરવે પામીયાં શેઠ મોટા શાહુકાર ઠેરોઠેર ઠરી ગયા હવે શેહેર બહાર નીકળીને જ્યાં ચંદન તલાવડી છે ને તેની પાસે નદી વહેછે તેમાં રમવા લાગી. **દોહરો.**—ધનધન નદી ભર રામકીને, ધન લીલીરે લીલી તાળીયાં, થોકે થોકે, દોહરા ને, વળી પદમણી પુતળીઆં. **ચોપાઇ.**—પદમણી પુતળીયાં, ઝબુકે જેમ વીજળી એકશુ એક અલબેલ; મુખેરે અતી ઉજળી. નજરો તણું ન્યાલ, લીએ બેહું તાળીયાં; કે ધનરે બગેસર બાગ રમતી સહુ સાહેલીયાં. ત્યાં સદેવંત આવ્યા તે શાવળીંગાએ એ સદેવંતના સામું જોયું એટલે શરવે સાહેલીયોએ પણ રાજા સામું જોવા માંડયું પછી સદેવંતે વિચાર્યું કે આ બધી જાણી જશે તો પછી શાવળીંગાથી મારી પાસે આવી શકાશે નહીં માટે હું આઘે જાઉ એમ ધારી પો-

તે નદીની સામી તીરે જઇ પગ ધોવા માંડયા એટલે શાવળીંગાએ પોતાની સાહેલીયોને લાંબો હાથ કરી કહ્યું કે આ કોક આપણા સામો બેશી પગ ધુવે છે ને રાજાને લાંબો હાથ કરી સામસામાં ચંદન બાગ બતાવ્યો કે તમે બાગમાં જાઓ હું આમને રમતે વળગાડીને આવુછું પેલી સાહેલીયો રાજાને જોઇને કહેછે કે અમે છોડીયો રમીએ છીએ ત્યાં આવી કેમ બેઠા છે તુ તારે રસ્તે જા, તે સાંભળી રાજા પોતે ચંદન બાગમાં ગયા અને આસોપાલવના ઝાડતળે જ-ઈ બેઠા. **દોહરો.**—એકથી એક અલબેલડીને વળી નાવા તે બેઠી જોને નાર, પાવઠડેરે જોને પદમણી, વળી પુતળીઓની જોને હાર. **ચોપાઇ.**—પુતળીઓની જોને હાર, ઝુમુકે છે દામની હાથી જોકાં ખાય, ધુવે છે કામની પછી શાવળીંગાએ વીચારયું કે મેં રાજાને બાગમાં મોકલ્યા છે ને હું અહીં રમત કરૂં છું તેથી અકળાશે માટે લાવ જાઉં એમ ધારી પોતે સાહેલીઓને કહેછે. **સોહલો.**—જોવા જેવો ચંદનબાગ છે, ને ત્યાં એક આળીગાળો માળીજ રહે, જુઠી જુઠી સાખ્યો ભરે ને દરબારમાં જઇ ડંડજ કરે. તે હમણે બાગમાં ગયો છે તે ઘેર જશે એટલે આપણે જઇશું ત્યાં સુધી આપણે આંખ મીચામણી રમીએ પછી બીજી સંતાવા કાજે જુદી જુદી નાઠી અને શાવળીં-ગા નાઠી તેવીજ બાગમાં ગઈ. **દોહરો.**—સામારે આંબા જોને આંબલીને, વળી દીઠીછે દાડમ અને દ્રાક્ષ આશોપાલવને ઓળવેરે ગોરીએ કેરામાં પાડીછે વાટ. **દોહરો.**—શીરપર છુટી લટીયાં ને વળી છુટેરે પટે ચાલી જાય; પદ-મણીને તો પ્રેમ ઘણો ઘણોને વળી લાલજ આંખો જોને થાય. શાવળીંગાને સદેવંત મહા કામાતુર થયા છે ને શાવળીંગાના માથાના વાળની લટો છુટી ગઇને કામના કેફમાં આંખો લાલચુમ થઇ રહી છે. ને પોતાને ઠંડા પવનથી ને ફુલ-ની સુગંધથી ઘણો પ્રેમ ચડેછે પછી સદેવંતનો હાથ ઝાલી ચંપાની ઘટામાં જઇ બેઠી ને સદેવંતને કહેછે. **ચોપાઇ.**—ઓ આ અલબેલા રાજ્ય ભલા તમે આવીયા, સુડાને સંદેહ, લખીને તેડાવીયા. હું વારી જાઉં રાજ, વારી વારી વારીયાં વચનના બાંધ્યા કોય, જન્મારો અમે હારીયાં. અમે આવ્યા તમારી વાડીએ, છેલછબીલા શામ આવોને મોજો માણીએ **ચોપાઇ.**—અલબેલે કીધાં અલવ નાખી ગળામાં બાવડી; ઉભાછે જોડાજોડ ચંપા કેરી છાંયડી; મેલોને છબીલા શામ, મોડુ મારૂ ભાગશે. અમો ચુકી કહીશું વેણ, કડવા તમને લાગશે. એવુ કહેતાંજ સદેવંતને રીસ ચડી કે રાંડને હું હેતમાં પ્યાર કરૂછું ત્યારે એ વળી એની મોટાઇમાં જાય છે તેથી પોતે આઘા બેઠાને

શાવળીંગાને કહેછે. **ચોપાઇ**—ઓરે નારી અજાણશું મારે નથી પ્રીતડી, લેવા આવીયો કોઇ રાણીજીની રીતડી પ્રિતોના પરિમાણ છે તે તો એમે જાણીયા અલો અમારી વહાલા કરો વાણીયા મારે તારો ખપ નથી એવા રાજાના રીસનાં વચન સાંભળી શાવળીંગા નરમ થઇ મનમાં કહેછે કે હું તો હસતાં હસતાં કહેતી હતી અને એતો પાછા રીસાયા હવે સમજાવું એમ કહી કહેછે

ચોપાઇ—લીધુ સોળ સાહેલીઓનો સાથ, જીવનજો તેઓ રહ્યા; નાખ્યો ગળામાં હાથ, અંબોડા રેલે રહી. હેતે દબાવ્યું મોડુંરે હાથ, મોઢુરે મારૂ ભાગશે; મજથી કેમ દેવાસે ગાળ, લાખેણા રાજા લાજશે રાજા કહે ઘડીમાં હસાવે ને ઘડીમાં તરછોટી નાંખે છે ને ઘડી પછી તુંતો પરણીને જવાની છુ માટે મારેતો પ્રિત કરવી નથી ઘડીસારૂ કયાં પાછો તારી પાછળ શોચના કરનો ફરૂં તે સાંભળી શાવળીંગા બોલી વળી એવું શુ બોલોછોરે, આપ વરતો સદેવંત કુવરને, વળી બીજો મારે ભાઇનેરે બાપ.

દોહરો—સુણ સાવળીંગા સદેવત કહેને વળી હઇયામાં રાખજો વિચાર, કોલ આપ્યા તે પાળજોરે, નેકર ધરતી નથી ઢાંકણુ હાર. **દોહરો.**—જેવાં બોલ્યાં ગોરની વાડીએ ને વળી એવા તો અહીયાં તુ માન; કુડ કપટ તજો માનની ને, વળી અમે તમારારે મેમાન, આતું સાંભળી સાવળીંગા ઘણી ખુશી થઈ રાજાનો ઘણો આગ્રહ જોઇ પોતે રાજાને લેઇ ચંપાની ગટામાં જઇ પોતાનું ચીર પાથરી બેઠા. **ચોપાઇ**—ચોવડ કીધાં ચીર, પીતાંબર પાથરયા નાખી ગળામાં હાથ, સજ્જનને સારજ કરયાં. બેઠા જોડાજોડ લાગે બહુ સારીયાં નાની સરખી સાહેલીએ, આવીને પોકારીયાં. એ સાંભળી શાવળીંગા ઝટ ઉઠી અને રાજા ઝટ ઓઠે સંતાયો. હવે શાવળીંગાને સાહેલી કહેછે કે તુ કોની સાથે વાતો કરતી હતી શાવળીંગા કેહે તું આંધળી થઈ હઇશ હોય તો જો હું તો આપણે રમતાં હતાં તે વખત સંતાઇને બાગમાં દોડી તે દોડતાં મને ફાળ ચડી એટલે મારૂં ચીર પાથરી અહી સૂતી ઊં ઊં કરતી હતી તેથી તેં જાણ્યુ કે કોઈની સાથે બોલેછે. તે સાંભળી નાની સાહેલી બોલી. **દોહરો.**—સુણને મારી સાહેલડીને, તમે કોક સાથે કરતાં હતા વાત; તમે જોડાને અમે આવીયાંને, વળી શોળ સાહેલીઓનો સાથ આ તેના ખેલ સાંભળી શાવળીંગા નાની સાહેલીને કહેછે. **દોહરો**—નાની સરખી સાહેલડીને વળી મરજો તારો જોને વીર; વાલમ મારો વીગોગે ગયો, ને હું તો સુખ ન પામી શરીર. આટલુ કહી દેશમાં જાય છે હે રાંડ તારાં મુળ વઢાયાં ને તેં મારી પેર બગાડી એમ કહી સાહેલીયો

ને લેઈ ઘરભણી ચાલી રસ્તામાં ચાલતાં વાડીના ઝાંપા આગળ મહાદેવનું દેવળ હતુ તેમાં શાવળીંગા દરશન કરવા ગઇ ત્યાં મહાદેવને કહેછે. **ચોપાઇ**—દેરાં એટલાં દેવ પથરા મેં તો જાણીયા શાવળીંગાએ સોનાના છત્ર સદાશીવને માનીયાં. અલબેલો મારો રાજ્ય, મીઠી નજરે ભાળશું; સોના કેરા છત્ર સદાશીવ ને ચડાવશું. હવે સદેવંત પેલી નાની સાહેલીને ગાળો દેતો દેતો પોતાને મેહેલે ગયો હવે શાવળીંગાના બાપ જાન તેડી લાવ્યા ને હવેલીમાં ઉતારો આપ્યો પછી શેઠે ફુલેકાનો વરઘોડો ચડાવવાની તૈયારી કરી ને મોટા મોટા શાહુકારોને વરઘોડે આવવા તેડા મોકલ્યા પછી શાવળીંગાને પીઠી ચોળવા સારૂ બોલાવે છે તો શાવળીંગા નથી શેઠ કહે આ વખત કયાં ગઇ હશે એમ કહી સીપાઇઓને ખોળવા મોકલ્યા શાવળીંગા ઘેર આવી એટલે સરવે સાહેલીઓએ પીઠી ચોળવા માંડી. **સોહલો**-કંકુને કેશર ઘોળાય પદમણીને પીઠી ચોળાય; સરખી સાહેલી મંગળ ગાય પદમણી ઉપર રૂડા પડદા થાય. હવે પદમશા શેઠે કહ્યું કે રાજાને જઇને કહો કે પદમશા શેઠની દીકરી શાવળીંગાનુ આજ લગ્ન છે માટે ફુલેકાના વરઘોડામાં આપ સ્વારી લેઈ વહેલા પધારજો સિપાઇએ ત્યાંથી રાજા પાસે આવી રાજાને કહ્યું એટલે રાજાએ સદેવંત કુંવરને સાથે લઈ જવા બોલાવ્યો ત્યારે સદેવંતે કહ્યું કે મારા શરીરને સુખ નથી તેથી હું તો નહી આવું તમે એકલા જાઓ. પછી રાજા પોતે હાથી, ઘોડા. પાલખીયો અને રથ લેઈ શેઠને ત્યાં આવ્યા. એટલે સરવે લોકો તઇયાર થયા ને પછી કન્યાને ઘોડે બેસારી એટલે વાજીંત્ર વાગવા માંડયા ધીમધીમ વાગ્યા જોને ઢોલ તંબાળુ જોને ગડગડયાં અમીરને ઉમરાવ સાથે સરવે પરવાર્યા ત્રંબાળુ વાગે જોને તુર. શરણાઇએ સાદજ પુરીઆ ધીડ ધીડ વાગે નોબતને વળી તાંસાં વાંગે સુરીયાં, પાલખીઓને સુખપાલ હાથી ઘોડા હળભળે શેહેરના સરવે લોક ફુલેકુ જોવા મળે સાખા બાંધી સાલીવાન મોંડે મંગલ ગવાયાં, માંડવા કેરી માંય આવકાર લેઈ પંચરાવીયાં સાથે સારા લોક વેપારી વાણીઆ ઈંદ્રનો અવસાન એણીપેર આવીયા. ઘોળાને ધવળા ચાર તાતા જે તોખરા ભેળ લેઇ પખારીયા એવી ધામધુમથી વરઘોડો ચડી બજારની વચે થઈ સોનેરીયાં ચોકમાં આવ્યો ને ત્યાં વાજીંત્રની ધુમ મચી રહી તથા બંદુકોને તમચા છુટી રહ્યા છે તેનો અવાજ સદેવંત કુંવર સુતા છે ત્યાં આવ્યો તે સાંભળી રાજા કહે વરઘોડો જોઉં એમ ધારી પોતે અગાશીપર ચડ્યા ને જુવે છે તો ઇંદ્રઘટા થઇ રહી છે ને તમામ રસ્તો લોકથી ભરાઇ ગયો છે તે જોઇ સદેવંત કુંવર ખુશી થઇને કહેછે કે આ-

માં મેળાપતો નહી થાય પણ જોઉતો ખરો કે તેણે કેવા શણગાર પહેર્યા છે એવું ધારી પોતે મહેલમાં આવી અમુલ્ય સણગાર સજે છે. **દોહરો.**—જરકસી જામો પહેરીયો, ને વળી માથે તે કસબી મોળ, રત્ન જડીત શીર પેચ બાંધીયો તે દીસે છે ઝાકમઝોળ. કલગી તોરા શોભતા ને વળી ગળે મોતીયન કેરો હાર, કમરે સેલાં લપેટીયાંને એમાં ઝુકી રહી તરવાર. **ચોપાઇ**—ઝુકી રહી તરવાર કામરૂપરસમાં જાનીયા, સજ્યા શોભીતાં હથીયાર, તરકસ લેઇ તાણીઆ, તરકશ તીર કમાન હેમ જડ્યાં હારડા. સાંજ સોનેરી ગરકાવ. વાગે ઘોડાને ઘુઘરા. આવી તરેહથી ઘોડે સ્વાર થઇ વરઘોડા સાથે જાય છે, તો સાજન લોક કુંવરનુ રૂપ જોઇ ઘણુ ખુશી થયા. **ચોપાઇ.**—મહાજન મોટા લોકે કુંવરને વખાણીયા. આવ્યા સોનેરીયા ચોકમાય, તેજીને લેઇ તાણીયા, જ્યા, સદેવંતે કન્યાનો ઘોડો જોયો એટલે રેવંતને ખેચી તેની થડમાં જઇ ઘોડાને ધીમે ધીમે ચલાવા માંડયો પણ શાવળીંગા સદેવતના સામુ જોતી નથી તેથી રાજા ગુસ્સે થઇને કહેછે કે રાંડ મને તો કહેતી હતી કે મારે તમારા વીના બીજા ભાઈને બાપને આતો પરણવામાં ગાંડી તુર થઇ ગઇ છે તેથી ચાલ પાછા એમ ધારી પોતાના રેંવતને ચાબક મારી રાજા કહેછે કે ઘોડા ઘેર ચાલાયા આ કાગળની વાડીમાં સોરંગીની વાશ કયાંથી હોય ને અમથા ઉદાશ થવું પડેછે આવા રીસના વાક્ય સાંભળી સાવળીંગા વીચાર કરે છે કે રાજાના સામુ ન જોયુ તેથી રીસાયા પણ શું કરૂ આટલા લોકમાં કેમ બોલાવાય જો ફુલેકુ ઉતરે ને હુ મહેલમાં ગણેશ આગળ વર તોરણે આવે ત્યાં સુધી એકલી રહીશ તે વખત સ્ત્રીના રૂપે આવેતો મેળાપ થાય એમ ધારી પોતે રાજાને શાનમાં સમજાવે છે શાવળીંગા પોતે એક હાથમાં શ્રીફળ લઈ બીજો હાથ ઉંચો કરી. ચુંદડીનો ઘુંઘટો તાણી ચુડીયો ખખડાવતી રાજાને બતાવ્યુ કે તમે સ્ત્રી થઇ મારે મોહોલે આવો સદેવંત પોતે ચતુર હતો તે સમજી ગયો કે મને સ્ત્રીના વેસે તેડે છે એમ ધારી પોતાને મોહલે આવ્યો હવે વરઘોડો ફરતો ફરતો ઘર આગળ આવ્યો ને ઉતરયો એટલે શાવળીંગા ગણેસ આગળ જઇ બેઠી અને સાહેલીઓ સરવે ગાવા લાગી હવે સદેવંત કુંવરે રાણી પાટમદેની પેટીયો ઉઘાડી તેમાંથી સોળુ શણગાર લેઈ પહેર્યા એને જે રાણીની અમુલ્ય સાડી હતી તે પેહેરી હીરા જડીત વાળી પણ પહેરવા જાય છે પણ વેહ વીના નાકમાં રહેતી નથી તેથી વળખા મારે છે એટલામાં રાણી પાટમદે વરઘોડો જોવા અગાશી ઉપર ચઢી હતી તે નીચે રંગ માહલમ આવીતો સદેવંત સ્ત્રી બનીને બેઠાં

છે ને નાકમાં ચાળા રહેતી નથી તે દખાવે છે એટલે સદેવંતને ઓચીંતી કહેછે કે હે રાજા વેહે ન હોયતો લાવો આ શોયો ધાલીને પાડુ. સદેવંત પાટમદેને જોઇ મનમાં શરમાય છે ને પાટમદે તેને ઘણાં મેણાં મારેછે એ સાંભળી સદેવંત કહેછે. હે સ્ત્રી તું મને શિખામણ દેછે પણ એમાં તો મોટા મોટા ગરક થઇ ગયા છે તે સાંભળી રાણી કહેછે તમારા જેવા નહી થયા હોય કે પરમેશ્વરે મરદનો અવતાર આપ્યો છે ને હાથે વતી સ્ત્રીનો અવતાર ભોગવવા ઇચ્છોછો રાજા કહે રાંડ તું મારી જાંગ હાથે વતી ઉઘાડીને બોજ ખુવે છે પછી રાણી રાજા ઘણું ચીડાયા માટે છાંનાં રહ્યાં અને સદેવંત મેહેલમાંથી ઉતરી રૂમઝુમ કરતા શાવળીંગા પાસે ગયા ત્યાં બાયડીયો ગાય છે ને હચાહચ થઇ રહી છે અંદર પેસવા જાય છે તો બાયડીયો ગોદા મારી બહાર કહાડે છે ને રાજા ધક્કા પાટુ ખાતા થાકયા પછી નીરાશ થઇ કહેછે રાંડે મારી મશ્કરી કરવાને સારૂ તેડાવ્યો એમ જાણી પોતે મેહેલની સામે જઈ શરમવાન થઇને બેઠો ને આંખમાંથી ઝરઝર આંસુ ઝરવા માંડયાં શાવળીંગા રાજાને જોવા સારૂ ઝરૂખે આવી જુવેછે તો રાજા વેગળે બેઠા છે ને આંખમાંથી ઝરઝર આંસુ પડવા માંડયાં છે પછી ત્યાં રહી કહ્યું કે પાછળ થઇ બારીએ આવો સદેવત ત્યાં થઇ શાવળીંગાના મેહેલમાં ગયા ત્યાં પલંગ ખુરશી કોચ અને પાટયો ઢાળી મુકીછે તેના ઉપર મુખમલનાં ઓસીકાં વીગરે તરેહ તરેહનાં ઉપર બીછાનાં પાથરી દીધાં છે અને રાજાને માટે ખાવાનાં જુદી જુદી જાતનાં પકવાનો લાવી મુકયાંછે અને મુખવાસ સારૂ પાન સોપારી, એલાયચી, જાયફળ, જાવંત્રી, તજ, લવીંગ, અને કસ્તુરી એવા અનેક પ્રકારના ખુશબોદાર તેજાના લાવી મુકયા છે અને તમામ રંગ મેહેલમાં અતરની ખુબો ઉડી રહીછે તે જોઈ સદેવંત ઘણો ખુશી થયો કે આવું સુખ મે મારી રાણી સાથે ભોગવ્યું નથી પછી શાવળીંગાને સદેવંત કહેછે હે શાવળીંગા કાલે તો તું પરણીને ઘેર જઇશ માટે તું મારી રાણી ॥ રીત પાછી આપ એટલે હું મારે ઘેર જાઉ તે સાંભળી શાવળીંગા બોલી હે રાજા હુંતો આ જીભથી જાઓ નહી કહું ને આવી તમને એકાંત નહીં મળે માટે બેસો પછી બંને પલંગપર બેઠાં હવે સદેવંત કહે છે હે સ્ત્રી હજુ સુધી તમારે ને મારે કંઇ છેનહી માટે મને મુકીદે તે સાંભળી શાવળીંગા કહે છે હે મહારાજ હું તો તમારી રાણી થઇ ચુકીછું. **ચોપાઇ.**—ના ના કહેતાં નાર, પરાણે ના હોય પ્રાતડી, મહાજને ઘેર ના આલું મારા રાજવળાની રીતડી, રાજવળાની મતલબ. તે જાણે અમારા રાણીયાં, મોજ કયાંથી માણો; તે-

પારી તમે વાણીઆ, હે સ્ત્રી તું પરાણે પ્રીત કરીશ એમાં શું, તે સાંભળી શાવળીંગા પોતે રૂદન કરેછે ને કહેછે. **ચોપાઇ.**—છળ કરીને કોય, રાજા તમે મને છેતરી; આવા નમેરા નાથ, માથે તમે ઝાઝી કરી. આતમ પ્રાણ આધાર જીવું નહીં તે જાણીએ; સાચુ માનજે સ્યામ, પ્રાણ અમે પાડીએ તે સાંભળી સદેવંત કહે છે. **ચોપાઇ.**—સઇયરોમાં ચેરો તારો થાય તેતો અમે જાણીએ; લડથડતી જાતનો વર ગમતો નથી વાણીઓ, રાજા દયા લાવી શાવળીંગાનો આગ્રહ જોઇ મહા કામાતુર થઇ રહ્યા ને શાવળીંગાની કોટમાં હાથ ઘાલી પલંગપર જઈ બેઠા પછી રાજી થઇ સદેવંતને કહેછે. **ચોપાઇ.**—મુગીપરના રાજ્ય, પધાર્યા મારે ઢોલીએ; ધન ધન મારો અવતાર, લાખેણો લાવો લીજીએ, હઇઆં કેરા હેત, ભેદરે બતાવીયાં; લીલાવતી નણદે આવી આવીને ગોકારીયાં તે સાંભળી શાવળીંગા કહેછે કે કેમ કરીશું? રાજા કહે ભાગ તારા મે તો તને કહ્યું હતું કે તું મને અહીંથી જવાદે પણ તને વાતોનો રસ ઘણો રહી ગયો હતો. હવે તારી નજરમાં આવે તેમ કર તે સાંભળી કહે છે. રાજા તમે શું કરવાને મુઝાઓ છો દેવળમાં જાઓ. અને હું પણ ત્યાં આવુંછું. તે સાંભળી સદેવંત કહે છે. હે શાવળીંગા આપણે સારા માણસના છોરૂ થઇને રાતે કેમ બહાર નીકળાય તે સાંભળી શાવળીંગા કહે છે. તમે નહી આવો તો અમે ત્યાં માંથુ કાપી શક્તીને અરપણ કરીશું તે સાંભળી સદેવંત કહે છે હે સ્ત્રી તારો પ્રેમ મારા ઉપર ઘણો છે તેથી હું દેવળમાં ગમેતેમ કરીને આવીશ એમ કહીને રાજા નીચે ઉતરે છે રસ્તામાં શાવળીંગાની નણંદ લીલાવતી તેને અથડાઇ સદેવંત ચાલતો થયો તેથી લીલાવતી શાવળીંગાને કહે છે શાવળીંગા આ ગયો તે મને તો પુરૂષ જેવો લાગેછે, હે લીલાવતી રાજાની કુંવરીને મારે બેહેનપણાં છે તે મળવા આવી એટલામાં ગોર ચુડો લઇને પહેરાવવા આવ્યા સાવળીંગા કહે છે હુંતો ચુડો પાનેતર પહેરવાની નથી ને એને પરણવાની નથી માટે તમે મને કાંઇ ઉપાય બતાવો વળી તેણે ગોરને રાજી કરવાની લાલચ બતાવી એટલે ગોરે જાણ્યું કે આ રાંડે ધાર્યું હશે તે અંતે કરશે ને હુ મેલીશ એટલું મારૂં જશે "માટે વર મરો કે કન્યા મરો" એમાં મારે શું એવું ધારી ગોર કહેછે. **ચોપાઇ.**—કોઇ સરસ ઉપાય શોધો, શું અમારૂ જાય કહેશો તે કરશું અમો. આવું સાંભળી સાવળીંગા ખુશી થઇને ગોરને હજાર રૂપીયાની વીંટી પહેરાવી દીધીને, ગોરને કહ્યું કે હું મારી લવીંગીયા દાશીને મારો શણગાર પહેરાવીને ગેસારૂ છુ તેને પરણાવી સુંદરા તણાવી જાની વાહે લઇ જજો

આવું સાંભળી ગોરે પહેલાં તો લપકારા લીધા પણ વીંટી ભણી નજર કરી એટલે હીમત આવીને બોલ્યા બેન કશી ફીકર નહી હું કાંઈ ઓછો ચતુર નથી એમ તો મારી બુદ્ધિ બૌબાગ્ર જેવી છે આવું સાંભળી શાવળીગાએ દાશીને ભણાવીને પોતાના શણુગાર પહેરાવી દીધા ગોરે પણ લાલચને મારે લાકડું માકડું જડી દીધું અને વીધી પ્રમાણે પરણાવ્યાં, હવે શાવળીંગા તે દાશીના શણુગાર પહેરીને જાનીવાશે ગઈ ને પૈસાબનું નામ દઇ ઓરડામાં એકાંત ખાળે દાશીને લઇ ગઈ ત્યાં પોતાનો પોશાક અદલબદલ કરી દીધો ને દાશીને કાહાડી મુકીને પોતે શેઠની પાશે ગઈ જતાંજ શેઠની આંખો અંજાઇ ગઇ ને તેજ સ્થંભ ત્યાંથી પ્રગટયો દીવસે વીજળી તો હોયજ નહી એમ ધારી ભયભીત થાય તો પછી તો ધીરે ધીરે જોયું તો શાવળીંગા ઓળખાઇ એટલે રાતરે આશ્ચર્યથી પોતાના પલંગમાં બેસારી વાતચીત કરતાં શેઠનું મન વીવહળ થઇ ગયું છે તેથી કહેછે કે હે સ્ત્રી હવે આપણે સુઇ જઇએ કારણ રાત ગઇ ત્યારે બોલી. **દોહરો.**—મેરે માનીતી માનતારે, મને મળશે રૂપાશા કંથ; પ્રથમ પૂજીશ મહાદેવનેરે, આવી સ્થળ એકાંત. આવું સાંભળી રૂપાશા શેઠ બહુ ખુશી થયા ને બોલ્યા કે તેં બહુ માથાકુટ કરી દેખાય છે પણ બળ્યું આવી તે બાધા રાખતાં હઇશું આટલી રાતે એકલાં કેમ જવાય બીક ન લાગે શાવળીંગા મહાદેવના મંદીરમાં જઇને ઉભી રાત અંધારી ઘોર છે નાના વીધના પ્રાણીઓથી ચોપાસ ભય ઉત્પન્ન થાય છે જાણે આમથી આવશે કે આમથી તેમાં વળી દેરાનાં કમાડ વાશેલાં છે માટે શાવળીંગા કહેછે હે રાજા આ ઝાડના પાંદડાં ખડ ખડ થાય છે ને મને બીક લાગે છે હમણે મારૂ કાળજુ ફાટી જશે માટે ઝટપટ કમાડ ઉઘાડો તોય સદેવંત બોધતો નથી ત્યારે ફરી બોલી શાવળીંગાએ જાણ્યું કે રાજા જો હોયતો મારો સાદ સાંભળી બોલ્યા વીના રહેજ નહી તેમ રાજા વચન આપીને આવ્યા સીવાય રહે નહી માટે કાછોટો વાળી દેરા ઉપર ચડી શીખર ઉતારી માંય પેઠી ને જુવે તો દીવા બળેછે ને રાજા ભર ઊંઘમાં સુતા છે ને પોપટ પણ પાંજરામાં છે શાવળીંગાએ ઘણા સાદ દીધા તથા બાઝી બાઝીને તેને ઘણો હલાવ્યો પણ કોઈ બોલતું નથી ત્યારે માથુ કુટીને કલપાંત કરતી હાથવડે માથાના વાળ ઉખેડે છે ને છેવટ મરવાતો વીચાર કર્યો આટલું જોયું ત્યારે પોપટની ખાત્રી થઇ કે એનો પ્યાર સંપુરણ છે ત્યારે પોપટ શાવ-

ળીંગાને કહેછે અરે શાવળીંગા તું શીદ મરે છે. સદેવંતને કેફ ચડી છે તેથી બોલતો નથી તે સાંભળી શાવળીંગા કહેછે હે પોપટ સદેવંત જાગે તો કહેજે કે એ તો આવીને ગઈ ત્યારે પોપટ કહે જે તું સદેવંતને હાથે ઘાવ લખી જા એટલે તેમની પકી પ્રતીત થશે પછી શાવળીંગાએ સદેવંતના હાથમાં ઘાવ લખવા માંડ્યા. **દોહરો.**—નાકવેસરની કીધી લેખણી ને વળી શાહી તંબોળની સાર ઘાવ હાથેલીમાં લખીયાને વળી સારા સારારે સમાચાર પુરૂષ લટકતી પાઘડીને વળી ઠેને થાણો થાય એની સમજણ લો સદેવંતારે, તો પગ ના ધરશો બહાર ડોશી મળે દરબારમાંને વળી બેરો મળશેરે બજાર; એની સમજણ લો સદેવંતારે, તો પગ ના ધરશો બહાર, આંટાકુટાને ઘા ઘડારે, રાજા છુટે કેશે જોને નાર; વણ ટીલે વીપ્ર મળેતો, રાજા પગ ન દઈએ બહાર ધરડાભરટોને સાંઠીઓને વળી ટપલાકુટ કુંભાર; એની સમજણ લો સદેવંતારે તો પગ ન દેજો બહાર કુંભ ઘડાને કાગરારે, વળી આશારે બાંધી નાર એની સમજણ લો સદેવંતારે તો પગ ન ધરજો બહાર, વાંકડી મુછોને માંજરોને, જેને લઈએ તે ન હોય વાળ એવે શુકને આવશોતો, રાજા નીશ્ચે ખુટશે કાળ, ડાબા જમણી તેતર બોલેને, વળી રાજા આડી ઉતરે મંજાર એવે શુકને નવ આવજોરે, રાજા પગ ન ધરશો બહાર છાણે પહાણેને ટકરે ને વળી સુને રાજદરબાર સુકે લાકડે સરોવરે, તમને ઘાતક લોહી નીરધાર હે રાજા એવા શુકન જોઇને ન આવશો પછી પોપટ કહે એ કરતાં સારા સુકન લખ કે તે જોઇને આવે પછી સારા સુકન લખે છે. **દોહરો.**—કોરે ઘડે કુંવરકા જેને ખોળે અખાણ જવજનર એવા શુકને તમે આવશો તો મળશે શાવળીંગા નાર કુંભ કરેલા ચીબરાને વળી હનમંતને હરણા જાતા તે જમણા ભલાં તે વળી વળતા ડાબા જાણાં છીંક ડાબી ઘા જમણીને વળ મહુ શાદુરે જાય એવે શુકને જો ચાલીએ તો સેજે મેળાવો જોને થાય તરૂવર ઉપર તેતર લવે વળી ત્રણ ત્રણ શબ્દ કરે રેવંત ઘોડો હાંકજેરે તો સમુદ્ર પાર ઉતરે. **ચોપાઈ.**—સારા સારારે શુકન જોઈ વાલમ વહેલા આવજો; નાના મોટા સંગાથ ભેળા નવ લાવજો હવે પોપટ કહે કે કમાડ લખ પછી કમાડે લખે છે.

સોહલો—આંખ આંસુડાની ધાર કામન ઘાવ લખે કમાડ; જાબન માર આળેશ ક્યાં મેલી જાઓ પેઉ પરદેશ. **ચોપાઈ.**—આંખ આંસુડાની

ધાર અલબેલી ઉડીયાં સુતો સદેવંત રાય મઝા ણુવ સુડીયાં પ્રાંતાના પરીયાણ તે તો અમે જાણીયાં આલીછે રાણીજીની રીત, તે કેમ વેદાજે વાણીઆ સુણ સદેવંતરાય, અમલ કરેયાં આકરે, હું છુ બાળ કુમાર જાઉંશું સાસરે આવી તરેહથી શાવળીંગા બોલી એટલે મંડપની બતરીસ પુતળીઓએ દાંત કહાડ્યા ને શાવળીંગા પુતળીઓને કહેછે પૂતળીઓ કહે તારી બેન થઈને સદેવંતની સાળી થઈને સાખ કોણ પુરે ત્યારે શાવળીંગા ગરજની મારી કહેછે.

દોહરો.—સુણ થંભાને સુણ થાંભલીને સુણ બતરીશે પુતરીયાં સદેવંત જાગે સાખ પૂરજો મારી સગીરે નણુદલીયા જાવળીંગા ધાવ લખી રહીને જતી વખત મનને કહેછે. **દોહરો.**—તો વણીક બોળાવીને મગી કાંનો બહુ છે સોય પરનારી શુ પ્રીતડી તમે કદીએ ન કરશો કોય. **ચોપાઇ.**—ભુલ ન કરશો કોય પરનારીશું પ્રીતડી, લઇ ગઇ જોને તેહ રાણીજીની રીતડી પ્રીતના પરમાણ, તે તો મે જાણી કડવા કીધા રાજન વહાલા પ્રાંત્ર વાણીયા આવી રીતે ક્રોધ કરીને રાજા બોલ્યો તેવામાં પોપટ કહેછે હે રાજન તમને કાંઇ ખબર તો છે નહીં ને હાલો ક્રોધ શીદ કરો છો તો તમારી પાસે આવીને તમને જગાડવા માંડ્યા પણ તમો જાગ્યા નહી ત્યારે ધાવ લખીને ગઇ ત્યારે રાજા પોપટને કહે જે તે મને કેમ ન જગાડ્યો માટે તને મારી નાંખીશ એવું સાંભળી પોપટ કહે જે હે રાજા નાહક શીદ મારોછો ને મને છુટો મુકો હું મારે ગમે ત્યાં જઇશ એમ કહેવાથી પોપટને રાજાએ છુટો મુક્યો તેથી તે ઉડીને જતો રહ્યો પછી ઉદાશ થઇને પોતાને ઘેર આવીને એક ઘોડો લેવા સારૂ ઘોડારમાં ગયા તે વેળા રાણીએ દીઠા એટલે તે કહેવા લાગી કે હે રાજા શાવળીંગાએ તમને ગાંડાતુર બનાવી દીધા છે તે હુ જાણુછું પણ વીચાર તો કરો કે મારા જેવી રાણી છતાં તમો એક વાણીઆની છોકરીમાં શું વધારે દીઠુ તે ભુત જેવા બની ગયા છો ત્યારે રાજા કહે છે હે સ્ત્રી શાવળીંગા બરાબર બીજી કોઈ દુનીયામાં નથી ને તુંતો એક એની દાશી બરાબર છું એવું સાંભળીને રાણીને રીસ ચડી તે કહેછે કે શાવળીંગા ઉપર આટલો બધો મોહ છે તો કેમ પેલા વાણીઆને લેઇ જવા દીધી રાજા ધીક્કાર છે કે તમારી શાવળીંગા ઘણી વહાલી હતી તેમ છતાં તેને લઇ જવા દીધી માટે તમને નાનમ છે એવી રીતના રાણીના મરમના બોલ સાંભળીને સદેવંતને ઘણો ક્રોધ ચડયો તેથી રાણીને

કહ્યું કે તું શું કરવા બડબડાટ કરે છે જોતો ખરી એને લાવીને પટરાણી કરૂ તોજ મારૂ નામ સદેવંત એટલુંજ કહીને પોતે તેજ વખતે એકલો ઘોડાપર સ્વાર થઇને ચાલી નીકળ્યો તે દરવાજે આવ્યો એટલે બારોટ શાવળીંગાને વળાવીને પાછો આવતો હતો તે સામો મળ્યો તેને સદેવંતે કહ્યું કે શાવળીંગાની શી ખબર છે બારોટ કહેછે એણે તો તમને મળવાને ઘણીવાર કરી પણ તમે આવ્યા નહીને હવે તો દશગાઉ પોકી હશે એવું સાંભળીને તેણે ઘોડો તાજીદથી ચલાવ્યો અને પાંચ ગાઉ ગયા એટલે ત્યાં ગોવાળીઓ રાજાને દેખી છે કે દોહરો.—

સાંજ સોનેરી ઘોડો જરકશી ને વલી અલબેલારે અસ્વાર ઉભા રહોરે મારા હાકમ, તો કઉ શાવળીંગાના સમાચાર તે મને અહીં બેસારીને ગઇછે ને કીધુ છે કે રાજા આવે તો કહેજે કે શાવળીંગા તમારી વાટજોઇ હમણેજ ગઇ. આવું સાંભળીને રાજા ચાલતો હતો એવામાં રાત પડી તેથી રસ્તામાં એક દેવળમાં જઇ ઘોડો બાંધીને ભુખ્યો તરસ્યો સુઇ રહયો હવે શાવળીંગાની પાસેથી માલણ ગઇ ને શાવળીંગા એકલી બેઠી છે એવામાં શેઠ દુકાનથી આવ્યા ને કહેછે કાચા રંગ મોલમાં સુઇ રહીએ શાવળીંગા કહે કે હાલમારે નીમ છે પીઅરથી આવતાં માનતા માની છે કે ખેમ ખુશળ સાસરે પોચીશ તો સાત દીવસ સુધી એકાંત સુઇ રહીશ એવું સાંભળીને શેઠ તો ખુશી થયા કે મારી સ્ત્રી મહા ચતુર છે એમ વીચારીને પોતેતો ઓરડાની બહાર છુટા હોલમાં ભોંય સુતા છે એવામાં મધરાતે શાવળીંગા ઉદાસ થઇ કે છે, સદેવંત તારે માટે આ જો પલંગ તજુ છું એવી રીતે સોચ કરતાં સવાર થયું એટલે શાવળીંગાની દાશી અને ગામના રાજાની કુવરીની દાશી બંનેને દોસ્તી હતી તેથી તે રોજ નદીએ નહાવા જાય છે. હવે એ દીવસે તે નહાવા ગઇ છે, અહીંઆ સદેવંત પણ તેજ નદી ઉપર આવી પાણી પીવા બેઠો પણ પોતાની પાસે વાસણ નથી અને ખોબેથી પીએતો હાથેળીમાં લખેલા ધા ધોવાઇ જાય સાટે જાનવરની પેઠે મોઢેથી પાણી પીધું તે જોઇને શાવળીંગાની દાશી કંકાવતી કુવરીની દાશીને કહેજે બેન આ કોક મોડે પાણી પીએ છે તે ગાંડા જેવો હશે કે શું ? તે સાંભળીને કુંવરીની દાશી હોંશીઆર છે તે કહે જે એ કોઇ કામી પુરૂષ છે હાથે ધાવ લખેલા છે એતો કોઇ મોટો માણસ છે. જેવો તેવો નથી એમ કહીને બંને જણીયો ઘર ભણી ચાલીને કંકાવતીની દાશીએ તેને ઘેર જઇને બાઇને કહ્યું કે તમે ઇચ્છાવર વર-

ગા ધારો છો માટે મનખો સફળ કરવો હોય તો તમારા લાયક વર નદી કીનારે આવ્યો છે હવે શાવળીંગાની દાશીએ પણ બધી વાત શાવળીંગાને કહી તે સાંભળી શાવળીંગા વીચાર કરવા લાગી કે નકકી સદેવંત કૂવર આવ્યા હશે માટે માલણ આવે તે ખબર કઢાવું એવો વીચાર કરેછે. અને કનકાવતી પોતાની દાશીને તથા કેટલીક સખીગોને લેઇને તે નદી ઉપર ગઈ ત્યાં સદેવંતને બોલાવવાને ખુબ નખરાં કરે છે પણ સદેવંત તેના ઉપર કાંઈ ધ્યાન રાખતો નથી તો પણ કનકાવતીએ બોલાવવા સારૂ પોતાના મોતીનો હાંર તોડીને મોતી લઈ કાગડા ઉડાડવા લાગીને ચીરમાં કાંકરા ભરીને પછાડે છે વળી નખ વતે ઠીંપે ઘડો ભરવા લાગી, પણ સદેવંત તેના સામુ જોતો નથી ત્યારે કનકાવતી બોલી:

દોહરો.—નખવતે ઘડો મેં ભર્યોને, વળી મોતીએ ઉડાડ્યા જોને કાગ, કાંકરે ચીર ફુટી પાડીયુંરે વળી તોએ ન બોલ્યો ઠગ એ રીતે તેવું બોલવું સાંભળીને કુંવરે વીચારયું કે મને ઠગ કહયો માટે ઉતર આપું. **દોહરો.**—નથીરે શેહેર ગોરી માહરૂને, કાંઈ નથીરે બોલ્યાનો લાગ; એવી વીમાસણ ના કરૂ તો, કદી નાવે વીજોગનો તાપ એ રીતનું સદેવંતનું બોલવું સાંભળીને કનકાવતી મોહીત થઇને ખુબ કામાતુર થઈ તે વખતે નીમ લીધેલો કે વરૂતો આને બીજા ભાઇને બાપ. સદેવંત કે જે સ્ત્રિ એ વાત કરીશ નહીં કેમકે તું રાજાની કુંવરીછે તે તને કોઇ નહી કહે પણ મારૂતો માથું જાય. અને સદેવંતનું વચન તે સાંભળીને કનકાવતી કે તમારા સામી કોઇ આંખ ઉચી કરેતો તેની આંખ ફોડાવું ને તમે મરોતો હું પણ જોડે મરૂ તે વારે કુંવર કહેછે તું કોણ હું કોણ ને તારી સાથે મારે કાંઇ કામ નથી ત્યારે કનકાવતી કહે રાજા મારા જેવી નહી મળે માટે હાથમાં આવેલો હીરો ખોશો નહી એવું સાંભળી સદેવંત કેહે તારા જેવીતો મારે ઘેર લુંડીયો છે એવી રીતે રાજા કે છે પણ કનકાવતી ધારેછે કે એનો ગમે તેમ બોલે પણ મારેતો સારૂ લગાડવું જોઇએ એમ ધારીને કેહેછે રાજા તમારી સ્ત્રિ થઈ ચુકીછું માટે તમે વરસો તો ઠીકછે નકર હું મરીશ એ રીતે કહીને કનકાવતી પેતે પોતાના મહેલમાં ગઈ. હવે શાવળીંગા માલણની વાટ જુએ છે એવામાં માલણ આવી તેને શાવળીંગા કહે જે મારા પ્રાણપ્રીય સદેવંત રાજા નદી ઉપર આવ્યા છે માટે તેમની પાસે ઘોડો છે તે તારે ઘેર ઉતારજે પછી બાવાનો વેશ લેવરાવી મહારા મહોલે મોકલજે જ્યારે હું તેમને જોઇશ ત્યારે અ

જ પાણી લેઇશ તેવારે માલણ પણ વખત જોઇને બોલી વાત તો ખરી પણ મને ખરચી પાણી, તે સાંભળી શાવળીંગાએ શેઠની પેટીમાંથી પચાશ મોહોરો કહાડીને આપી તે લઈ ખુશી થઇને માલણ કનકાવતીને મેહેલે ફુલ આપવા ગઇ તેને કનકાવતી કહે જે મારા લાયક જેવો જોઇએ તેવો વર નદીને કીનારે આવ્યો છે તેને તેડી લાવીને મારી સાથે પરણાશ, તો તારો ગુણ નહીં ભુલુ એમ કહી એક હજાર રૂપિઆનો દાગીનો માલણને આપ્યો તે લેઇ કહે કે બાઈ કાંઈ ફીકર રાખશો નહીં આજ હું તેજ કામ કરવાનીછું એમ કહી માલણ ઘેર આવી તેનો ધણી કહે રાંડ આટલી બધી વાર કેમ થઇ તેવારે માલણ પેલો અવેજ દેખાડ્યો એટલે માળીબાપ તો રાજી થઇ કહે જે હવે હું તને કદી કંઇ નહીં કહું ને હવે તારી નજરમાં આવેતો કાંઇ હઇયાનો ફુટ્યો અને ખીસાનો તર હોય તેની દોસ્તી કરીને આપણે ઘેર તેડી લાવજે પછી તેને ખાઇને બોખું કરીશું. માળીની એવી રજા મળી તેથી માલણ તો તેજ વખત બેડું લઇને નદી ઉપર આવીને સદેવંતને જોઈ નખરાં કરવા લાગી સદેવંત વીચારેછે આ બધું ગામ આવુંછે કે શું પણ જેના સારૂ આપણે અહીયાં આવ્યા છીએ તેના મેળાપ કેમ થાય. જો ઘોડો ના હોયતો હું એકલો ગામમાં ગમે ત્યાં ફરીને ખબર કહાડત એવી રીતનો વીચાર કરેછે એટલામાં માલણ પાસે આવી પુછેછે. **દોહરો.**—કીયારે દેશના તમે રાજવીને, વળી કિયારે તમારાં ગામ શારે કારણ તમે આવીયાંરે; વળી શું છે તમારે કામ. માલણનાં વચન સાંભળી સદેવંત કહે છે. **દોહરો.**—નથીરે અમે રાજવીને, વળી છેટે અમારાં ગામ, આવ્યા છીએ પરદેશમાંરે, ભુંડી ચાકર રહ્યાનું કામ, તે સાંભળી માલણ કહેછે.

દોહરો.—ચાકર જોગ નથી સાહીબાને વળી સો સો નોકર તમ ઘર હો આવ્યા છો કુળવંતીને કારણેને વળી અસત્ય વચન શુ કહો આવાં માળણનાં વચન સાંભળી સદેવંતને ખાત્રી થઇ કે નક્કી એણે મોકલેલી પણ એનુ નામ એની પાસે દેવરાવવુ પેહેલુ કહીશતો પછી એ નહી હોય ત્યારે ફજેતી થશે માટે તેનેજ પુછુ એમ કહી કહેછે. **સોહલો.**—કોણ નગરમાં રાજા રાજ કરે અને કોની દવાઇ ફરે તારા શહેરમાં સુખીઆ કોણ કોણછે તે વાત મુજ આગળ કહે માલણ સદેવંતનું કહેવું સાંભળીને કહે છે. **સોહલો.**—રાજા વીરભદ્ર રાજ કરે. પૃથુરાજની દવાઇ ફરે; એક દુખીયારી રૂપાસાની નાર તેના ત-

મે લાગો છો અણસાર. આવાં માણસનાં વચન સાંભળી સદેવંત હશી પડયો ને કહુછે હવે તું મને તારે ઘેર લેઇ જા. પ્રથમ તો મારા મનમાં એવું આવ્યું હતું કે હમણાં એક આવીતી તેવીજ તું હઇશ પણ હવેથી તને મારી બેન ગણીશ

સોહલો.—તુંને આજથી મારી બેહેન ગણું, ને તારા સાસરીઆમાં વડાઇજ કરૂ, નવું પહેરાવું દક્ષણનુ ચીર, કરીલે મને વાલેશરી વીર. માલણ સદેવંતને કહેછે મારે તો ચીર જોઇતું નથી પણ એક વચન આપો ત્યારે સદેવંતે વચન આપ્યું માલણ કહેકે જે હમણાં સ્ત્રિ આવી હતી તેને તમારે પરણવી પડશે: સદેવંત કહે એ વાત કરવી નહી. માલણ કહે ત્યારે સાચાબોલા નથી. સદેવંત કહે એક વખત મને શાવળીંગા મળેતો પછી એને પરણીશ માલણ કહે તમે ગમે ત્યારે પરણજો પણ એને પરણશો તો તમારૂં કામ થશે કેમકે એ રાજાની કુંવરી છે તમે તેની સાથે જશો તોજ શાવળીંગા મળશે નહી તો મારાજ તમારી ને શાવળીંગાની વલે કરશે પછી માલણ સદેવંતને લેઇ પોતે અગાડીને રાજા પછાડી એવી રીતે ઘેર આવે છે ત્યારે પોતાના લોકો સદેવંતને પુછેછે કે ભાઇ તમે કોણછો ત્યારે સદેવંત તેમને જવાબ દેતો નથી. કનકાવતી પીતાની પાસે જઇ કહેછે કે પીતા જે હુ જળદેવતીને ઇચ્છાવર વરવાને રોજ ગાગર બેડીયા પુજતી હતી તેથી મને મારી મરજી પ્રમાણે વર મળ્યો છે વીરમદે રાજા કહેછે કે કોણ છે કનકાવતી કે રાજા શાળીવાહનનો કુંવર સદેવંત આપણા નગરમાં આવ્યો છે રાજા કહે અહીંયાં તેને એકલો આવવાનુ શુ કારણ છે તેના શેરમાં નગરશેઠની કુંવરી શાવળીંગા કરીને આપણા ગામના રૂપાશેઠ પરણીને લાવ્યા કહેછે પણ તે પરણી નથી કેમકે તે કુંવારી હતી તે વખતથી સદેવંતને વરી ચૂકી હતી તેથી કપટથી એક દાશી સાથે પરણાવ્યો હતો પણ ત્યાર પછી સદેવંતને તેને મેળાપ થયો નહી તેથી તેને રૂપાસા અહીં લાવ્યા હતા પણ હાલમાં તે સદેવંત પાસે આવી છે ને આપણા મહેલમાં તેમને મેં બેસારયા છે. માટે મને પણ તેમની સાથે પરણાવો હું પણ મનની સાથે સદેવંતને વરી ચૂકી છું પછી રાજાએ તે વાત કબુલ કરી પણ શાવળીંગા પરણી નથી તે વાતની ખાતરી કરવાને રૂપાશેઠને બોલાવીને પુછ્યું ત્યારે તો કહે જે હું પરણ્યો છું શાવળીંગા દાશીને ના પરણ્યો હોય તો દેવજી ગોરને બોલાવો ને પુછો તે બધુ કહેશે પછી રાજાએ શેઠને કહ્યું કે કેમ કરવું છે શેઠે વીચારીયુ કે જે

નું દીલ મારા ઊપર બીલકુલ નથી તેમ છતાં ઘેર આવવાની નથી ને જબરજ-સ્તીથી તેડી જઈશ તો આખર મોતની નીશાની છે જોને એક વારતો કેફ ખવ-રાવીને ગઈ ને બીજે દહાડે માલમ પડી માટે જવાદે વળી બીજી પરણીશું એ-મ ધારી શેઠ કહે એની ખુશીમાં આવે તેમ કરે તેમાં મારી કાંઇ અડચણ નથી એમ કહેવાથી રાજા એ જાણ્યું કે આ કુંવરીજ છે પછી રાજાએ પોતાની કન કાવતી કુંવરીને તથા શાવળીંગા બંનેને મોટો ઓછવ કરીને પરણાવી પછી રાજાએ એક મેલ તેમને રહેવા સારૂ જુદોઆપ્યો ને માંહે બંને સ્ત્રીઓની સાથે સદેવંત ખુબ રંગભોગ કરતાં કેટલાએક દીવસ થયા પછી શાવળીંગા કહે છે સ્વામી હવે આપણે હવે તો આપણા શેહેરમાં જઈએ તો ઠીક એવું સાંભળી સ-દેવંત રાજા વીરમદેની પાસે રજા માગી કે હવે અમને અમારે દેશ વીદાય કર પછી રાજાએ તેમને ઘોડા હસ્તી ગાડીઓ વીગેરે કેટલુંક ધન આપીને વીદાય ક-રયા. હવે જે જાચક તથા ભાટ વગેરે જે લોકો દાન લેવા આવ્યા હતા તે લો-કોએ દોહરાને છપ્પા વગેરે ગાઇ સંભળાવી સદેવંતને ખુશી કરયા તેથી સદે-વંતે તેમને રૂપાઆ ખુબ વગેરે દાન આપ્યું પછી પોતાને ઘેર જવાને તેણે ર-થ ચાલતો કરયો તેમાં બે સ્ત્રીયો કનકાવતીને શાવળીંગા તથા સદેવંત એ ત્ર-ણે એક રથમાં બેઠા અને બીજા સ્વારો હાથી ઘોડા તથા ગાડીઓમાં બેશીને ત્રીજે દીવશે સદેવંત પોતાના બાપના ગામની ભાગોળે આવીને પોતાના બાપ-ને સરવે હકીકત સાથે ખબર કહાવી, પછીં થોડે ગુસ્સે થઇ વીચાર કરયો કે મારે એકજ કુંવર છે માટે તેની મરજી પ્રમાણે ચાલવું એમ ધારી પોતે સદે-વંતના સામા ગયા તે પોતાને મહેલે તેડી લાવીને સદેવંતની માતાએ બે સ્ત્રીયોને તથા સદેવંતને હરખભેર પોંખી લીધાં **ચોપાઇ.**—ઢોટી વાગ્યાં ઢોલ, શેર પોતાને આવીઆ આવ્યાં મહેલની માંય મોતીડે વધાવીયા ગરીબ ગરબાના કા-પ દુખ સરવેના કાપીયાં સરવે રાણી શીર મોડ, શાવળીંગા પાટોધર થાપીયો થડ થડ થડકે કોય, કવીશ્વર કહી ગયા શાખાબંધી શાલીવાન નામે તોઅમર રહી ગયાં

દોહરો.

અષ્ટ જન્મની વાત આ, વાંચો સ્નેહ સહીત;
પણ સુનીતીને વશ રહે, તે પુરો પંડીત.

સમાપ્ત.